# અંતરનો અનુરાગ

## (ભજનો)




## - યોગેશ્વર

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual, Non-Profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

* * *



E-Book
Title : Antar No Anurag
Language : Gujarati
Version : 1.0
Pages : 190
Created : May 01st, 2015.

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version (ISBN : 9788190990554). However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## વંદન



શ્રી યોગેશ્વરજી એક અભિનવ શૈલીથી સંપન્ન સરસ સાહિત્યકાર હોવા છતાં એમના સાહિત્યસર્જનથી અને એના દ્વારા એમણે કરેલી સેવાની પ્રાણવાન પ્રવૃત્તિથી કેટલાક સાહિત્યકારો તથા વિવેચકો સુપરિચિત નથી એ એક હકીકત છે. શ્રી યોગેશ્વરજી કેવળ સંત, મહાત્મા, યોગી અથવા ઉત્તમ પ્રવચનકાર જ નથી પરંતુ સમર્થ લેખક કે સાહિત્યકાર પણ છે. એમણે ગરવી ગુજરાતી ભાષામાં ૮૦ જેટલા પુસ્તકોનું પ્રદાન કરીને પોતાનું અનોખું, આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એ પ્રદાન વૈવિધ્યવાળું છે.

'ગાંધી ગૌરવ', 'કૃષ્ણ રુક્મિણી', 'રામાયણદર્શન' એમની વિશાળ કાવ્યકૃતિઓ.

'બિન્દુ' બાળકાવ્યોનો સંગ્રહ.

'હિમાલય અમારો' દેશપ્રેમનાં ગીતો.

'દ્યુતિ', 'અભીપ્સા', 'પ્રસાદ', 'તર્પણ' કાવ્યસંગ્રહો.

'અનંતસૂર', 'સનાતન સંગીત', 'ફૂલવાડી', 'અક્ષત', 'પરિમલ' એમની અછાંદસ કૃતિઓ.

'આલાપ', 'આરતી', 'પ્રસાદ', 'સાંઈસંગીત' ભજનસંગ્રહો.

'રસેશ્વરી', 'ઉત્તરપથ', 'સમર્પણ', 'આગ', 'પરીક્ષિત' જેવી પંદરેક નવલકથાઓ.

'રોશની' નવલિકા સંગ્રહ.

'પ્રકાશના પંથે' નામક આત્મકથા.

'હિમાલયના પત્રો'. પત્રસાહિત્યની પરમપ્રેરક કૃતિ.

'ગીતાદર્શન', 'ઉપનિષદનું અમૃત', 'યોગદર્શન', 'પ્રેમભક્તિની પગદંડી', 'ચંડીપાઠ', 'સાધના', 'યોગમીમાંસા', 'રામકથામૃત', 'ગીતાસંદેશ', 'ગીતાતત્વવિચાર', 'આરાધના' જેવા ચિંતનગ્રંથો.

'બ્રહ્મસૂત્ર', 'ભાગવત', 'મહાભારતના મોતી' મહાગ્રંથો.

'તીર્થયાત્રા', 'કળીમાંથી ફૂલ' જેવા પ્રવાસ પુસ્તકો.

'સંત સમાગમ', 'સત્સંગ', 'ધર્મનો સાક્ષાત્કાર', 'ધર્મનો મર્મ', 'ઈશ્વરદર્શન', 'અધ્યાત્મનો અર્ક', 'પરબનાં પાણી', 'ધૂપસુગંધ' જેવાં રેખાચિત્રો તથા પ્રશ્નોત્તરી ગ્રંથો.

એકત્રીસ વાર છપાઈ ગયેલી (બે લાખ પ્રત) 'સરળ ગીતા'.

'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં', 'હિમગિરિમાં યોગી', 'રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં', એમના અંગ્રેજી પુસ્તકોના અનુવાદો.

એમનો સુંદર, સુવિખ્યાત ચરિત્રગ્રંથ 'ભગવાન રમણ મહર્ષિ'.

એ ઉપરાંત એમની પદ્યાનુવાદની કૃતિ 'રામચરિતમાનસ'. સંત શિરોમણી તુલસીદાસ રચિત રામચરિતમાનસનો એ પદ્યાનુવાદ ગ્રંથ ગુજરાતીભાષી પ્રજાને માટે અસાધારણ આશીર્વાદરૂપ ઠર્યો છે. એમાં એમણે રજૂ કરેલી રામાયણ નોંધ એમની તટસ્થ, મૌલિક, ચિંતનશક્તિની પ્રતીતિ કરાવે છે. એ મહાગ્રંથ દ્વારા એમણે ગુજરાતી સાહિત્યની શકવર્તી સર્વોત્તમ સેવા કરી લેખાશે.

શ્રી યોગેશ્વરજીની સાહિત્યસાધના દિનપ્રતિદિન અખંડ રીતે ચાલતી રહી છે. એમની સાહિત્યસરિતા અસંખ્યને માટે આશીર્વાદરૂપ ઠરે છે. નિરક્ષીર વિવેકવાળા, પૂર્વગ્રહમુક્ત, તટસ્થ વિવેચકોએ એનો આસ્વાદ લેવાની અને જનસમૂહને પરિચય કરાવવાની આવશ્યકતા છે.

હિન્દી, અંગ્રેજીમાં પણ એમનાં પુસ્તકો પ્રકાશન પામ્યાં છે.

એ ઋષિ સાહિત્યસર્જકને વંદન.

**- મા સર્વેશ્વરી**

* * *

## કૃતિ પરિચય

શ્રી યોગેશ્વર જેવા મહાત્માઓ 'પરમાત્મા' એ એક જ શબ્દને પોતાના મન-વચન-કર્મમાં પલટાવવા ઉત્સુક હોય છે એટલે કવિ હોવાનો ગર્વ એમનામાં કદિ પાંગરતો નથી. તેથી એમની રચનાઓને કાવ્યત્વની દૃષ્ટિએ નહિ પણ એમની સળંગ સાધનાના પ્રક્રિયારૂપે, આત્મઓળખ કે પરમાત્માદર્શનની અદમ્ય ઝંખનાના આવિષ્કારરૂપે નિહાળવી ઘટે.

ઈ.સ. ૧૯૫૪ માં રચાયેલો 'અંતરનો અનુરાગ' કાવ્યસંગ્રહ શ્રી યોગેશ્વરનો શબ્દદીપ નહિ, અંતરદીપ છે. જેમાં ૧૬૫ રચનાઓ પ્રભુદર્શનની પ્રબળ ઝંખનાથી ઝળહળે છે. અહીં પ્રભુવિરહ છે. વ્યાકુળતા-વિહ્વળતા-આતુરતા છે. બદલાતી પ્રત્યેક મોસમમાં, સતત ફરતા રહેતા કાળચક્રમાં એકધારો, સ્થિર પ્રભુપ્રેમ એમના અંતરસ્થ સ્થાયી ભાવનો પર્યાય છે.

કાવ્યરચનાના શીર્ષક 'અંતરનો અનુરાગ' વર્ણાનુપ્રાસ તો પણ મનોહર છે જ, એનો અર્થ-મર્મ એટલો જ આકર્ષક છે. અહીં અનુરાગ છે, દેહ-મનની ગલીઓમાં અટવાયેલો નહિ, અંતરમાં પ્રતિષ્ઠિત થયેલો, અંતરમાંથી જ આવિર્ભૂત થયેલો, જે કેવળ પ્રભુપ્રાપ્તિના એકમાત્ર લક્ષ્યથી પ્રેરિત છે. એટલે એને અનુરૂપ ભાવવાહી-અર્થવાહી ભાષા અનાયાસે સિદ્ધ થતી જાય છે. કવિશ્રીના અંતરાત્માનું ઓજસ એમાં સહેજે પ્રકટી રહે છે.

અંતરનો અનુરાગ નાં સર્વ કાવ્યોમાં શિરમોર કહી શકાય એવું કાવ્ય છે

*અંતરના અનુરાગ ભરેલાં*
*ગીત ગૌરવે બધાં મઢેલાં*
*સ્નેહ સુવાસે છેક છલેલાં*
*અર્પું છું તમને.*

શ્રી યોગેશ્વરનું પ્રભુવિરહિત અંતર પ્રત્યેક કાવ્યમાં પોતાની આગવી રીતે પ્રકટતું જાય છે, જેમ કે -

*દીપક છે પણ તેજ ન તેમાં સ્નેહ છતાં ના સાર*
*ફૂલમહીં ફોરમ ના લાગે, આંખ છતાં અંધાર.*

*

*મિલન વિના લેશ પડે ના ચેન,*
*આઠે પહોર ઉદાસીન અંતર, લાલ બનેલાં નેન.*

*

*મારા દિલમાં લાગી લ્હાય,*
*મને દર્શન ક્યારે થાય ?*

*

*મારે તમારો જ આધાર*
*અન્ય નથી કોઈયે મારૂં જગમાં જગદાધાર !*

*

ભક્તની અમીટ પ્રભુશ્રદ્ધાથી ઘણી રચનાઓ ઝળકી રહે છે. જેમ કે -

*કૃપાની વર્ષા થતાં કૈં યે અસંભવ ના*
*મૂર્ખ પણ જ્ઞાની બને ને મૂક જણ પણ ગાય*
*પંગુ પર્વત પર ચઢે ને અંધ એકલ જાય.*

*

*મુજ સમ કોઈ ના બડભાગી*
*તમારાં ચરણોનો અનુરાગી.*

*

અનન્ય આત્મશ્રદ્ધાના તેજે પણ ઘણી કાવ્યપંક્તિઓ મઢાઈ છે, જેમ કે -

*ધન્ય જેણે કરી લીધો એક તમને પ્રેમ,*
*કર્યું જેણે હૃદય નિર્મળ હોય જેવું હેમ.*

*

*દૃઢ કર્યો નિરધાર કૈંય કઠિન રહેશે ના*
*પીગળી પર્વત જશે સંકટ રહેશે ના.*

*

*ઊછળે ચારે પાસ તરંગ*
*તો યે ધ્યાન થાય ના ભંગ.*

*

પ્રભુવિરહી હૃદયની વિજ્ઞપ્તિઓ પણ અત્યંત હૃદયદ્રાવક છે, જેમ કે -

*અરજ છેક સાધારણ મારી ધ્યાન ધરો અવિનાશી*
*'પાગલ' પ્રેમીની પૃથ્વીમાં જોજો થાય ના હાંસી.*

*

*આપણો તો પૂરવ જનમનો પ્રેમ*
*તમે ભૂલી ગયાં છો કેમ ?*

*

*આજ તો કરશો નહિ નિરાશ*
*એવી છે અંતરની આશ.*

*

*નદી તેમ ઝરણાંનું જળ છે*

*તોય ન ચંચુ ભરે (ચાતક)*

*

બીલીપત્રની નવી જ વિભાવના પ્રગટ કરતી રચના અત્યંત હૃદયંગમ છે, જેમાં સૂક્ષ્મ સંવેદનનું લાવણ્ય છે

*ચઢાવું બીલીપત્ર ના હું*
*કોમળ પર્ણ કુસુમ કાં તોડું, સાજ સજાવું શું*
*જ્યાં પ્રકટ્યાં ત્યાં પૂજા કરતાં, બધે વિરાજે તું.*

અદમ્ય પ્રભુપ્રતીક્ષા શ્રી યોગેશ્વરને જાણે કવિશ્રી કાલિદાસ રચિત મેઘદૂતની અનુકૃતિ રચવા પ્રેરે છે જે 'અંતરનો અનુરાગ' કાવ્યસંગ્રહનું ઉચ્ચતમ શૃંગ છે

*વાદળ નભની પાર આજે જાઓ*
*સૂર્યચંદ્રની ગતિ છે ના જ્યાં*
*પવન પહોંચે ના પાવક ત્યાં*
*ધામ કહે છે એનું છે ત્યાં*
*શીઘ્ર જઈને ભાળ લગાવો.*

વાદળને પરમાત્માનું નામ-સરનામું શોધવા મોકલતો વિરહાતુર આત્માનો અનુનય કોઈ પણ ભાવકહૃદયને આર્દ્ર કરી દે તેવો છે.

*ભૂમિ હિમાલયની હરિયાળી, બેઠો બાલક ત્યાં રસ ધારી,*
*પ્રેમ તણો છે પ્યાસી એ તો દીધું સર્વ વિસારી.*

*

*દીપાવલી કેમ સજે ના સાજ કાવ્યના આરંભમાં -*

*ઘરે ઘરે દીપક છે પ્રકાશ્યા,*
*અનંત મંદિરમાં છે વિરાજ્યા*
*દેખાય તારાગણ છેક કાચા,*
*પ્રકાશને યે પ્રકટેલ વાચા*

જેવું મનોરમ, સુંદર વર્ણનચિત્ર આપ્યા પછી કાવ્યાન્તે -

*દીપાવલીથી વધુ તેજ ધારી*

*સુવાસ ને કાંતિ અનંત ન્યારી*
*લઈ પધારો મુજ પાસ પ્રેમે*
*કૃપા કરો આજ અવશ્ય કેમે*

એવી ભાવભરી વિનવણીથી મઢાયેલ નિમંત્રણપત્રિકા કવિશ્રી પ્રભુને પાઠવી રહે છે.

આમ, આ કાવ્યસંગ્રહનું એકએક કાવ્ય અનેરું ભાવપુષ્પ બનીને મહેંકે છે. પરિણામે એક યુવા ભક્તહૃદયમાં પ્રગટેલો પ્રભુપ્રેમનો આખો વાસંતી બાગ જાણે 'અંતરના અનુરાગ'માં મઘમઘતો અનુભવી શકાય છે. ભાવ-ભાષાનું સાયુજ્ય કાવ્યોની અભિવ્યક્તિને અસરકારક બનાવી રહે છે. પ્રભુદર્શનની પ્રબળ ઉત્કટતા ઉપસાવતી આ કાવ્યરચનાઓ શ્રી યોગેશ્વરની પ્રતિભાનો પ્રભાવક ઉન્મેષ છે.

**- તરલા દેસાઈ**

* * *

## અનુક્રમ


૧. તમે શો વરસાવો કેર !
૨. મારાં અંગ બધાંય ગળ્યાં !
૩. જો તમે ના સાંભળો તો
૪. આજે મંગલ થાય સવાર
૫. એવો શો અપરાધ થયો
૬. અંતરનો અનુરાગ થયો છે !
૭. અમાસની રાતે આસોની
૮. પધારો મંદિરે મારા
૯. આજ તો કરશો નહીં નિરાશ
૧૦. તમે તો ખૂબ લગાડી વાર !
૧૧. દીપાવલી કેમ સજે ના સાજ
૧૨. આજે નવું વરસ હો
૧૩. વર્ષ જાયે એક, એનું સ્થાન લે બીજું
૧૪. મારા દિવસો થાય પસાર
૧૫. મારા દિલમાં લાગી લ્હાય
૧૬. આપણો તો પૂરવ જનમનો પ્રેમ
૧૭. યમુનાસ્નાને મુક્તિ મળતી
૧૮. સદાયે સાથે રહો મહારી
૧૯. કૃપા કરી દો મારા ઉપર આજ
૨૦. પ્રથમવાર પ્રકટેલાં ત્યારે
૨૧. આજ મારે અંતરે આનંદ ના સમાય
૨૨. હૈયે હેત ભરી, અંગે તેજ ધરી
૨૩. દયાળુ દીનબંધુ ભગવાન !
૨૪. વિપત્તિ ઘણી હવે તો વરસી ચૂકી
૨૫. બધાને આનંદ છે મારે જ એક વ્યથા
૨૬. ભગવાન દયાળુ છે
૨૭. ભયંકર ખૂબ ખરે ભમરો
૨૮. મારો સંદેશો સાંભળતાં વાર
૨૯. હવે નથી રહેવાતું વિરહે
૩૦. આજે આશા ફળજો મારી
૩૧. હવે તો દયા કરીને આજ
૩૨. ખરાખરીનો ખેલ, આ તો
૩૩. ચંચળ મનને કેમ કરે છે ?
૩૪. મારાં સૂનાં છે ઘરબ્હાર
૩૫. અનુરાગ આપણો અમર હજો !
૩૬. હે, દેવ ભરત ભગવાન !
૩૭. ક્યારે દર્શન થાય તે તમારું !
૩૮. વાદળ, નભની પાર
૩૯. પરોપકારસમું પૃથ્વીમાં ઉત્તમ કૈંયે ના
૪૦. તારી આશ કદી ન મરે
૪૧. આજની રાત અનેરી હો !
૪૨. કલ્યાણની ખરેખર વર્ષા હવે કરી દો
૪૩. આજ વિરહની વ્યથા શમાવો !
૪૪. કૃપાની વર્ષા થતાં કૈંયે અસંભવ ના
૪૫. આજે આંખ ફરકતી મારી
૪૬. અંતરના અનુરાગ ભરેલાં
૪૭. આજે સિદ્ધિનો દિન હો !
૪૮. તલસી ચૂક્યો ઘણુંયે તલસાવશો ના
૪૯. ધન્ય જેણે કરી લીધો એક તમને પ્રેમ
૫૦. આજ અંતિમ દિવસ મારો ભરતમંદિરમાં
૫૧. શુક્રવારની રાત
૫૨. ક્યારે પૂરણ કરશો આશ ?
૫૩. મારી આશા અમર હજો !
૫૪. કરો ના કેમ મને પણ પ્રેમ ?
૫૫. ગજું મારું કેટલું તપ તીવ્ર તપવાનું
૫૬. શાંત ચિત્ત કરી, કરી લો વિચાર જરી
૫૭. કાળનું ચક્ર નિરંતર ફરે
૫૮. નિરખવાની મધુર મુખને લગન મુજને
૫૯. સૌ સાધનનો સાર પ્રેમ છે
૬૦. મને તમે કેમ વિસાર્યો છે ?
૬૧. વીતી ગયો દિવસ વધુ એક
૬૨. મધુર મુખ જોવા મને મળે
૬૩. હૃદયનો કેમ બતાવું પ્રેમ ?




૬૪. તમારે ગમે તેમ કરી મને તો
૬૫. પધારશો આ વખતે તો મારી પાસ
૬૬. આજ તો પૂનમ મહા મનાય
૬૭. પ્રેમની પૂનમ બની આજે તમે પ્રકટો
૬૮. અતિ નથી અભિમાન સારું
૬૯. મારે તમારો જ આધાર
૭૦. પૂનમની શોભાનું વર્ણન શેં કરું ?
૭૧. આજની આ પૂર્ણિમા
૭૨. દર્શન દુર્લભ કેમ થયું ?
૭૩. બાલ તમારો તપતો બેઠો
૭૪. મુજ સમ કોઈ ના બડભાગી
૭૫. શાંત ચિત્ત કરી જરીક, કરી જુઓ યાદ
૭૬. આજ તો પ્રભાતથી હું આશ કરીને
૭૭. શાંત રાતે રાતરાણી મઘમઘે જ્યારે
૭૮. અંગ છે ઉપવાસથી આ ખૂબ કૃશ થયું
૭૯. આજે તો સંગમ થાય ખરો !
૮૦. દિલને લાગી લગન ગઈ !
૮૧. કોલ તમારો સત્ય કરી દો !
૮૨. ચલાવો છો જેમ, તેમ હંમેશ હું ચાલું !
૮૩. હૃદય છે રાગ થકી ભરપૂર
૮૪. દિન છે અમુલખ આ એકેક
૮૫. સુંદર સ્વરૂપ જોઈ મનડું ગયું વારી
૮૬. જે તમારો જ બાલક છે તેને
૮૭. સાચો સંત કહાઉં કેમ ?
૮૮. આવી પાસે છેક તમારી
૮૯. અણીને વખતે તમે આજે પધારો નાથ !
૯૦. મુજને શાંતિ ન કેમે થાય !
૯૧. અંતરે આનંદ નહીં માય
૯૨. આ વખતે તો કૃપા તમારી મારા ઉપર
૯૩. દર્શન કેમ મને ના થાય ?
૯૪. તમારે જ હાથે ખવડાવો પ્રેમપ્રસાદ મને
૯૫. તમારી સાથે જ જગમાં જે કરી લે પ્રીત
૯૬. પ્રાણે પ્રકટેલો પ્રેમ
૯૭. મારી અરજ લક્ષમાં લો
૯૮. કૃપાકટાક્ષ કરો, એક બસ કૃપાકટાક્ષ કરો
૯૯. મારા દિવસો થાય પસાર
૧૦૦. અરજને ધ્યાન ધરી જો ધારો
૧૦૧. ગીતોની ગંગાજમનાને વિશ્વમાં વહાવું
૧૦૨. આજ તો વાર્તાલાપ કર્યો !
૧૦૩. આ વખતે તો ભલે પધારો કરવા કૃપા
૧૦૪. કૃપાનો થાયે જયજયકાર !
૧૦૫. મારી સંભાળ તમે લો
૧૦૬. આજ તો આનંદ નહીં માય !
૧૦૭. આજની હો રઢિયાળી રાત !
૧૦૮. ગણીગાંઠી પળ હવે તો રહી છે બાકી
૧૦૯. પ્રેમથી બંધાઉં, કેવલ પ્રેમથી બંધાઉં !
૧૧૦. મુજને મુખ મધુર મળે ક્યારે !
૧૧૧. તમારું શરણ લીધું તોય ચિંતા ના મટી
૧૧૨. મન ના સમજાવ્યું સમજે !
૧૧૩. મનોરથ પૂર્ણ નહીં શું કરો ?
૧૧૪. ભલે ગમે તે થાય, મારે દર્શન કરવું છે
૧૧૫. તમારી કૃપા જરૂર થશે
૧૧૬. રસ પણ નીરસ છેક જણાય
૧૧૭. હે વિરહના દિવસ સારા, હો પસાર તમે
૧૧૮. કૃપા કરીને દર્શન આપો
૧૧૯. મારા અગણિત છે અપરાધ
૧૨૦. મળવાનું મન થયું મને તો
૧૨૧. મંગલ જુઓ મુહૂર્ત કયું ?
૧૨૨. મને દો પ્રસન્ન વદન વિદાય !
૧૨૩. અરજ મારી આજે તો ધ્યાન ધરો !
૧૨૪. હવે તો પ્રત્યક્ષ થાઓ, કરું પૂજન તો
૧૨૫. મિલન વિના લેશ પડે ના ચેન
૧૨૬. મારી સંભાળ તમે લો
૧૨૭. વિરહ ના કરમાયે કદિ કાળ !
૧૨૮. મારી વ્હારે વેગે આવો !
૧૨૯. કોઈ શરણ મહારું લે
૧૩૦. ગાયક તમે કર્યો છે મુજને
૧૩૧. કહ્યો છે આ સંસાર અસાર
૧૩૨. પંથ વચગાળે જ જોજે ના પૂરો કરતો
૧૩૩. ઊંઘે માનવ સર્વ ભલે !

૧૩૪. નયનમાં નેહલ નેન મળે
૧૩૫. થાયે આશ નિરાશ ન મારી
૧૩૬. રોજ પ્રભાતે પ્રતીક્ષા કરું
૧૩૭. અંતર ધીરજ કેમ ધરે ?
૧૩૮. ખરેખર કર્મની ગતિ ન્યારી
૧૩૯. મારો સુણતાં પોકાર, પ્રેમે પધારજો !
૧૪૦. કેમ ના મારી તરફ જુઓ ?
૧૪૧. ચિત્ત ના ચરણોને ત્યાગે !
૧૪૨. છેક સાધારણ કહી છે વાત મેં તમને
૧૪૩. વિસર્યો ના વિસરાયે પ્રેમ
૧૪૪. પ્રેમપંથનો અંત ના આવે
૧૪૫. વહી વેગથી જાય
૧૪૬. મારું મનડું તમારામાં રમે !
૧૪૭. આપણો ક્યારે યોગ થશે ?
૧૪૮. જે તમને પ્રેમ કરે
૧૪૯. પ્રવાસી ધપજે ધીરજ ધરી !
૧૫૦. પંખી ઉડવા યત્ન કરે
૧૫૧. અરજ સુણો અવિનાશી
૧૫૨. આજે મંગલ દિવસ કહ્યો !
૧૫૩. જોજો લાજ તમારી જાય !
૧૫૪. ચાતક શાને ધ્યાન ધરે ?
૧૫૫. ઉછળે ચારે પાસ તરંગ !
૧૫૬. જોજે ધીરજનો ભંગ કદી થાય ના !
૧૫૭. જીવન છેક જ દુઃખભર્યું !
૧૫૮. કૃપા વિના ના તરે, માનવી
૧૫૯. જાય ના મનડું તમોને મૂકીને ક્યાંય
૧૬૦. એવરેસ્ટ થકી ઊંચા એકાકી શિખરે
૧૬૧. પૂજે પ્રાણ મારો પ્રેમ
૧૬૨. ચઢાવું બિલીપત્ર ના હું !
૧૬૩. મળવા માટે મનોરથ કર્યો
૧૬૪. તાજું ફુલ સુવાસિત એક
૧૬૫. આજે મારી પૂરણ આશ કરો



* * *

## ૧. તમે શો વરસાવો કેર !

તમે શો વરસાવો કેર !
કઠોર અંતર કેમ કર્યું છે, કેમ કરો છો કેર ?
... તમે.

બાલક છું હું છેક સુકોમળ, ભુલ્યાં કેમ ઉછેર ?
કષ્ટ ન દે બાલકને માતા, દર્દ કરી દો જેર
... તમે.

તમને મળવાની મરજી છે, અપરાધ ગણો તે ?
દંડ કારમો કરવા બેઠાં તેનો આજ તમે ?
દર્શનની ઈચ્છા શું બૂરી ? આવું શું અંધેર ?
શરણાગતને સંકટ આપો, સમજાય કયી પેર ?
... તમે.

સંતોએ તો કહ્યા કૃપાળુ, ગાયાં ઠેરઠેર;
બિરદ અનેરાં અગણિત આપ્યાં, તેમાં પડિયો ફેર ?
.. તમે.

'પાગલ'ના પ્રેમમહીં પડશે તોય ફરક ના ખેર;
શ્રદ્ધા છે કે દર્શન દેશો, નહિ લગાડો દેર.
... તમે.

* * *

## ૨. મારા અંગ બધાંય ગળ્યાં !

મારાં અંગ બધાંય ગળ્યાં !
વિરહવેદના વેઠીવેઠી હાડ બધાંય ફર્યાં ... મારાં.

લોચન ઊંડાં જતાં રહ્યાં છે, તેજ ખરે જ ટળ્યાં;
શક્તિ સારી ગઈ સુકાઈ, ચેતનતત્વ મર્યાં ... મારાં.

વ્યાકુળતાએ હૈયું વલોવ્યું, તીખા તાપ ભર્યા;
તોપણ આનંદી મેં તમને મંગલગીત ધર્યાં ... મારાં.

સ્મિતની છાયા રાખી વદને, શોક બધાય હર્યા;
મંથનમાંથી માખણ આપ્યું, સંકટ સુમન ગણ્યાં ... મારાં.

સ્પર્શ તમારો શીતળ કરશે અંગ નવાં સઘળાં,
આલિંગનથી થશે અલૌકિક, સત્વર પ્રાણભર્યાં ... મારાં.

એ આશાથી તલસું આજે રાખી ભાવ ભર્યા;
'પાગલ'ને અમૃતમય કરજો જેમ અનેક કર્યા ... મારાં.

* * *

## ૩. જો તમે ના સાંભળો તો

જો તમે ના સાંભળો તો ક્યાં કરું પોકાર?
સ્વજન જો ના સાંભળે તો સાંભળે કો સાર?
તમે સત્કારો નહીં તો કરે કો' સત્કાર,
તમે રસ ના રેલશો કો' રેલશે રસધાર?

છાંય ના ઢાળો તમે ઢાળે પછી કો' છાંય ?
તાપ કેમ ટળે, સળગવું સદા અગ્નિમાંહ્ય;
દ્વાર મંદિરનાં તમારાં બંધ જો થાયે,
બંધ તો સંસાર સારો, બાલ ક્યાં જાયે?

મધુર વચને ના તમે બોલાવશો મુજને,
કોણ બોલાવે પછીથી કરે પ્રેમ મને?
અન્ય છે સંસારમાં કોઈ ય મારું ના,
સ્વજન તેમ સખા સુહ્રદ કો પ્રાણ પ્યારું ના.

જખમ અંતરમાં પડ્યા તે જો રુઝાવો ના,
મલમપટ્ટી લગાવી પૂરા રુઝાવો ના;
કોણ તો રૂઝવે કહો, કોને દયા છે હા !
ગરજ કોને, સત્વ શક્તિ અન્યમાં છે ના.

તલસતાં તપતાં તમારાં બાલને જોશો,
રંક રોતાં શ્રમિતનાં જો આંસુ ના લોશો,
ડૂબતાં ને વ્યગ્રને જોયા જ જો કરશો,
કેમ તો તે ચાલશે, પીડા ન જો હરશો?

અલ્પતા ને અમંગલને પાર કરનારાં,
તમે કેવલ એક છો સૌ કષ્ટ હરનારાં;
તમે તારો ને ઉગારો સર્વને ક્ષણમાં,
પ્રકાશો છો સૂર્યથી યે અધિક જગવનમાં.

મળે ના વૈભવ વળી જો દીનતા ન ટળે,
શમે ના જો ક્લેશ ચિંતા પિપાસા ન મરે,

તમારા આશ્રય થકી દળદર બધું ન ટળે,
ટળે તો તો ક્યાં કહો, ક્યાં મુક્તિભુક્તિ મળે?

તમારાં ચરણોમહીં તો મુક્તિભુક્તિ રમે,
તમારી પાછળ બધાયે ભોગયોગ ભમે;
તમે એક અમીર છો, બીજા દરિદ્ર ખરે,
તમે ત્યાગો અન્ય તો આશ્રય જ કોણ ધરે?

તમારાં ચરણોમહીં છે પ્રીતડી જાગી,
તૃષા જેને તમારા દર્શનતણી લાગી;
તજી તમને તે નહીં અન્યત્ર ક્યાંય ભમે,
તજી સર્વસમર્થને કો' રંક સાથ રમે?

પતિતને છે તારનારું તમારા વિણ કો' ?
વિચારી લો શાંત ચિત્તે જરા બેસી તો;
તમારા વિણ અન્યનો આધાર મુજને ના,
તલસતું તેથી હૃદય તમને નિરંતર આ.

તમે કરશો કાર્ય ના તો કાર્ય કોણ કરે?
તૃપ્તિ ને આરામ ઉરને અન્ય કોણ ધરે?
કોણ 'પાગલ' બાલનો ઉદ્ધાર પણ કરશે?
તમારા વિણ કોણ એને ભાવથી ભરશે?

* * *

## ૪. આજે મંગલ થાય સવાર

આજે મંગલ થાય સવાર.
સુધાછલેલું રૂપ તમારું જોઉં આજ સવાર.

મુખ પર મંગલ સ્મિતની છાયા, શોભાનો શો સાર;
તેજતણો ના પાર તમારા, ટળી જાય અંધાર.
આવો ફોરમ ફેલાવીને કરતાં મધુ ઉદ્‌ગાર ... આજે.

પાવન થાયે પ્રાંગણ મારું, અંતર રસ ના માય;
ચિંતા તેમજ મટે વેદના, વિરહ અકારો જાય.
ઉત્સવ થાયે મધુર મિલનનો, થાય કાળની હાર ... આજે.

નાચી ઊઠું આનંદે હું જોતાંવેંત ખરે,
મધુર વચનથી ખરે વધાવું, હેતુ બધાય સરે.
સ્નાન કરીને સુધાસરવરે ધરું નવો અવતાર ... આજે.

'પાગલ' કહે પધારો પ્રેમે, રેલાવો રસધાર;
બહુ દિન વીતી ગયા વિરહમાં, કરો હવે તો પાર.
સ્વર્ગ બને સંસાર તમારો મળી જતાં આધાર ... આજે.

* * *

## ૫. એવો શો અપરાધ થયો

એવો શો અપરાધ થયો,
મારો શો અપરાધ થયો ?

અપ્રિય મુજને માન્યો શાને દિલથી દૂર કર્યો?
પ્રકટ થઈ મારી સામે ના આશીર્વાદ ધર્યો ! ... એવો.

મને મોકલ્યો પરહિત કાજે જગમાં પ્રેમભર્યો,
કોલ દઈને હજી ન આવ્યાં, કેમ નિરાશ કર્યો? ... એવો.

તમારા વિના નીરસ લાગે વૈભવ મોક્ષ મળ્યો,
એકલવાયું લાગે ઉરને, રંગ બધોય મર્યો ... એવો.

અપરાધી ને અજ્ઞ ખરે છું સ્ખલને ખૂબ ભર્યો;
માફ કરી દો મોટા મનથી તો જ જઈશ તર્યો ... એવો.

વિકૃત મલિન બાલને 'મા'નો અંક સદાય મળ્યો,
'પાગલ'ને ભેટી લો ભાવે, પાવકથી પ્રજળ્યો ... એવો.

* * *

## ૬. અંતરનો અનુરાગ થયો છે !

અંતરનો અનુરાગ થયો છે !
દિવસે દિવસે વધતાં વધતાં
ભાવોનો મધુબાગ બન્યો છે !

કેમે કરતાં ના જ ટળે એ,
ના ટળશે જીવનમાંથી તે;
તનમનમાંહી મળી ગયો છે,
એક નવો સંસાર થયો છે !

જ્યોતિ જલે જેવી મંદિરમાં,
પ્રકાશ તેનો ખૂબ ભર્યો છે;
તિમિરપડળ તુટ્યાં છે સઘળાં,
ઉત્સવ અપરંપાર થયો છે.

એક તમારા ભાવ ભર્યા છે,
અન્ય વિચાર ખરે જ મર્યા છે;
રાગ તમારો એક રહ્યો છે,
પ્રાણ નવીન પ્રફુલ્લ થયો છે.

અમર રહે અનુરાગ ભલે તે,
જીવનને અમૃતમય છે એ;
દિવસે દિવસે વધે ભલે ને,
તેથી તો મુજ વેશ ફર્યો છે !

તમને પણ અનુરાગ સદા હો,
મુજ માટે મધુભાવ સદા હો;
અનુરાગતણા સંગમસ્થલ પર
મિલન આપણું આજ મહા હો !

મારા પર ઉપકાર કર્યો છે,
અંતરમાં અનુરાગ ભર્યો છે !

* * *

## ૭. અમાસની રાતે આસોની

અમાસની રાતે આસોની, પ્રકાશની પૂનમ પ્રકટો !
દીપાવલી કરી દો ન્યારી, પ્રકાશની પૂનમ પ્રકટો !

આજ તમારી કરું પ્રતીક્ષા લગન લઈને લોચનમાં,
મંદિરના દીપકના જેવી આશ જલાવીને ઉરમાં;
અમૃતના આગાર થકીયે મધુર તમે આજે પ્રકટો,
અમાસની અંધારી રાતે પ્રકાશની પૂનમ પ્રકટો !

તપી રહ્યો કૃશકાય તપસ્વી બાલ તમારો કૈં દિનથી,
ગુર્જરદેશે કાયા ધારી વસે હિમાલયમાં મનથી;
ભૂમિ અલૌકિક ઉત્તમ છે આ જનની સંસ્કૃતિ સંતોની,
પ્રકટ બનો તો આજ પ્રેમથી, આશા અન્ય નથી કોની.
સાકાર સુધાસ્વરૂપ જેવાં રસમય આજ તમે પ્રકટો,
અમાસની અંધારી રાતે પ્રકાશની પૂનમ પ્રકટો !

પ્રેમીજનને પ્રેમામૃતથી તૃપ્ત કરી દો આજ તમે,
મુક્ત કરી સંપૂર્ણ કરી દો, અન્ય ન મુજને કૈંય ગમે.
આશા ઉરની, માધુરી મનની, પ્રતિમા પ્રેમતણી પ્રકટો,
ગૌરવની ગંગા, સાધનની સિદ્ધિ, યશગાથા, પ્રકટો !
અમાસની રાતે આસોની પ્રકાશની પૂનમ પ્રકટો !

પ્રકાશપંથ બતાવું સૌને, મનુકુલને ચિરશાંતિ ધરું,
સ્વયં બની સંપૂર્ણ અન્યને પૂર્ણ થવાની વાત કરું;
યશ ફેલાવું બધે તમારો, સ્વપ્ન લઈને એ ફરતો;
તમારી જ છે બધી પ્રેરણા, તમે જ મારાં પ્રેરક તો.

પૂર્ણતાતણું પ્રભાત બનતાં 'પાગલ'ની પાસે પ્રકટો,
અમાસની અંધારી રાતે પ્રકાશની પૂનમ પ્રકટો !
દીપાવલી કરી દો ન્યારી, પ્રકાશની પૂનમ પ્રકટો !

* * *

## ૮. પધારો મંદિરે મારા

પધારો મંદિરે મારા, બધું જીવન કૃતાર્થ થશે,
સુવાસિત ઘર થશે સારું, યુગોનો અંધકાર જશે.

પ્રકટશો પ્રેમથી ત્યારે પ્રકાશિત વન થશે આખું,
હજારો સૂર્ય લજવાશે, વચન સાચે જ એ ભાખું.

સમાશે હર્ષ ના ઉરમાં, વહેશે રસ બની નયને,
થશે પુલકિત ખરે અંગાંગ, મળશે માધુરી મનને.

*

સુધાપાન કરીશ હું તમને નિહાળીને,
સમર્પિત થઈશ ચરણે શીશ ઢાળીને;
ભેટતાં ભાવે તમે મળશે મને શાંતિ,
નવો જન્મ થશે, વળી ફરશે બધી કાંતિ.

શક્તિ તેમજ યોગ્યતા સિદ્ધિ બધી મળશે,
તમારો મધુસ્પર્શ મારી દીનતા હરશે;
ભેદભાવ મટી જશે ને અલ્પતા ટળશે,
પ્રાણ મંગલગીતથી જીવન બધું ભરશે.

એ વખતનો કેટલો આનંદ દિવ્ય હશે,
એ અસીમ કૃતાર્થતાની જોડ ના જડશે;
સફળ બનતાં જિંદગી જયકાર શો કરશે,
પામતા નિજ પ્રાણ જગને પ્રાણથી ભરશે.

વળી મારી સાથ પ્રેમે તમે કરશો વાત,
વરસશે શી સુધાવૃષ્ટિ, ધન્ય બનશે જાત.
પ્રસાદી દેશો લઈને ગોદમાં મુજને,
હર્ષ એ કેવો હશે, ખવડાવશો મુજને !

મનોરથ પૂરા થશે, ઈચ્છા બધી ફળશે,
ક્ષુધા તેમ તૃષા સદાની પ્રાણની ટળશે.

કરી દેશો પ્રિય મને ને પ્રાણ નિજ ધરશો,
રહેશો સાથે સદા, સાથે સદા ફરશો.

એ ઘડી, એ અલૌકિક જીવન ચહું છું હું,
ઝંખતો કૈં વરસથી એ દિવ્ય પળને હું;
ઉદય એનો કરી દો, માનું મહા ઉપકાર,
કહે 'પાગલ' રહે ના મારા હરખનો પાર.

* * *

## ૯. આજ તો કરશો નહીં નિરાશ

આજ તો કરશો નહીં નિરાશ,
એવી છે અંતરની આશ.

બહુ બહુ દિનથી કરું પ્રતીક્ષા, આજ પધારો પાસ;
મંગલ વાગે વીણા ઉરની, પર્વ દિવસ છે ખાસ
... આજ તો.

દર્શન વિના કહોને સુખનો કેમ કરી અવકાશ ?
અંતરમાં તો અગન ભરી છે, મુખ પર ધરિયું હાસ
.. આજ તો.

પોતાની મેળે બંધાયો દિવ્ય પ્રેમને પાશ,
શ્વાસ લઉં છું બની રહીને તમ ચરણોનો દાસ
... આજ તો.

અંધારા આશ્રમમાં આવો કરવા કાજ ઉજાસ,
રાગમય કરી દો જીવનને મધુર રમાડી રાસ
... આજ તો.

'પાગલ' જોજો નિજ પ્રેમીનો થાય કદી ના નાશ,
પ્રભાત પહેલાં પ્રકટ બની લો, પુનિત બને આવાસ
... આજ તો.

* * *

## ૧૦. તમે તો ખૂબ લગાડી વાર !

તમે તો ખૂબ લગાડી વાર !
ઝંખી ઝંખી ધીરજ ખૂટી, નેન મટી જલધાર
... તમે તો.

દર્દ દિલમહીં દેખી લો તો કેવું થાય અપાર,
મીઠું તેમાં તમે નાખતાં, શો લાગે છે સાર !
... તમે તો.

કહે તમોને કૃપાળુ તેમજ પ્રેમી કરુણાગાર,
કૃપા તમારી મટી ગઈ શું? ના આપો આધાર !
... તમે તો.

એક મને તારી લેવામાં આવો દીર્ઘ વિચાર?
જોયા કરતાં કેમ પતિતને, સદ્ય કરી દો પાર
... તમે તો.

વ્યાપાર બધા છોડી આવો દોડીને તત્કાળ,
રાખો આજે લાજ ઉભયની, ના જ થવા દો હાર
... તમે તો.

'પાગલ' કહે કરી દો મારો જ્યાં લગ ના ઉદ્ધાર,
ચેન ન પડશે ત્યાં લગ મુજને, માફ કરો ઉદ્‌ગાર !
... તમે તો.

* * *

## ૧૧. દીપાવલી કેમ સજે ન સાજ

દીપાવલી કેમ સજે ન સાજ,
પ્રકાશની રાત મહાન આજ.

ઘરેઘરે દીપક છે પ્રકાશ્યા,
અનંત છે મંદિરમાં વિરાજ્યા;
દેખાય તારાગણ છેક કાચા,
પ્રકાશને યે પ્રકટેલ વાચા !

દીપાવલી કેમ સજે ન સાજ,
પ્રકાશની મંગલ રાત આજ.

પ્રકાશના પંથતણો પ્રવાસી,
બેઠો હું આજે તજતાં ઉદાસી;
થઈ રહ્યો અંતરમાં અવાજ,
પ્રકાશની રાત મહાન આજ.

પ્રકાશનો પૂરણ પંથ થાય,
સિદ્ધિ મળી પૂરણ આજ જાય;
સજી લઉં સુંદર છેક સાજ,
પ્રકાશની મંગલ રાત આજ.

દીપાવલીથી વધુ તેજ ધારી,
સુવાસ ને કાંતિ અનંત ન્યારી
લઈ પધારો મુજ પાસ પ્રેમે,
કૃપા કરો આજ અવશ્ય કેમે.

પ્રેમપાવન આજે તો પૂર્ણ સાધનકાલ હો,
કાલે સંસિદ્ધિનું ન્યારું પ્રકટેલ પ્રભાત હો !

* * *

## ૧૨. આજે નવું વરસ હો

આજે નવું વરસ હો,
મારે આજે નવું વરસ હો !

વરસ આટલાં વીત્યાં વિરહે, આજે મિલન દિવસ હો,
વ્યથા શમે ને ક્લેશ ટળે સૌ, જીવન મળે નવું છો.

અશાંતિ બંધન તેમ અલ્પતા તેનું આજ મરણ હો;
પરમશાંતિ સુખસૂરજ પ્રકટે, પ્રકાશિત કરી દે છો.

અસત્યમાંથી સતમાં, વિષથી અમૃતમહીં ગમન હો,
ઊર્ધ્વ જગતનો પ્રવાસ ન્યારો આજે પૂર્ણ સફળ હો.

નવા ભાવ ને નવા વિચારો, ભાવ નવા ભરપુર હો,
નવા વેશ ને નવા ખેલના પ્રાણ રસે ચકચુર હો.

તંદુરસ્તી તન ને મનની, નવું રક્ત પ્રકટિત હો,
અભેદ સેવા પ્રેમમાળથી શોભિત કંઠ લલિત હો.

કંટક કિલ્મિષ દૂર હઠો સૌ, પાવન મનઅંતર હો;
સુવાસ ફેલાયે સંસારે જાણે કો' જંતર હો.

દુઃખ ટળે જગનાં પણ સાચે, સૌને સુખમંગલ હો;
પ્રેમપૂજારી બને બધાંયે, શાંતિ મળે સૌને છો.

નવા વરસનો આરંભ હવે ઉત્સવ જીવનમાં હો,
નવા ગીત ને નવા સૂરનો સ્વાદ મળે મુજને છો.

'પાગલ'ની છે એ જ પ્રાર્થના, પ્રેમે તમે પ્રકટ હો;
કૃષ્ણપક્ષની જાય કાલિમા, રસ ને પ્રાણ પ્રકટ હો !

* * *

## ૧૩. વર્ષ જાય એક, બીજું સ્થાને લે એનું

વર્ષ જાયે એક, બીજું સ્થાન લે એનું,
સનાતન સંસારમાં જીવન રહ્યું કેનું ?
જાય જૂનું, નવું આવે, ચક્ર ચાલે છે,
માનવી ઈચ્છે ન ઈચ્છે તોય ચાલે છે !

જુઓ વર્ષા વીતતાં આ શરદ છે આવી,
હજી હમણાં તો હશે હેમંત પણ ફાવી;
શિશિર તેમ વસંત પાછી ગ્રીષ્મની ચાવી,
ફેરવાયે નિયતિતાળે અલગ કૈં ચાવી.
ઋતુ પછી ઋતુ અન્ય આવે સ્થાન લે એનું,
સનાતન સંસારમાં અસ્તિત્વ છે કેનું ?

ઉષા સૂર્યોદય વળી મધ્યાહ્ન સાંજ પડે,
સાંજ પણ પાછી શમે છે અંધકાર વડે;
વિરહજ્વાળા, મિલનછાયા સ્થાન લે એનું,
સનાતન સંસારમાં જીવન રહ્યું કેનું ?

એટલા માટે કરાવી યાદ આવી વાત,
નિરુત્સાહ બને રડે શોકિત ન થાયે જાત;
નવા જીવનની રહે આશા સદા ભરપૂર,
ખંત શ્રદ્ધા યત્નમાં માનવ રહે ચકચૂર.

નિત્ય નૂતન સનાતન તમને જ પામે જે,
ચક્રથી છૂટી સનાતન સ્થાન પામે તે;
કાળ, ગુણ ને અવસ્થાથી પર બની જાયે,
તમારો જે બને તેને ભય નથી કાંયે.

એટલે તો મિલન માગું તમારું ઉજળું,
તમારી જ કૃપા તમારી પ્રીતમાં ઉછરું !
વર્ષ જાયે એક બીજું સ્થાન લે એનું,
સનાતન સંસારમાં જીવન રહ્યું કેનું ?

* * *

## ૧૪. મારા દિવસો થાય પસાર

મારા દિવસો થાય પસાર.
ગંગાતીરે 'મા મા' કરતાં દિવસો થાય પસાર.

હિમગિરિમાળા, વૃક્ષો ન્યારાં, ધરતી રસની ધાર,
એ સૌ સાથે એકલ બેઠો લઈ આંસુની માળ ... મારા.

ભાવવિભોર બન્યા અંતરની વીણાના સૌ તાર;
એક જ ગાયે ગીત નિરંતર, સ્નેહ જ એનો સાર ... મારા.

ભરીભરી મધુરસની પ્યાલી પીઉં વારંવાર;
ખૂટે ના કદિ, તૃપ્ત કરે ના, મોહનદીની પાર ... મારા.

ફૂલથકી કોમળ અંતરમાં ભરિયા ભાવ હજાર;
અનુરાગથકી અંજલિ આપું, અર્પું પ્રાણ રસાળ ... મારા.

ધ્યાન તમારું, સ્વપ્ન તમારાં, તમારો જ સંસાર;
તમારી જ મસ્તી ને સેવા, જીત તમારી હાર ... મારા.

કુબેરથીયે વધુ વૈભવ છે, લક્ષ્મીનો ના કાળ;
દેવોને પણ દુર્લભ રસ છે મળ્યો હજી તલભાર ... મારા.

બાકીના દિન જીવનના હો મિલન મહીં જ પસાર,
'પાગલ'ની છે એ જ પ્રાર્થના, કરો વિરહથી પાર ... મારા.

* * *

## ૧૫. મારા દિલમાં લાગી લ્હાય

મારા દિલમાં લાગી લ્હાય.
મને દર્શન ક્યારે થાય ?

કેમે કરતાં મટે નહીં તે, કરિયા કોટિ ઉપાય;
ઔષધ અજમાવું તે કોનું, કેની લઉં સહાય?
... મારા.

રાતદિવસ ના શાંત બને તે, પ્રતિપળ વધતી જાય;
ગમે નહીં મુજને કૈં બીજું, ના કૈં મુજથી થાય.
... મારા.

બળતરા બળે ખૂબ જ એની, તો પણ મન તો ગાય;
જુગજુગથી એ જાણે લાગી; પ્રાણ રસમહીં ન્હાય.
... મારા.

બદરીપુરી ફર્યો ને કાશી, છેક ન તોયે જાય;
નદીનીરમાં બહુબહુ ન્હાયો, કૃશ પણ કીધી કાય.
... મારા.

લ્હાય મટે ના કેમે કરતાં, સદા પ્રાણને ખાય;
'પાગલ' કહે પધારો પ્રેમે, તો તો પૂરી જાય.
... મારા.

* * *

## ૧૬. આપણો તો પૂરવ જનમનો પ્રેમ

આપણો તો પૂરવ જનમનો પ્રેમ.
તમે ભૂલી ગયાં છો કેમ?

વારેવારે તમોને યાદી આપી મેં, પ્રીતનો ન્યારો નેમ;
તોયે ના પ્રેમ કરી પાસે પધાર્યાં, રોઈ રહ્યો એમનેમ.

પ્રેમી કદીયે ના છૂટાં પડે છે, કથામાં કહેવાય એમ;
પ્રાણ એક બંનેના બોલાય એવું; વિસરી ગયાં કે કેમ?

પ્રાણને ઉજાળીને કાંતિ ધરે છે, લાજે એની પાસે હેમ;
પૂજા એ પ્રેમની જુગજુગથી ચાલતી; પૂર્ણાહુતિ થાય કેમ?

આઘે રહ્યાં કેમ વરસોથી આજે, શાને કરો ના રે'મ?
પૃથ્વીમાં આવીને પાડ્યો પોકાર મેં, તમને જ કીધો પ્રેમ.

સાથે રહીને વાતો કરેલી, લીલા કરેલી તેમ;
છાયા ને તાપ જેમ સાથે રહેતાં; ભૂલી ગયા કે કેમ?

વિસરી વિસરાય ના વાતો પુરાણી, ના થવાય અજ્ઞની જેમ;
ધર્મ તમે ભૂલશો તો કેમ કરી ચાલશે, મર્યાદા રે'શે કેમ?

સંદેશ આપવાના તમને ના હોયે ગાઈ ગીતોમાં પ્રેમ;
પોકાર્યા પહેલાં પધારવું ઘટે છે, માનું છું હું તો એમ.

પ્રીતડી પુરાણીને યાદ કરી આવજો દારુડિયાની જેમ;
જડ ને ચેતનમાં પ્રસર્યાં છતાંયે પ્રકટો બનીને પ્રેમ.

આપણો તો પૂરવ જનમનો પ્રેમ.
તમે ભૂલી ગયાં છો કેમ?

* * *

## ૧૭. યમુનાસ્નાને મુક્તિ મળતી

યમુનાસ્નાને મુક્તિ મળતી, યમ તેડું ના કરે,
એમ માનતાં યાત્રા આજે દૂરદૂરથી કરે,
... તીર્થને ભાવિક લોકો ભરે.

સામનો કરી સંકટનો સૌ પુણ્ય પામવા મળે,
શ્રદ્ધાસાથે સ્નાન કરીને મુક્તિકલ્પના કરે,
... તીર્થને ભાવિક લોકો ભરે.

કહી શકે છે કોણ લોક તે તરશે કે નહિ તરે;
કર્મ પ્રમાણે જીવન ચાલે, કર્મ ક્લેશને હરે.
... તીર્થને ભાવિક લોકો ભરે.

સત્કર્મ કરે માનવ કોઈ મૃત્યુ ખરે તો મરે,
શમી જાય સંતાપ સકળ ને બંધ બધાય ટળે.
... તીર્થને ભાવિક લોકો ભરે.

પ્રેમતણી ગંગાજમનામાં જે જન સ્નાન કરે,
રસ જે ચાખી લે છે એનો તે તો સાચે તરે.
... તીર્થને ભાવિક લોકો ભરે.

'પાગલ' પ્રેમ તમારો ન્યારો જેને પ્રાણ ધરે,
યમ તેની પાસે ના ફાવે, અમૃત તેને મળે.
... મને તે પ્રેમ તમારો મળે !

યમુનાસ્નાને મુક્તિ મળતી, યમ તેડું ના કરે,
એમ માનતાં યાત્રા આજે દૂરદૂરથી કરે,
... તીર્થને ભાવિક લોકો ભરે.

* * *

## ૧૮. સદાયે સાથે રહો મહારી

સદાયે સાથે રહો મહારી.
સાથ રહીને આપણ બંને લીલા કરિયે સારી ... સદાયે.

એક વિપળ પણ અલગ બનો ના, એવી કરી દો યારી;
નિશદિન નિરખું રૂપ તમારું, માણું રસને ભારી ... સદાયે.

પ્રેમપિયાલી પીને ફરિયે તનમનપ્રાણ ઉજાળી;
સુખમય કરિયે, સ્વર્ગે ભરિયે, કર્મે સૃષ્ટિ સારી ... સદાયે.

પ્રકાશ પુરિયે, જીવન ધરિયે, તમ ને જડતા ટાળી;
મનના મેલ બધાના હરીયે દાનવતાને મારી ... સદાયે.

માનવતાની વાડી કરિયે આ સૃષ્ટિને સારી;
ફોરમ બનીયે માનવમનની લીલા કરતાં ન્યારી ... સદાયે.

સહકાર મળી જતાં તમારો ચિંતા મટશે મારી;
કઠિન ન કૈંયે કામ રહેશે; તરે તે શકે તારી ... સદાયે.

અંતે અંતર્ધાન થઈએ પૃથ્વી પ્રેમે પાળી;
ફરીફરી પ્રકટીએ પ્રેમે, એજ માગણી મારી ... સદાયે.

રૂપ અજોડ બતાવો મુજને વ્યથા બધીયે ટાળી;
'પાગલ' કહે તમારે માટે બેઠો જીવન હારી ... સદાયે.

* * *

## ૧૯. કૃપા કરી દો મારા ઉપર આજ

કૃપા કરી દો મારા ઊપર આજ ખરે જ તમે,
હે મા, હે મા ! તમારા બાળકને અન્ય ન કૈંયે ગમે.

વરસોથી એ તલસે તમને ભાવ ભરીને ભારી;
આજ પધારો પ્રેમ કરીને વ્યથા શમાવો સારી.
એમ કરો એ એક બનીને સાથ તમારી રમે.
તમારા બાળકને અન્ય ન કૈંયે ગમે.

તમારા વિના એના ઉરમાં કોઈનું ના સ્થાન;
રોમરોમમાં તમે જ રમતાં, તમે જ બનિયાં પ્રાણ;
પૂજે તમને, સ્તવે તમોને, લગન લઈને ભમે;
તમારા બાળકને અન્ય ન કૈંયે ગમે.

તરસ ટળે ના ક્યાંયે એની, ક્યાંય મળે ના છાંય;
ડૂબી રહ્યો નિરંતર દરિયે, કોણ જ પકડે બાંય !
પ્રકટો, પાઓ પ્રેમામૃત તો સાથ તમારી જમે;
તમારા બાળકને અન્ય ન કૈંયે ગમે.

'પાગલ' કહે પ્રવાસ પુરાણો બનિયો ખૂબ હવે;
એકલદોકલ કાપ્યો મારગ ભીષણ દીર્ઘ ભવે.
આજ મળે મુજને ધ્રુવપદ એ ધરજો ધ્યાન તમે.
તમારા બાળકને અન્ય ન કૈંયે ગમે.

* * *

## ૨૦. પ્રથમવાર પ્રકટેલાં ત્યારે

પ્રથમવાર પ્રકટેલાં ત્યારે શક્યો નહીં જાણી,
સદાકાજ છોડીશ હવે ના, રહીશ રસ માણી.
પ્રકટ બની લો પ્રેમ કરીને રૂપ લઈ મધુરું,
કૃતાર્થ થાયે કાયા મારી અમી લભી અદકું.
... પ્રથમવાર પ્રકટેલાં ત્યારે.

કોને ખબર હતી કે પડશે વિરહે મરવું આમ,
દિવસો સુધી ન ક્યાંયે મળશે ઠરવા માટે ઠામ?
જેને ઝંખ્યાં તે જ જડેલાં, હતી ન ત્યારે જાણ,
દિલ દીધું તે દિલથી આવ્યાં કરવા રસની લ્હાણ.
મંદિરના પ્રાંગણમાં પ્રકટ્યાં, પ્રકટે જેમ પ્રભાત,
નવ્ય તેમ રસમય તેજેભર, પ્રકટે જેમ પ્રભાત.
... પ્રથમવાર પ્રકટેલાં ત્યારે.

સૂર સાંભળી મારા રોયાં વ્યક્ત કરીને પ્રીત,
પરંતુ મેં સંદેશ સુણ્યો ના, ના જ સુણ્યું સંગીત.
માનવરૂપે પ્રકટ થયેલાં, સમજ પડી ન મને,
સમજાવ્યું ના તમેય મુજને જો કે બેઠાં કને.
નહિ તો સિદ્ધિ હોત સાંપડી, તપ પણ થાત પુરું,
વસવું પડત ન વનમાં મારે ગીત લઈ અધુરું.
... પ્રથમવાર પ્રકટેલાં ત્યારે.

પ્રસાદ આપ્યો તમે છતાંયે આરોગ્યો ના મેં,
એ માટે અફસોસ ખરેખર મારે હૈયે છે.
પ્રકટ થઈને પ્રસાદ આપો ફરી પ્રેમથી આજ,
પલટાઈ જાયે તનમન આ, પૂરણ થાય કાજ.
અંતર પ્રાર્થે ક્ષમા કરીને મારા દોષ તમે,
આજે પ્રકટો તો ઉપવાસી બાલક કાલ જમે.
... પ્રથમવાર પ્રકટેલાં ત્યારે.

* * *

## ૨૧. આજ મારે અંતરે આનંદ ના સમાય

આજ મારે અંતરે આનંદ ના સમાય,
પકવાનો પીરસાયાં પ્રેમનાં જમાય;
પ્રેમતણાં ગીત ઘણા ગૌરવે ગવાય,
ડોલી ઉઠે છે હર્ષઘેલી હવા ય.
... આજ મારે.

નવા ભાવ, નવા રાગ, નૂતન આલાપ,
નવા ફૂલ, નવી પૂજા, નવલા છે જાપ;
ઉરમાં આરાધના આજ મારે થાય,
આરતીના અજવાળે અંધકાર જાય.
... આજ મારે.

નવા વર્ષનું ઉગ્યું છે કેવું પ્રભાત,
રંગ તેમ રોશનીની ના જ થાય વાત;
ખીલ્યા છે ફૂલ ખૂબ ઉપવનમાં આજ,
માનવ ફરે છે તેમ સજી નવા સાજ.
... આજ મારે.

નવો વેશ, નવા ભાવ, નવી શબ્દલ્હાણ,
નવા રૂપરંગ ધરી પ્રકટે છે પ્રાણ;
હુંય લઈ બીન આજ ગાઈ રહ્યો ગાન,
ઓતપ્રોત પ્રાણ કરી, કરી રહ્યો દાન.
... આજ મારે.

તમારા વિના અધૂરો આનંદ આ,
આવો તો ઉત્સવ સંપૂર્ણ થાય હા !
નવું વર્ષ થાય તમે પ્રકટો ત્યારે,
આતમ આનંદે આજ આશાતારે.
... આજ મારે.

* * *

## ૨૨. હૈયે હેત ભરી, અંગે તેજ ધરી

હૈયે હેત ભરી, અંગે તેજ ધરી,
આજે આંગણે મારે આવો ... મને પ્રેમપિયાલો પિલાવો.

વદને સજતાં સ્મિત ચારુ,
નયને ભરતાં મધુ ન્યારું,
બધે ગંધ ભરી, મધુ શબ્દ કરી,
તમે આવો ... મને પ્રેમપિયાલો પિલાવો.

લઈ રૂપ ખરે રઢિયાળું,
વળી અંગ સુવાસિત સારું,
મને શાંતિ ધરો, વળી ધન્ય કરો,
તમે આવો ... મને પ્રેમપિયાલો પિલાવો.

જોવા તમને સદાયે ચહું છું,
કાલાં ઘેલાં કૈં ગીતો કહું છું;
માની મોતીમણિ, સુપ્રસન્ન બની,
તમે આવો ... મને પ્રેમપિયાલો પિલાવો.

જીવું એકલ આ જગમાં હું,
સાથ સાચો તમારો ચહું છું;
મને સાથ ધરો, બધો થાક હરો,
તમે આવો ... મને પ્રેમપિયાલો પિલાવો.

તમે દીનબંધુ કહેવાઓ,
કેમ દીનતા ના જ મિટાવો ?
નાથ, છાયા ધરો ને સનાથ કરો,
તમે આવો ... મને પ્રેમપિયાલો પિલાવો.

પહેલાંય કૃપા તો કરી છે,
કિન્તુ તરસ બધી ન ટળી છે;
કૃપા થાય ફરી, એવી આશ ભરી;
તમે આવો ... મને પ્રેમપિયાલો પિલાવો.

જોઉં રૂપને આંખ ભરીને,
કરું વાત ઉમંગ કરીને;
એવી આશ લઈ, બેઠો આર્ત થઈ;
તમે આવો ... મને પ્રેમપિયાલો પિલાવો.

પાર વિનાના પ્રેમની પ્યાલી,
મારી મુખમાં કરી દો ખાલી;
વિષ સર્વ મરે, હેતુ સકળ સરે;
તમે આવો ... મને પ્રેમપિયાલો પિલાવો.

* * *

## ૨૩. દયાળુ દીનબંધુ ભગવાન !

દયાળુ દીનબંધુ ભગવાન !
પરવરદિગાર, પરગજુ, પ્રેમી, પૂરણ, કૃપાનિધાન.

ભક્તનવત્સલ, ભાવનિકેતન, સર્જનકેરા સાર;
શાસ્ત્ર સંત સજ્જન કોઈ યે પામી ન શક્યા પાર ... દયાળુ.

બેઠો પ્રેમી બાલ તમારો એક અહીંયાં આજ,
હિમાલયતણા શાંત સ્થળમહીં ગંગાનું જ્યાં રાજ ... દયાળુ.

ચિંતામગ્ન બન્યો કૈં દિનથી, છેક સુકાયું વાન;
જરા સમય કાઢીને એના તરફ દઈ દો ધ્યાન ... દયાળુ.

યાદ તમોને કરી રહ્યો એ તન્મય કરતાં પ્રાણ;
સ્તવે તમોને, આતુર મળવા, છેક થયો હેરાન ... દયાળુ.

દુઃખ ન દેખી શકતા કોનું વાર્તા એ છે ખ્યાત;
હૃદય તમારું કોમળ એવું, સુણજો એની વાત ... દયાળુ.

ભક્તોની રક્ષા કરવાને રોજ રહો તૈયાર,
સાચી વાત કરી દો આજે કરી કષ્ટથી પાર ... દયાળુ.

અંધકારમાં પ્રકાશ કરતાં આજ પધારો નાથ,
ચંદનશીતલ સુમનસુવાસિત સ્પર્શે ભીડો બાથ ... દયાળુ.

'પાગલ'ની પાસે પ્રકટી લો દેવા જીવનદાન ... દયાળુ.

* * *

## ૨૪. વિપત્તિ ઘણી હવે તો વરસી ચૂકી

વિપત્તિ ઘણી હવે તો વરસી ચૂકી,
વેદનાએ છેક જ મર્યાદા મૂકી;
ચિંતાચિતા અસહ્ય વેઠી લીધી,
જિંદગીને જોખમમાં મેલી દીધી.

ચારેબાજુ જલે છે ઝેરી જ્વાળા,
તોયે છે પ્રેમની પહેરી માળા;
અંતર બેચેન બન્યું છોડી આરામ,
વીતી છે ખૂબ હવે, પૂર્ણ કરો કામ.

વીતી છે ખૂબ હવે, કૃપા કરી દો,
પાડું પોકાર, જરા ધ્યાન ધરી લો;
સીતમ વરસાવો ના વધારે તમે,
રીબાવો રંક મને, કેમ તે ગમે?

હવે તો કૃપાની કરો પુષ્કળ વૃષ્ટિ,
દૃષ્ટિપાતથી સજી દો નૂતન સૃષ્ટિ;
તન મન ને અંતરને તાજગી ધરો,
પ્રાણને પ્રફુલ્લ પૂર્ણ પાવન કરો.

કષ્ટની હો રાત આજ અંતિમ મારી,
કાલે આનંદની ઉષા હો ભારી;
'પાગલ'ના પ્રાણે પ્રકાશ પૂર્ણ થાય,
અંધારી રાત ભલે જીવનથી જાય !

* * *

## ૨૫. બધાંને આનંદ છે, મારે જ એક વ્યથા

બધાંને આનંદ છે, મારે જ એક વ્યથા,
ઉડાવે લિજ્જત બધાં, મારી કરૂણ કથા.
નજર નાખું ત્યાં જણાયે ખૂબ ઉડતો રંગ,
નથી ચિંતા લેશ કે આનંદનોયે ભંગ.

માણસો મશગુલ બન્યા છે વિવિધ કૈં કામે,
ખાય પીએ લ્હેર કરતા પર્વને નામે;
પોતપોતાની સમજશક્તિ પ્રમાણે સૌ,
લ્હાવ લે છે, લ્હાવ દે છે, વ્યથા વિસરી સૌ.

દિવસ છે એવા અનેરા દિવાળીના આ,
દીન આર્ત અનાથ પણ પ્રેરાય ઉત્સવમાં;
હરખતા રોગીજનો પણ લૂંટતા રસ શા !
હુંય લૂંટું, પણ તમારા વિના રસ છે ક્યાં?

બધાંને આનંદ છે, મારે જ એક વ્યથા,
ઉડાવે લિજ્જત બધાં, મારી કરૂણ કથા.

પર્વના દિવસો થવાના હવે છેક પૂરા,
માનવી ફરશે ફરીથી ધરી કર્મધુરા;
કિન્તુ વદને ચમકશે આનંદની છાયા,
ઉડાવી લિજ્જત કરી દેશે જુદી કાયા.

પર્વ મારી જિંદગીમાં ક્યાં હજી આવ્યું?
પર્વ ઉત્સવ પણ તમારા વિના ક્યાં લાવ્યું?
બધાંને આનંદ છે, મારે જ એક વ્યથા,
ઉડાવે લિજ્જત બધાં, મારી કરૂણ કથા.

છતાં આજે અનુભવું આનંદ થોડો હું,
સમાધાન કરું વિચારી ચિત્તનું પણ હું;
ઉચ્ચ હેતુતણો થઈ જે યજ્ઞ આજ રહ્યો,
યજ્ઞમાં તે થઈ આહુતિ હું અખંડ રહ્યો.

શોક શાને તો પછી, શાને નિરાશા તો?
વ્યથામાંયે આટલો સુખશ્વાસ હું ભરતો.

આજના મંથનથકી માખણ થશે કાલે,
ઉષાકાંતિથકી પ્રકાશે ભાનુ નભભાલે,
તેમ ક્રાંતિથકી પ્રકટશે નવલ કો' ભાનુ,
એ સજી શ્રદ્ધા વ્યથામાં મધુરતા માણું.

તમારી પ્રાપ્તિ વિના ક્યાં છે અખંડાનંદ?
સનાતન છે શાંતિ કોને, મળે કોને રંગ?
ઈન્દ્ર તેમ કુબેરનાયે રંગ થાયે ભંગ,
વિષાદે પલટાય પાછા માનવીના રંગ.

વ્યથા બાદ પરંતુ મુજને રંગ મળશે જે,
છેક નૂતન ને અખંડ હશે સનાતન તે;
આજ જ્વાળા વિરહની કાલે મિલનમાળા,
વ્યથા આજે કાલ તેથી થશે રસધારા.

એ ધરી વિશ્વાસ આજે તપું તેમ જલું,
સહું સંકટ, વેદના વરસે છતાં ન હલું.
બની આશીર્વાદ અભિનવ દિવ્ય આવો આજ,
થાય તો આનંદ મારે, મળી જાયે રાજ.

બધાંને આનંદ છે, મારે જ એક વ્યથા,
ઉડાવે લિજ્જત, ભલે મારી કરૂણ કથા.

* * *

## ૨૬. ભગવાન દયાળુ છે

ભગવાન દયાળુ છે.
ગુણાગાર છે, રૂપ તેમનું અતિ રઢિયાળું છે;
પ્રેમ તેમ કરુણાના સાગર, ખૂબ કૃપાળુ છે.
... ભગવાન દયાળુ છે.

તું ચિંતા શાને કરે, હેતુ કૈં ચિંતાથી ના સરે;
પુકાર એને અંતરથી ના ઉત્તર કેમ મળે;
ચિંતા હરશે, પીડા ટળશે, અંતર્યામી એ.
... ભગવાન દયાળુ છે.

અંધકાર ને અશાંતિ જોઈ રોદન કેમ કરે?
ધીરજ ને હિંમત છોડીને કેમ વિષાદ ધરે?
પ્રકાશ પૂરણ શાંતિપ્રદાયક છે વરદાયક એ.
... ભગવાન દયાળુ છે.

અનાથ સમજે નિજને શાને, વિહ્વલ કેમ બને?
દીન બનીને બેસે શાને છેક મરેલ મને?
નાથ બધાંના, દીનબંધુ ને જીવન જગના એ.
... ભગવાન દયાળુ છે.

શરણ લઈ લે, પ્રેમ કરી લે, તાપ બધા ટળશે;
આશા એકલ રાખ એમની, ધન્ય તને કરશે.
ભક્તનવત્સલ, ભક્તોના એ પ્રાણપ્રદાયક છે.
... ભગવાન દયાળુ છે.

રક્ષા કરવા સદા ઉભા છે, શંકા ના કર તું;
'પાગલ' કહે તલસ પ્રેમે તો ના જ અશક્ય કશું.
પ્રતિજ્ઞા નહીં ભૂલે એ તો પરમ સત્યમય છે.
... ભગવાન દયાળુ છે.

* * *

## ૨૭. ભયંકર ખૂબ ખરે ભમરો

ભયંકર ખૂબ ખરે ભમરો.
ડંખે ત્યારે દર્દ કરે છે, ભારેખમ ભમરો.
... ભયંકર ખૂબ.

તોડી નાખે કઠિન કાષ્ઠને, પાડે છેદ ખરો,
બળવાન ઘણો ગણાય એ તો, ખૂબ કહ્યો કપરો.
... ભયંકર ખૂબ.

કમલ પાસ પરવશ પણ થાયે, બલ સઘળું વિસર્યો;
પૂરાયો ત્યાં પુષ્કળ પ્રેમે, પાછો ના જ ફર્યો.
... ભયંકર ખૂબ.

તેમ બલી પણ મોહિત થાયે રૂપ તમારે હો;
કમલથકી કોમલ લોચનમાં કેદ ન થાયે કો' ?
... ભયંકર ખૂબ.

પ્રેમપ્રભાવ કહ્યો છે એવો સંતોએ સઘળો;
મધુરતાતણી અજબ મોહિની, નેહનશો મધુરો.
... ભયંકર ખૂબ.

આતમ નિર્બળ છેક જ સાચે પ્રેમાસક્ત થયો,
અચરજ તેથી લેશ થશે ના, તમને ફક્ત વર્યો.
... ભયંકર ખૂબ.

* * *

## ૨૮. મારો સંદેશો સાંભળતાં વાર

મારો સંદેશો સાંભળતાં વાર પધારજો રે.
મારી ખબર કાઢવા વેગે વ્હેલાં આવજો રે... મારો.

બેસી રહ્યો મીટ માંડીને, કારજ સઘળાંયે છાંડીને;
દયાનિધાન, વધારે ના તલસાવશો રે. ... મારો.

જે દિનથી આ જગમાં જાગ્યો, તે દિનથી રટવાને લાગ્યો;
પોતાનાને પીડા ટાળી પાળજો રે ... મારો.

જંગલમાં વેરાન ભયંકર, ઝંખું છું તમને અભયંકર !
મંગલ કરવા જંગલ આજ પ્રકાશજો રે ... મારો.

માતપિતા છો તમે જ મારાં, સંરક્ષક જીવનનાં સારા;
દોડી આવી રાગે હૃદય લગાવજો રે ... મારો.

તમે જ મારાં આશ્રયદાત્રી, ભાગ્યવિધાત્રી, આપું ખાત્રી;
દીન દશા મારી ક્ષણવાર વિચારજો રે ... મારો.

પ્રાણ વિના શી શોભા તનની દ્રવ્ય વિના શી ગતિ નિર્ધનની;
માલિક મનનાં, સદ્‌ગતિ દેવા આવજો રે ... મારો.

'પાગલ' તમે પ્રેમનાં સિંધુ, હું તો રસનું કેવલ બિંદુ;
શિશુ સમજીને સાંત્વન ધરવા આવજો રે ... મારો.

* * *

## ૨૯. હવે નથી રહેવાતું વિરહે

હવે નથી રહેવાતું વિરહે, હવે નથી રહેવાતું.
લેશ નથી જ સહાતું સંકટ, લેશ નથી જ સહાતું.
... હવે.

આજકાલ કરતામાં મારું વધી ગયું છે ખાતું;
અંતરનું આ આશાભીનું કુસુમ રખે કરમાતું.
... હવે.

દિલનું દર્દ રહસ્ય નથી કોઈને પણ કહેવાતું;
મૂંગે મોંઢે ખૂબ સહ્યું મેં; કોને ના દેવાતું.
... હવે.

ગીતમહીં આ અગન ઠાલવું, રાખી મન મદમાતું;
પરંતુ ગુપ્ત રહસ્ય કહું કે હૈયું નથી હરખાતું.
... હવે.

તમારા વિના જગત બધું યે શૂન્ય મને દેખાતું;
તમારા વિના મુક્તિનું પણ સુખ નીરસ લેખાતું.
... હવે.

મિલનતણું મંગલ સુખ મુજને કેમ નથી દેવાતું?
'પાગલ' કેમ સ્વજનનું સંકટ હરી નથી લેવાતું?
... હવે.

* * *

## ૩૦. આજે આશા ફળજો મારી

આજે આશા ફળજો મારી.
આજે ફળો આપણી યારી.

કેટલાંય વરસોથી પોષી જતન કરીને ભારી;
ના કરમાશો કોમળ ઉરની પ્રેમપાંખડી ન્યારી ... આજે.

સુગંધ એની છેક અનેરી લેજો આજ સ્વિકારી;
સ્પર્શ કરી દો રસમય દેતાં જીવન સર્વ ઉજાળી ... આજે.

સુવાસિત બનો શુભાગમનથી રંક મહૂલી મારી;
મંગલતાનું મંદિર બનજો ધરા તમોને ધારી ... આજે.

ટળી જજો સંપૂર્ણ દૈન્ય ને ચિંતા મારી ભારી;
સ્વપ્ન સકળ સાકાર થજો ને બધી ઉઘડજો બારી ... આજે.

જીવનમાં જીવન ભરજો ને લેજો જલદી તારી;
પાવન કરજો પ્રકાશ રેલી જડતા સમૂળ મારી ... આજે.

પ્રેમાળ હજી થજો વધારે હમદર્દીને ધારી;
ગૌરવ કરજો આજ ઉભયનું મૈત્રી પર યશ ઢાળી ... આજે.

વહી જાય છે જીવન વેગે, હ્રાસ થાય છે ભારી;
પૂજા કરું તમારી એથી, એ અભિલાષા મારી ... આજે.

પૂજાનું સૌભાગ્ય મને દો, 'પાગલ' જાયે વારી;
જોજો પાદપ્રહારે ઉરને જખમ કરો ના ભારી ... આજે.

* * *

## ૩૧. હવે તો દયા કરીને આજ

હવે તો દયા કરીને આજ તમારું દર્શન આપી દો.
અમીમય દૃષ્ટિ કરીને કષ્ટો મારાં સઘળાં કાપી દો.

વીતી ગઈ ઘણીયે વેળા,
ખાધા ઋતુઓએ પણ ફેરા,
ફેરા વિરહમિલનના હવે ફેરવી ભાગ્ય ફેરવી દો ... હવે.

અંતર આરામ કરે ક્યાંથી,
જ્વાળા જલી રહી છે ત્યાંથી;
જ્યાંથી રસ પ્રકટે તે રૂપ બતાવી શાંતિ સ્થાપી દો ... હવે

જ્ઞાનમાં રમનારા છો રમતા,
યોગને માર્ગ ભલેને ભમતા;
દમતા દેહ તપી છો, મુજને બસ પ્રેમ પિલાવી દો ... હવે.

તમારી મોહિની મુજને લાગી,
દર્શનની જ પિપાસા જાગી;
રાગી હૃદય તમારે માટે તેને તૃપ્તિ આપી દો ... હવે.

મારે આધાર નથી કોઈ,
છાયા ઢાળી લો એ જોઈ;
રોઈ રાત વિતાવું, ઉત્સાહભરી ઉષા જગાવી દો ... હવે.

'પાગલ' પાસ નથી બલ સાચે,
બંધાયો દોરે પણ કાચે;
રાચે એક તમારા બલ પર, હેતે હૈયે ચાંપી દો ... હવે.

* * *

## ૩૨. ખરાખરીનો ખેલ આ તો

ખરાખરીનો ખેલ, આ તો ખરાખરીનો ખેલ.
મંગલ પણ મુશ્કેલ, આ તો ખરાખરીનો ખેલ. ... ખરાખરીનો.

કાયર કંપી ગયા વિચારે, શૂરા કૈં છટકેલ;
નિર્બળ નાસી ગયા નિરખતાં, પાછા વીર ફરેલ ... ખરાખરીનો.

જ્ઞાનીએ પણ ગુલાંટ ખાધી, રોયા તપી તપેલ;
યોગી દેખી રહ્યા દૂરથી મુનિ સંગ્રામ મચેલ ... ખરાખરીનો.

પંડિતનું તો પૂછવું જ શું, કૈંક પુરાયા જેલ;
અભ્યાસી યે અહંકારની ગયા તણાઈ રેલ ... ખરાખરીનો.

કરામતનું કૈં ના ચાલ્યું, ચંચલ ચિત્ત બનેલ;
ભોગીનું તો કહેવું જ શું મન જેનું છટકેલ? ... ખરાખરીનો.

શીશસટોસટ સોદો આ તો, ના સાધારણ ખેલ;
સફળ થાય છે દૂર કરી દે જે નિજ મનનો મેલ ... ખરાખરીનો.

આશ્રય જેને એક જ એનો, એનું ધ્યાન ધરેલ,
રંક મહૂલીમાં મરનારા પામ્યા કૈંક મહેલ ... ખરાખરીનો.

નિરાશા તજી ધપજે આગળ, ખેલ નથી આ સ્હેલ;
અખંડ તપ ને શ્રદ્ધા માગે, અઘરો ખૂબ ઉકેલ ... ખરાખરીનો.

હિંમતવાન હતાશ થયા છે, કૈં યે એમ કહેલ;
પૂરણ પ્રેમી પાર પહોંચ્યા, સાચું શરણ ગ્રહેલ ... ખરાખરીનો.

* * *

## ૩૩. ચંચલ મનને કેમ કરે છે ?

ચંચલ મનને કેમ કરે છે?
ચંચલ કદિ ના ચાહ મેળવે,
પામરતાને કેમ ધરે છે ? ... ચંચલ

દૃઢ મનથી જે ટેક નિભાવે,
તેને મિલ્કત મિષ્ટ મળે છે;
ખબર હતી શું નહીં પ્રથમથી?
સંશય ત્યારે શીદ કરે છે? ... ચંચલ

મહાન પદ પામ્યા જે માનવ
સંદેશો સૌ એ જ ધરે છે;
પ્રચંડ પુરૂષારથ કરતા જે,
જંગ વિજયને તે જ વરે છે ... ચંચલ.

કંટકથી ચિંતાતુર ના હો;
વ્યથાતણી વર્ષા વરસે છો;
જીવનને કુરબાન કરે છે,
જીવન તો તેને જ મળે છે ... ચંચલ.

આંસુમહીં અટવાઈ ના જા,
મૂંગા કે ના નાખ નિસાસા,
નિર્ભય બનતાં ધપજે આગે,
આજ રડે તે કાલ હસે છે ... ચંચલ.

'પાગલ' પાવકથી ડરતો ના,
સંકટમાં સ્મિત જો તજતો ના;
ધ્રુવપદ મળશે તુજને સાચે,
આગળ ડગલાં ભલે ભરે છે ! ... ચંચલ.

* * *

## ૩૪. મારાં સૂનાં છે ઘરબ્હાર

મારાં સૂનાં છે ઘરબ્હાર.
મારાં મૃતમય મંદિરદ્વાર,
મારાં સૂનાં છે ઘરબ્હાર.

પીંજર પણ ના પંખી તેમાં, બંધ ભલેને દ્વાર;
પ્યાલી ખાલી પડી રહી છે, ના તેમાં રસધાર ... મારાં.

શરીર છે પણ પ્રાણ દિસે ના, કિલ્લોલ કરે કાળ;
બીન બન્યું બેહાલ ખરેખર, તૂટ્યા તેના તાર ... મારાં.

દીપક છે પણ તેજ ન તેમાં, સ્નેહ છતાં ના સાર;
ફૂલમહીં ફોરમ ના લાગે, આંખ છતાં અંધાર ... મારાં.

જેમ પરમસુંદર નારીએ હોય કર્યો શૃંગાર,
નાક વિના પણ ના શોભે તે; દુઃખતણો ના પાર ... મારાં.

અથવા સરવર વારિ વિનાનું લાગે છેક અસાર;
તમારા વિના જીવન તેવું, પીડા પારાવાર ... મારાં.

પ્રેમ કરીને આજ પધારો, સોહે મારાં દ્વાર;
સત્કાર કરી 'પાગલ' સાચે સફળ કરે અવતાર ... મારાં.

* * *

## ૩૫. અનુરાગ આપણો અમર હજો !

અનુરાગ આપણો અમર હજો !
હો અનંત કાલ લગી કાયમ ને
ક્ષયથી છેક વિમુક્ત હજો !

કમી થાય ના કૈંયે એમાં,
દિવસે દિવસે પુષ્ટ થજો;
મેરૂ ચળે છતાં ન ચળે એ,
અખંડ ને અભિરામ હજો !

સુખમય સૌને પ્રાણપ્રદાયક,
મંગલતાની મૂર્તિ હજો;
અંતરનો આરામ, તપ્તની છાયા,
તમનું તેજ થજો !

જગની વાડીને ફોરમથી
ભરી પ્રફુલ્લ ભલે કરજો;
પાવન કરો પતિતને તેમજ
આંખ અંધને એ ધરજો.

ભૂલેલાંનો પથ બનજો ને
જીવનનું મંગલ કરજો;
ભેદભાવ અજ્ઞાન મેલ ને
અશાંતિ અંતરની હરજો !

નવી હવા ભરજો સંસારે,
સ્વર્ગથકીય સુખદ ઠરજો;
પીડા અશ્રુ વિષાદ જીવના
પાવન સ્પર્શ કરી હરજો !

આદર્શ બનો અવની માટે,
મારું મંગલ દાન થજો;
'પાગલ' વિરહ ન વ્યાપે તેને,
મિલનરસે ભરપૂર હજો !

## ૩૬. હે દેવ ભરત ભગવાન !

હે દેવ ભરત ભગવાન !
વંદન મારાં લાખ તમોને પ્રભુજી કૃપાનિધાન ! ... હે દેવ.

ગંગાતટ પર કેવું શોભે શુદ્ધ તમારું સ્થાન;
હિમમાળાયે અચળ ઉભી છે દર્શનમાં ગુલતાન ... હે દેવ.

બેઠો આજે અનેક દિનથી હુંય તમારે સ્થાન;
તલસું માની કૃપા પામવા, દેજો મુજ પ્રતિ ધ્યાન .. હે દેવ.

હદ ઉપરાંત સહ્યાં સંકટ મેં, પ્રેમમય કરી પ્રાણ;
દયા કરો તો મળે સહજમાં મને રસતણી લ્હાણ ... હે દેવ.

પ્રેમતણા પારાવાર તમે ભક્તનહિત કરતા,
નેહભરેલી નજર કરો આ શિશુ પર ટળવળતા;
સાચ તમારું ખરે હોય તો મુજને દર્શન થાય,
માનું મંગલ દર્શન પામી કૃતાર્થ થાયે કાય.
કૃપા કરો તો બનું આજ હું આનંદે ગુલતાન ... હે દેવ.

પૂર્ણ તૃપ્તિ સાથે આ સ્થળની અંતે લઉં વિદાય,
માનું તો ઉપકાર તમારો; કરજો મને સહાય.
આ સ્થળ થાય ખરે જ યશસ્વી, મંગલગીત ગવાય,
હિમાલયતણી પવિત્ર જોકે છે પ્રખ્યાત હવા ય.
તલસું માની કૃપા પામવા, દેજો મુજ પ્રતિ ધ્યાન .. હે દેવ!

મૂર્ખ માનતા પત્થર તમને, ચિન્મય કિન્તુ તમે,
પ્રેમબળે પ્રકટો છો સાચે; પ્રેમ કરો મુજને.
મનગમતા રૂપમહીં માનું દર્શન માગું છું,
પૂર્ણ કરી દો ઈચ્છા મારી, દર્શન માગું છું.
દયા કરો તો મળે સહજમાં મને રસતણી લ્હાણ ... હે દેવ!

માનું દર્શનસ્પર્શન પામી જીવન પાવન થાય,
ચિંતા તેમજ વ્યથા પુરાણી અંતરમાંથી જાય.

લક્ષમાં લઈ અરજી મારી આશીર્વાદ ધરો,
વંદન વારંવાર કરું છું, સંકટ હવે હરો!
કૃપા કરો તો બનું આજ હું આનંદે ગુલતાન ... હે દેવ!

બદરીવનમાં તમે જણાવ્યું સિદ્ધિનું આ ધામ,
હજી મળ્યું ના પરંતુ મુજને કો' ઠરવાનું ઠામ.
વચન કરી દો સત્ય હવે તો, તલસે મારો પ્રાણ,
'પાગલ' પ્રાર્થે અરજ આટલી જલદી ધરજો ધ્યાન.
વંદન વારંવાર તમોને પ્રભુજી કૃપાનિધાન ! ... હે દેવ!

* * *

## ૩૭. ક્યારે દર્શન થાય તમારું !

ક્યારે દર્શન થાય તમારું !
એ જ લગન છે લાગી દિલને દર્શન થાય તમારું,
ક્યારે દર્શન થાય તમારું !

તરસ તપાવે અંતરને એ, જીવન કરતી ખારું;
લોચનિયાં આ અખંડ ઝંખે, ક્યારે તમને ભાળું !
ક્યારે દર્શન થાય તમારું !

ક્યારે પ્રકટો રૂપ લઈને રસમય ને રઢિયાળુ;
સંગમ થતાં ઉભયનો બનશે તીર્થ ખરેખર ન્યારું.
ક્યારે દર્શન થાય તમારું !

દિલ તલપે છે દિલને મળવા, પરંતુ બહુબહુ વારું;
ઉપાય એકે હાથ ન આવે, ધીરજ તોયે ધારું.
ક્યારે દર્શન થાય તમારું !

કુસુમથકી પણ કૈંયે કોમળ, ચંદ્રથકી પણ ચારુ,
અંગ અનંગનિકેતન ક્યારે નેનન ભરી નિહાળું !
ક્યારે દર્શન થાય તમારું !

'પાગલ' કર્યો મને તે માનું નસીબ મોટું મારું;
રહો અધિક પણ દૂર હવે તે સમજો તો નહિ સારું.
ક્યારે દર્શન થાય તમારું !

* * *

## ૩૮. વાદળ, નભની પાર આજે જાઓ

વાદળ, નભની પાર, આજે જાઓ !
વરસાવી રસધાર, વેગે જાઓ ! .. વાદળ.

વાસ કરે દેવી દુનિયાની,
ખેલે છે જ્યાં માત મહારી;
પવનપાંખપે જાવ પહોંચી;
કાસદ કોઈના તો થાઓ ! ... વાદળ.

ગાન વિરહનાં ત્યાં જઈ ગાઓ,
અનુકંપા ઉરમાં ઉપજાવો;
પામી પધારે તો સમજાવો,
અંતર એને લેખ લખાવો ... વાદળ.

સૂર્યચંદ્રની ગતિ છે ના જ્યાં,
પવન પહોંચે ના પાવક ત્યાં,
ધામ કહે છે એનું છે ત્યાં;
શીઘ્ર જઈને ભાળ લગાવો ... વાદળ.

દૂત તમે, નહિ રોકે કોઈ,
માર્ગ આપશે રૂપ જ જોઈ;
લોચન રાતાં રોઈ રોઈ;
સ્નેહી છો, સંદેશ સુણાવો ... વાદળ.

ભૂમિ હિમાલયની હરિયાળી,
બેઠો બાલક ત્યાં રસ ધારી;
પ્રેમતણો છે પ્યાસી એ તો,
દીધું બીજું સર્વ વિસારી ... વાદળ.

ભૂલી ગયાં તમે શું તેને?
આરામ નથી આજે એને;

પ્રેમપિયૂષ પિલાવો પ્રેમે,
નવજીવન ના જડતું કેમે ... વાદળ.

માતા સાથે પાછા આવો,
માત મળે ત્યારે મધુ ગાઓ;
ચપલામાં હરખે ચમકારો,
વૃષ્ટિ કરી અમને રસ પાઓ ... વાદળ.

નભ પૃથ્વીને મિલન કરાવો,
પટુતા તે મુજનેય બતાવો;
'પાગલ' પ્રાર્થે જલદી જાઓ,
મિલન અવશ્ય અમારું કરાવો ! .. વાદળ.

વાદળ, નભની પાર, આજે જાઓ !
વરસાવી રસધાર, વેગે જાઓ ! .. વાદળ.

* * *

## ૩૯. પરોપકાર સમું પૃથ્વીમાં ઉત્તમ કૈંયે ના

પરોપકાર સમું પૃથ્વીમાં ઉત્તમ કૈંયે ના.
સેવા સમું સુખદ સંસારે શ્રેષ્ઠ કશુંયે ના,
સંતશાસ્ત્ર સૌ એ જ કહે છે; સંશય એમાં ક્યાં?
... પરોપકાર સમું.

રોતાંનાં લોચન લૂછવાં ને દર્દ દૂર કરવાં,
પીડિતની પીડા હરવી ને સ્વપ્ન સુખદ ધરવાં;
સનાથ કરવાં અનાથને ને જીવનથી ભરવાં;
એથી ઉત્તમ નથી ખરેખર કૈંયે અવનીમાં.
... પરોપકાર સમું.

તપ્ત હૃદયને છાંયા દેવી, દેવો તેમ પ્રકાશ,
હતાશને હિંમત ને દેવી નિરાશને પણ આશ;
શ્રેષ્ઠ સાધના છે એ, બીજો યજ્ઞ પરમ છે ક્યાં?
... પરોપકાર સમું.

તરસ્યાંને પાણી ભૂખ્યાંને ભોજન ભાવ કરી;
ઘાયલની ગતિ જાણી લેવી સેવાભાવ ભરી;
તપસ્યા નથી એ કૈં નાની, યોગ પરમ છે હા;
... પરોપકાર સમું.

જીવન તે છે ધન્ય અન્યને સુખકારક છે જે,
ભવતારક ને દોષવિદારક લોકહિતે રત જે;
મંગલ માર્ગ મુસાફરનો છે વિનાશ કો'દી ક્યાં?
... પરોપકાર સમું.

અન્યતણા ઉદ્ધારમહીં છે શ્રેષ્ઠ રહી સેવા,
માગું છું એ વાત તમોને ખાસ કરી કે'વા;
'પાગલ' કે' પીડા હરવામાં વિલંબ કરશો ના;
... પરોપકાર સમું.

* * *

## ૪૦. તારી આશ કદી ન મરે !

તારી આશ કદી ન મરે !
પ્રેરણાતણું પાણી પીપી છેવટ છેક ફળે ! ... તારી.

જોજે સાધક, પ્રેમપ્રવાસી, શોક કદી ન કરે,
હિંમત લેશ હણાય ન તારી, ખાલી હાથ ફરે ... તારી.

અપયશ કરતાં મરણ ભલું છે, લડતાં ભલે મરે;
ઘાયલ થા તો લેશ ન ડરજે, રણમાં રક્ત મળે ... તારી.

સુમનસેજનાં સ્વપ્ન તજી દે, કંટક સ્હેજ મળે;
ગૌરવથી વિશ્રામ કરી લે, અંતે સ્વર્ગ ધરે ... તારી.

હિંમત ધર ને શંકા તજ તું તો તો વિજય વરે;
શ્રદ્ધાશરણ ગ્રહી લે ના જે તે તો કેમ તરે? ... તારી.

આજ ભરે જે ઝેરકટોરા, અમૃત કાલ મળે;
અંધારે જે અટવાયે તે કાલ પ્રકાશ કરે ... તારી.

આશાજ્યોત અખંડ જલે છો, તેથી હેતુ સરે;
'પાગલ' આશાબલથી જોને સ્મિતની સાથ તરે ... તારી.

* * *

## ૪૧. આજની રાત અનેરી હો !

આજની રાત અનેરી હો !
રસભર સિદ્ધિછલેલી હો, આજની રાત અનેરી હો !

અંધારી કૈં રાત ગઈ છે, આ અજવાળી હો,
અપ્સરાસમી અલૌકિક વળી અમીભરેલી હો !
... આજની.

નવી આશ ને નવી જિંદગી, સાજ સજેલી હો;
વરદાયક ને સુંદરતાને હોય વરેલી છો !
... આજની.

ચંદ્રપ્રકાશે ખૂબ સુશોભિત ચારુ બનેલી હો;
મધુર પવનથી પ્રસરો સઘળે સુવાસ એની છો.
... આજની.

તાપવિનાશક રાત જગતને જીવનદાયક હો;
શાંતિપ્રદાયક તેમ સહાયક મંત્રમઢેલી હો !
... આજની.

તમારા પ્રકટવાથી શોભિત મંગલ પાવન હો;
મધુર મિલનની રાત આપણી શાંતિસજેલી હો !
... આજની.

યુગયુગ રાત રહેતી છો એ, ભય તેમાં છે શો?
'પાગલ'ને ધ્રુવપદ દેનારી થાય અનેરી છો !
... આજની.

* * *

## ૪૨. કલ્યાણની ખરેખર વર્ષા હવે કરી દો !

કલ્યાણની ખરેખર વર્ષા હવે કરી દો !

ધરતી ઘણી તપી છે, વિહ્વલ બની રહી છે;
રસના નિધાન, તેને રસથી હવે ભરી દો ! ... કલ્યાણની.

ખેડૂત ખેતરે આ ઝંખે સદા તમોને,
આશાભરી; નિરાશા તેની હવે હરી લો ! ... કલ્યાણની.

પંખી જુઓ પુકારે, પશુ કેમ પ્રાણ ધારે;
વૃક્ષો ચહે છે જીવન, જીવન ખરે ધરી દો ! ... કલ્યાણની.

સૂકાય કંઠ મારો, સંતપ્ત પ્રાણ સારો;
હે પ્રાણ, તો પધારો, ઉકળાટ આ હરી લો ! ... કલ્યાણની.

આજે ખરે પધારો, ઉદ્ધાર થાય મારો;
પરિપૂર્ણતા ધરીને નૂતન મને કરી દો ! ... કલ્યાણની.

કલ્યાણ થાય કૈંનું, કલ્યાણ જો કરી દો;
પાવન પ્રકાશ પામે, દર્શન પ્રથમ દઈ દો ! ... કલ્યાણની.

* * *

## ૪૩. આજ વિરહની વ્યથા શમાવો

આજ વિરહની વ્યથા શમાવો !

મિલનમાધુરી રેલાવીને
જીવનમાં નૂતન ગત ગાઓ,
પ્રકટ કરીને પ્રભાત નૂતન
નવો પ્રકાશ બધે પ્રકટાવો !

વિષની છાયા શાંત કરીને
અમૃતપાન ખરે જ કરાવો;
અપૂર્ણતાનો અંત આણતાં
પરિપૂર્ણમહીં સ્થાન અપાવો !

'પાગલ'ને વધુ વાર હવે ના
એકલદોકલ આમ ભમાવો;
અંતિમ હો આ રાત વિરહની,
કાલ મિલનનું પર્વ મનાવો !

* * *

## ૪૪. કૃપાની વર્ષા થતાં

કૃપાની વર્ષા થતાં કૈં યે અસંભવ ના,
રહે ના મુશ્કેલ કૈં, કૈં યે અસંભવ ના.

રાય થાયે રંક તેમજ રંક થાયે રાય,
મૂર્ખ પણ જ્ઞાની બને ને મૂકજન પણ ગાય;
પંગુ પર્વત પર ચઢે ને અંધ એકલ જાય,
રજથકી મેરૂ બને, મેરૂ રજે પલટાય.

સાધનાવિણ માનવીને ધન્યતા દે તે,
કોટિ યત્ન છતાં મળે ના સિદ્ધિઓ જેને;
ના પ્રયાસ કરે છતાં પામી કૃપાને એ,
માનવી પામે પરમપદ પૂર્ણતા સ્હેજે.

બિંદુ પણ એનું ખરેખર ધન્યતા આપે,
કષ્ટ તેમજ બંધનો કપરાં છતાં કાપે;
વધારે જો થાય વર્ષા કો'ક પર તેની,
વાત કેમ કરી કહેવી શી મજા એની !

કૃપા પામ્યે કૈં રહે ના પામવું બાકી,
જિંદગી આખી બની જાયે મધુર ફાકી;
લાભ બીજો ના રહે આનંદ પણ કોઈ,
માનવી એ મેળવી કેવો રહે સોહી !

કૃપા વરસો એ હવે છે અરજ મારી ખાસ,
પધારો પાસે મટે મારી પુરાણી પ્યાસ;
કહે 'પાગલ' થાય ના જોજો કૃપાની હાર,
વિજય એનો હો નિરંતર, કરે મુજને પાર.

* * *

## ૪૫. આજે આંખ ફરકતી મારી

આજે આંખ ફરકતી મારી.
મંગલકારક લેખાયે એ, લાભ થવાનો ભારી ... આજે.

પવન પ્રસન્નપણે પ્રસરે આ, સુવાસ કેવી ધારી;
ફોરમ ઉપવનમાં ફેલાઈ, કુસુમોની શી ન્યારી ! ... આજે.

આહ્‌લાદક છે ચંદ્ર ખરેખર આજ અનેરો કાંઈ;
ખુલ્લા ગગને ચમકે છે એ, અખંડ અમૃતમાંહી ... આજે.

મંદિર મારું ખૂબ મહેંકે, ઉત્સવ જાણે ભારી;
અંતરમાં આનંદ ન માયે, વાગે વીણા સારી ... આજે.

કોનો મધુરો ઉત્સવ આજે, કોની આ તૈયારી ?
કોના સ્વાગતની આ લીલા સઘળી મંગલકારી ? ... આજે.

ખબર તમારા શુભાગમનની આ તો સઘળી સારી;
તમારાવિના લાભ ન બીજો મંગલ મારે કાંઈ ... આજે.

ભલે પધારો, પાવન થાયે આજ મહૂલી મારી;
અવશ્ય આવો, જીવનમંગલ, લેવા મને ઉગારી ... આજે.

માળા છે તૈયાર કરી આ સ્વાગતકાજ રૂપાળી;
'પાગલ' કહે ચરણમાં અર્પું જઈ રૂપ પર વારી ... આજે.

* * *

## ૪૬. અંતરના અનુરાગ ભરેલાં

અંતરના અનુરાગ ભરેલાં,
ગીત ગૌરવે બધાં મઢેલાં,
સ્નેહ સુવાસે છેક છલેલાં,
અર્પું છું તમને !

અમૃતમય ને જીવનધન છે,
પ્રાણ ખરેખર મારે મન છે;
તમારી જ પૂજાનાં ફળ છે,
અર્પું છું તમને !

એક તમારે કાજે પ્રકટ્યાં,
મોહ્ઈ ક્યાંયે ના અટક્યાં;
તમારાં જ ચરણોમાં હરખ્યાં,
અર્પું છું તમને !

પૂજાની સામગ્રી સારી,
ભલે ન હો કવિતા કૈં ન્યારી;
ભાવભરી ભાષા છે ભારી,
અર્પું છું તમને !

બદલામાં શું તમે આપશો ?
કૃપા કરીને કષ્ટ કાપશો ?
સદાકાજ સહ્વાસ આપશો,
દર્શન આપીને ?

'પાગલ' કરે પ્રાર્થના આજે,
શિશુને તો સુખ ધરવું છાજે;
આવો અમીભરેલ અવાજે,
અંતર એ જાચે.

* * *

## ૪૭. આજે સિદ્ધિનો દિન હો !

આજે સિદ્ધિનો દિન હો !
પુરુષથકી પુરુષોત્તમ કરતો યાદગાર દિન હો ! ... આજે.

લોકોત્તર કરનારો થાયે દિવસ સિદ્ધ આ છો,
પ્રકાશમાં પલટાવી દેતો ઊગ્યો જગમાં છો ! ... આજે.

અમૃતપ્રાપ્તિ કરાવનારો, દોષ સકળ હરતો;
જોડ ન એની હશે જગતમાં, જીવનને ધરતો ... આજે.

અમર બનો એ, ધન્ય બનો, ને ખૂબ યશસ્વી હો !
મનુકુલને ગૌરવ દેનારો એક અલૌકિક હો ! ... આજે.

નવીન યુગનો દૂત બને તે સંદેશ ધરે છો;
'પાગલ' પાસે પ્રકટ થઈને ભલે પરમપદ દો ! ... આજે.



* * *

## ૪૮. તલસી ચુક્યો ઘણુંયે

તલસી ચુક્યો ઘણુંયે, તલસાવશો હવે ના.

જીવન તમારે ચરણે ધરિયું સપ્રેમ મેં આ,
સ્વીકારો આજ તેને, રઝળાવશો હવે ના ... તલસી ચુક્યો.

સંકટ સહ્યાં ઘણાંયે, તીખાં તપે કર્યાં મેં;
શક્તિ જરી રહી ના, નિર્બળ મને કરો ના ... તલસી ચુક્યો.

હિંમત ધરી તમારી આરાધના કરી છે;
પરિપૂર્ણ તે કરી દો, નિષ્ફળ મને કરો ના ... તલસી ચુક્યો.

હૈયે જરી જુઓ તો, પ્રિય અન્ય છે નહીં કો' ;
મારાં ખરે તમે છો; રીબાવશો હવે ના ... તલસી ચુક્યો.

ચિંતા વધી ઘણીયે, ના વેદના શમી છે;
આ આગમાં વધારે અકળાવશો મને ના... તલસી ચુક્યો.

ભમતો ભવાટવીમાં એકલ અપંગ આવી;
ક્યાં લગ વ્યથાને ગાવી? ભરમાવશો હવે ના ... તલસી ચુક્યો.

હો આજ આશ પૂરી, રાખી ઘણી સબૂરી;
રાખી મજા અધૂરી અકળાવશો હવે ના... તલસી ચુક્યો.

'પાગલ' પ્રસન્ન થાશે, માશે નહીં હુલાસે;
ઉપકાર ખૂબ ગાશે; ગવરાવશો હવે ના? ... તલસી ચુક્યો.

* * *

## ૪૯. ધન્ય જેણે કરી લીધો એક તમને પ્રેમ

ધન્ય જેણે કરી લીધો એક તમને પ્રેમ,
કર્યું જેણે હૃદય નિર્મળ હોય જેવું હેમ;
વિષમ વાતાવરણમાં પણ નિભાવીને નેમ ... ધન્ય.

તપ્યા તેમજ સહ્યાં સંકટ તમારે માટે,
ના ચાલ્યા, આગળ વધ્યા નિત તમારી વાટે;
એમ એક દિવસ તમારો લભ્યા પૂર્ણ પ્રકાશ,
ધન્ય જેને ઉર નથી અંધારનો અવકાશ.

નિહાળ્યાં તમને નયનથી ખૂબ નેહ કરી,
કર્યું આલિંગન તમારી સાથ વાત વળી;
તમારું વરદાન પામી બન્યા છેક ધની,
ધન્ય જેને દીનતા કે કૈં રહી ન કમી.

જેમની પાસે તમે પણ પ્રેમથી પ્રકટ્યાં,
પ્રેમ વ્યક્ત કરી તમે પણ અંતરે હરખ્યાં;
ગીત ગાયાં તમારાં સ્વપ્નો સદા સેવ્યાં,
ધન્ય જીવન માનવીનાં તે અહા કેવા !

જે પ્રસિદ્ધ પ્રકાશપથના પ્રવાસી બનિયા,
પરમધામે પહોંચીને પૂર્ણતા વરિયા;
તમોને મળિયા, હૃદયને રાગથી ભરિયાં,
ધન્ય જેના હેતુ આ સંસારમાં સરિયા.

કરું વંદન કોટિવાર મહાપુરૂષને તે,
મને આશીર્વાદ આપે, દિવ્ય વર દે એ;
નેહની નજરે જુએ નિજ જાણતાં મુજને,
ધન્ય દર્શન તેમનું કાયમ મળે મુજને.

કહે 'પાગલ' બાલ હું એવો થવા માગું,
અલ્પ છે અધિકાર પણ ઉત્તમ થવા માગું;
ધન્યજન શ્રેણીમહીં મુજને ય સ્થાન ધરો,
અર્પતાં સૌભાગ્ય ઉત્તમ ધન્યધન્ય કરો.

* * *

## ૫૦. આજ અંતિમ દિવસ મારો ભરતમંદિરમાં

આજ અંતિમ દિવસ મારો ભરતમંદિરમાં.

સ્થાન છે મંગલ તમારું ભરતજી પ્રભુ, આ,
રમ્યતા ગંગાતણી અન્યત્ર દીસે ના;
પર્વતો શોભી રહ્યા દરવાનના રૂપમાં,
જે નિહાળે તે તરત આવી જતા સુખમાં.

આજ અંતિમ દિવસ મારો ભરત મંદિરમાં;
કરી દો તેની સફળતા સિદ્ધિના રૂપમાં;
પ્રાર્થના આ લક્ષમાં લો હે પ્રભો, મારી,
હૃદય ઉભરાઈ જશે ઉપકારથી ભારી.

માત, 'પાગલ' પાસ પ્રકટો આજ તો પ્રેમે,
ભરી દો એને તમારી રસભરી રે'મે;
વેદનાનો થાય અંતિમ દિવસ સાચે આ,
આજ અંતિમ દિવસ મારો દિવ્ય સ્થળમાં આ.

* * *

## ૫૧. શુક્રવારની રાત

શુક્રવારની રાત આજ
તો શુક્રવારની રાત.

આજે કોલ મિલનનો આપ્યો
ફરીથી તમે માત !
અવશ્ય આવો આજ રાતનું
કરવા પુનિત પ્રભાત.

શુક્રવારની રાત આજ
તો શુક્રવારની રાત.

અંતરમાં આનંદ અનેરો,
કેમ કરાયે વાત;
વાત કરીએ મળો તમે તો,
ઉજ્જવલ થાયે જાત.

શુક્રવારની રાત આજ
તો શુક્રવારની રાત.

'પાગલ' પ્યાસી તલસે તમને
આતુર આંખે માત!
પાઈ પ્રેમપિયૂષ કરી દો
સફળ આજની રાત !

શુક્રવારની રાત આજ
તો શુક્રવારની રાત.

* * *

## પર. ક્યારે પૂરણ કરશો આશ ?

ક્યારે પૂરણ કરશો આશ ?

રોજ સવારે કરું પ્રતીક્ષા પૂજા કરતાં ખાસ,
ફોરમવંતાં નવાં ફૂલથી શણગારું આવાસ ... ક્યારે.

દીપ જલાવી રાતભર રહું જોઈ હું ચોપાસ,
હમણાં આવો, હમણાં આવો, રટતાં શ્વાસો શ્વાસ ... ક્યારે.

સેજ સજાવી સ્નેહ કરી મેં, વ્યાપી ખૂબ સુવાસ;
વીણાતારે આમંત્રણના સ્વર રેલાવું ખાસ ... ક્યારે.

અમૂલ્ય અવસર વીતી જાયે, અંતર થાય ઉદાસ;
આજ પધારો પ્રેમ કરીને રમવા રસમય રાસ ... ક્યારે.

'પાગલ'ને એક જ લ્હે લાગી, થાય ન એનો નાશ;
પૂરણ આશ કરી દો આજે, રેલી પૂર્ણ પ્રકાશ ... ક્યારે.

* * *

## ૫૩. મારી આશા અમર હજો !

મારી આશા અમર હજો !
કરમાશો ના કદિકાળે એ નષ્ટ કદી ન થજો ! ... મારી.

પુનિત પ્રેરણાપાણી એને પવન મધુર મળજો,
દિલની ક્યારીમાં ચીવટથી એનું જતન થજો ... મારી.

નવાં ફૂલથી મઘમઘતી એ જીવનને ભરજો,
મધુર કરીને અંતર મારું રસભીનું કરજો ... મારી.

અવરોધોથી અટકો ના એ, વ્યાકુળ ના બનજો;
નાહિંમત ના સ્વપ્ને બનજો, કષ્ટ કુસુમ ગણજો ... મારી.

વિપથ થકી તો દૂર રહીને સન્માર્ગે વળજો,
પર્વત સાગર વન કે રણ હો, માર્ગ સદા કરજો ... મારી.

ખૂબ સુકોમળ છતાં તાપને સ્મિત સાથે સહજો,
આઘાત બધા હજમ કરીને વિષમાં પણ વહજો ... મારી.

પરહિતભાવે ભરપૂર હજો, શુભસર્જન કરજો;
જગના મંગલની માત બની પાવનતા ધરજો ... મારી.

ત્રિતાપને ટાળીને અંતે દર્દ બધું હરજો;
'પાગલ' મંગલ મિલન મેળવી ઉત્તમ વર વરજો ... મારી.

* * *

## ૫૪. કરો ના કેમ મને પણ પ્રેમ ?

કરો ના કેમ મને પણ પ્રેમ ?
ચાહું તમને દિલથી સાચે, ચાહો ન તમે કેમ ?

લોચન તમને જોવા ઝંખે ખૂબ જ આતુર જેમ,
સંગીતસ્વરો સુણવા ચાહે શ્રવણ તમારા તેમ ... કરો ના.

શીતલ સ્પર્શ સુવાસિત ચાહે અંગ કરો જો રે'મ,
પ્રાણ પ્રકાશ તમારો પ્રકટે આશ કરે છે એમ ... કરો ના.

રાગથકી રંગાઈ રટતાં રોમ રસિકની જેમ,
તમે તોય ના કૃતજ્ઞતાથી રટતાં મુજને કેમ? ... કરો ના.

કપટ નથી કૈં મારા પ્રેમે, નથી મલિનતા તેમ,
પવિત્ર છે ગંગાજલ જેવો, વિશુદ્ધ જાણે હેમ ... કરો ના.

ઉર ખુલ્લું છે શરદઋતુના મારું નભની જેમ,
તમારે જ માટે તે તલસે, ના જાણું કે કેમ ! ... કરો ના.

સ્થાન તમે તેમાં ના લેતાં તો પણ સાચે કેમ ?
પ્રકટો કેમ તમે ના પ્રેમે કરવા તેનું ક્ષેમ ? ... કરો ના.

કાળ કઠિન આ દૂર કરી દો, કરી દો હવે પ્રેમ;
મિલનની મધુર ઉષા ઉદિત હો, 'પાગલ' પ્રાર્થે એમ ... કરો ના.

* * *

## ૫૫. ગજું મારું કેટલું

ગજું મારું કેટલું તપ તીવ્ર તપવાનું,
વિરહનું અતિદીર્ઘ સંકટ મૂક સહવાનું?
દીન કોમળ બાળ હું તો મોજ બસ માણું,
સાધના તપ ધ્યાન ક્યાંથી યોગને જાણું?

જ્ઞાનની ગમ શી મને, હું મંદબુદ્ધિ છું;
ભેદ ભક્તિનો ન સમજું હીન છેક જ હું;
ભાવભીના હૃદયથી મા મા કરી જાણું,
અબુધની ભાષામહીં વાતો કરી જાણું!

રટું તમને રોજ, કરતો તમારા જ વિચાર,
તમારા ભાવો વિના ના લાગતો કૈં સાર;
તમારી મધુમૂર્તિને જોવા સદા ચાહું,
કૃપા કરશો તો જ સુખ ને શાંતિ વર પાવું.

દોડતાં આવો તમે તો પ્રેમથી આજે,
બાલ 'પાગલ'ને ન દેવું કષ્ટ વધુ છાજે;
અંકમાં લેતાં હૃદય સાથે લગાવી લો,
સુધાપાન કરાવતાં સુખ સ્વર્ગથી વધુ દો.

* * *

## ૫૬. શાંત ચિત્ત કરી, કરી લો તો વિચાર જરી

શાંત ચિત્ત કરી, કરી લો તો વિચાર જરી,
લાગશે મારી તમોને વાત છેક ખરી;
આરઝૂ મારી તમે સમજી જશો સઘળી,
શાંત ચિત્ત કરી, કરી લો તો વિચાર જરી.

વધારે પડતી નથી કૈં માગણી મારી,
જણાશે તમને; સમજશો ને દશા સારી;
બહુ વખતથી વાત છે મેં કેમ એક કરી,
શાંત ચિત્ત કરી, કરી લો તો વિચાર જરી.

માગવા જેવું તમારા વિણ ખરેખર શું?
ચાહવા જેવું તમારા વિણ નથી જ કશું;
એટલે ચાહું તમારી સાથ છેક વસું,
પ્રાર્થતો તમને સહીને કષ્ટ કાલ હસું.

કહે 'પાગલ' રહો તેથી પ્રેમસાથ મળી,
તરું કે અંધાર, જાયે પ્રાણ છેક ફરી;
અતિશયોક્તિ છે નહીં આમાં કશીય કરી;
શાંત ચિત્ત કરી, કરી લો તો વિચાર જરી.

* * *

## ૫૭. કાળનું ચક્ર નિરંતર ફરે

કાળનું ચક્ર નિરંતર ફરે.

અંધારા આકાશે આવી સૂર્ય પ્રકાશ કરે,
ઉષ્મા પામી માનવ મલકે, ભીષણ ટાઢ ટળે.
... કાળનું ચક્ર.

કષ્ટ સહ્ન જે કરે, વેદના આજ સહ્ન જે કરે,
કાલ વિજયને વરે, ખરે તે કાલ વિજયને વરે.
... કાળનું ચક્ર.

સંકટ સાચે નથી સનાતન; વાદળ જેવાં મળે,
વ્યોમ મળીને વિખરાયે એ, સંકટ તેવાં ટળે.
... કાળનું ચક્ર.

આંસુ ભલેને આજે સારે, અશાંતિ પણ ના ટળે;
પ્રાર્થના કરે મૂક હૃદયથી, ઉત્તર પણ ના મળે.
... કાળનું ચક્ર.

જે ઝંખે તે જરૂર પામે, વિરહ-તમિસ્ત્ર ટળે;
પ્રાર્થે તેને ઉત્તર મળતો, અંતે હેતુ સરે.
... કાળનું ચક્ર.

વ્યથાથકી વિહ્વલ ના બનતા, ધૈર્ય સદાય ધરે;
ગભરાયે ના ગિરિગહ્વરથી, તેને મંગલ મળે.
... કાળનું ચક્ર.

'પાગલ' કહે સહી લે સંકટ, જોજે શોક કરે;
કાલ વિજય નક્કી મળવાનો, ક્રમ કો'દી ના ફરે.
... કાળનું ચક્ર.

* * *

## ૫૮. નિરખવાની મધુર મુખને લગન મુજને ગઈ લાગી

નિરખવાની મધુર મુખને લગન મુજને ગઈ લાગી,
તમારે કાજ અંતરમાં તરસ તીખી ગઈ જાગી.

મટે ના કેમ કરતાંયે તમારી મધુભરી યાદી,
ફૂલીને ખૂબ ફાલી છે હતી જો કે જરા સાદી.

વખત વીતે છતાંયે ના મટે, દ્વિગુણિત બને છે તે;
હૃદયને રંગતી રાગે, પરમ સુખશાંતિદાયક છે.

ઉછેરી પ્રેમપાણીથી કરી પૂજા વળી બહુયે,
લભ્યો છાયા સુખદ એની, લભી લો માનવી સહુયે !

નયનનો નેહ પીવો છે, મને લગની ગઈ લાગી;
હૃદય રોજે રટે તમને, થયું છે ખૂબ અનુરાગી.

તમારી આંખ તો જાણે પ્રસન્ન પિયૂષની પ્યાલી,
પધારો પાસ મારી તો કરી તેને દઉં ખાલી.

કહે 'પાગલ' હૃદયવીણા તમારે કાજ આ વાગી,
સુણો સંગીત એનું, એ રહી મિલ્કત મહા માગી.

* * *

## ૫૯. સૌ સાધનનો સાર પ્રેમ છે

સૌ સાધનનો સાર, પ્રેમ છે.

પ્રેમ વિના ના કોઈ સમજે આ જીવનનો સાર,
લાખ ઉપાયે પામી ન શકે ભવસાગરનો પાર ... પ્રેમ છે.

જ્ઞાનયોગના માર્ગ અનેરા, તીખા તપના તાર;
વ્રત ને કર્મ પ્રબળ બહુ તોયે પ્રેમ વિના બેકાર ... પ્રેમ છે.

ઉપાસનાના આડંબરમાં અટવાયે બહુ કાળ;
પ્રેમમાર્ગમાં પગલું ન ભરે તે ન પહોંચે પાર ... પ્રેમ છે.

પવિત્ર દિલના પ્રકાશજેવો સુખનો છે આગાર;
પ્રકટ થાય છે પાપ પ્રજળતાં શાંતિ પારાવાર ... પ્રેમ છે.

પ્રેમરહિત સાધકજન કૈંયે ખૂબ જ ખાધો માર;
તરી ગયા પ્રેમીજન સ્હેજે, કરી ગયા ઉદ્ધાર ... પ્રેમ છે.

'પાગલ' પ્રાર્થે બે કર જોડી, છે મારો નિરધાર,
પ્રેમસુધાથી સભર કરી દો, થાય પછી ના હાર ... પ્રેમ છે.

* * *

## ૬૦. મને તમે કેમ વિસાર્યો છે ?

મને તમે કેમ વિસાર્યો છે ?
નજર કરો ના મારા પર કાં, ઉર ના ધાર્યો છે? ... મને.

પ્રેમ કરું છું પુષ્કળ તમને, તોય વિસાર્યો છે;
અંતે તજશો? આજ સુધી તો પ્રેમે પાળ્યો છે ! ... મને.

સંકટસાગરથી સંભાળી મુજને તાર્યો છે;
દીર્ઘ તમારો વિરહ છતાંયે કેમ ન માર્યો છે? ... મને.

આજ સુધી તો ભક્ત તમારો કોઈ ન હાર્યો છે;
નિર્બળને પણ બલ આપીને છેક ઉગાર્યો છે ! ... મને.

યાદ કરીને સમય ખરે મેં ખૂબ જ ગાળ્યો છે;
'પાગલ'ને યાદ કરી લો એ તનમન વાર્યો છે ! ... મને.



* * *

## ૬૧. વીતી ગયો દિવસ વધુ એક

વીતી ગયો દિવસ વધુ એક.
હજી તમારું મિલન થયું ના,
દિવસ આથમ્યો એક ... વીતી.

કાળચક્ર ફરતું જ રહે છે
ચંચલ જેવું છેક;
પ્રતીક્ષા કરી આજ લગી મેં,
વીત્યાં વરસ અનેક ... વીતી.

જીવન અલ્પ કહ્યું માનવનું,
તેમાં દર્દ અનેક;
તો પણ બનતી રાખી છે મેં
એક તમારી ટેક ... વીતી.

તમને મેળવવાને કરિયા
પ્રયાસ મેં કૈં નેક;
ફળ્યા નથી આજ લગી કોઈ;
થયો હવે અતિરેક ... વીતી.

વધી રહ્યો પ્રતિદિન આગળ હું
કરતાં સુક્ષ્મ વિવેક;
પરંતુ પામ્યો હજી તમારા
તનમનની ન મહેંક ... વીતી.

મંદિરમાં ઘંટારવ થાયે,
ગીત ગવાય અનેક;
મારું જીવનમંદિર સૂનું,
ડૂબ્યું વિરહે છેક ... વીતી.

છતાં નિરાશ થયો 'પાગલ' ના,
કરતો નિત અહ્‌લેક;
પ્રકટે પૂનમ તેમ પ્રકટશો
અવશ્ય દિન તો એક ... વીતી.

* * *

## ૬૨. મધુર મુખ જોવા મને મળે

મધુર મુખ જોવા મને મળે;
તો જ મટે બેચેની મારી,
તેમ અશાંતિ ટળે ... મધુર મુખ.

વેદના શમે, તરસ મટે ને
પૂરણ તૃપ્તિ મળે;
વ્યાકુલ અંતર અમૃતરસથી
તો કિલ્લોલ કરે ... મધુર મુખ.

ધન્ય બની જાયે જીવન ને
ઈપ્સિત વસ્તુ મળે;
સ્વર્ગ મોક્ષ વૈકુંઠ સુખ પછી
લાગે શુષ્ક ખરે ... મધુર મુખ.

જોવા જેવું કૈંય રહે ના,
અમુલખ હેતુ સરે;
બંધન, ચિંતા, વ્યથા, અલ્પતા,
કાયમ કાજ ટળે ... મધુર મુખ.

દર્દ મટે દિલનું આ મારું,
ઉત્સવ પ્રાણ કરે;
ઝંઝાવાતે જકડાયેલું
જીવન મુક્ત તરે ... મધુર મુખ.

સુંદરતાનું મૂળ, સુધામય
જોવા વદન મળે,
'પાગલ' ભાવવિભોર બની તો
સ્વાગત શ્રેષ્ઠ કરે ... મધુર મુખ.

* * *

## ૬૩. હૃદયનો કેમ બતાવું પ્રેમ ?

હૃદયનો કેમ બતાવું પ્રેમ ?
શબ્દમહીં શે કરી સમાવું,
ગીતે ગાઊં તેમ ? ... હૃદયનો.

અનંતધારે જાય વહી એ
અંતરપટ પર પ્રેમ;
તનમનવચને વ્યક્ત થઈને
પ્રસરે પાગલ જેમ ... હૃદયનો.

ચિત્રમહીં અંકિત કરું ક્યાંથી,
શિલ્પે સર્જું કેમ ?
સંગીતે સાકાર કરું શે,
કહું કથામાં કેમ ? ... હૃદયનો.

પૂર ઉઠ્યાં છે એનાં ઉરમાં,
વિશુદ્ધ જાણે હેમ;
પાવન પ્રાણ કર્યો છે એણે
અર્પણ કરતાં ક્ષેમ ... હૃદયનો.

સ્નાન કરી લો એમાં નિશદિન,
એ છે મારી નેમ;
'પાગલ' આમંત્રે છે આજે,
આવો તો સપ્રેમ ! ... હૃદયનો.

* * *

## ૬૪. તમારે ગમેતેમ કરી મને તો તારવો પડશે

તમારે ગમેતેમ કરી મને તો તારવો પડશે.
તમારો મિલનરસ રેલી વિરહને મારવો પડશે. ... તમારે.

લગીરે લાયકાત નથી તમારે કાજ મારામાં;
કહી દીધું તમોને ક્યારથી ના સાર મારામાં;
છતાંયે તમારો માની મને ઉદ્ધારવો પડશે. ... તમારે.

નથી વિજ્ઞાન જ્ઞાન વળી મુજમહીં છે ન ભક્તિ ભરી;
છતાં વ્યાકુળ બની બેઠો તમારી આશ એક કરી;
નયનથી નેહ વરસાવી મને રીઝાવવો પડશે; ... તમારે.

તમારું રૂપ જોવાની તરસ તીખી મને લાગી,
વળી બે વાત કરવાની અનેરી કામના જાગી;
શમાવી તે તમારે પ્રેમથી પંપાળવો પડશે. ... તમારે.

તમોને ગેરલાભ નથી, પરિશ્રમ પણ જરીય નથી;
નવી કૈં આ નથી કથની : ગયા પ્રેમી ઘણાય કથી;
લઈને લક્ષમાં તેને ચરણમાં ધારવો પડશે. ... તમારે.

કહે 'પાગલ' વિલંબ કરી ફજેતી ના કરો ભારી;
વ્યથામાં વૃદ્ધિ ના કરશો કઠોર થઈ વળી મારી;
તમારો છું, તમારાને સદાય ઉજાળવો પડશે. ... તમારે.

* * *

## ૬૫. પધારશો આ વખત તો મારી પાસ જરૂર

પધારશો આ વખત તો મારી પાસ જરૂર,
પ્રાણ એમ સાક્ષી પુરે, મિલનદિવસ ના દૂર.

મિલનદિવસ ના દૂર તમારો ખરે હવે છે,
આત્મા મારો આર્ત બનેલો એમ કહે છે;
ધન્યતા મને આ વખતે તો મળી જવાની,
સંભળાવશો જરૂર મુજને મધુરી વાણી.
વરસોની આરાધના સાચે સફળ થશે,
આ વખતે તો દર્દ ને સંકટ સર્વ જશે.

સંકટ સકળ જશે જીવનનાં આ વખતે તો,
બડભાગી ના હશે જગે મારા સરખો કો' ;
કૃપા તમારી વરસી રે'શે મુજ પર ન્યારી,
તનમનઅંતરને સત્વર તે દેશે તારી.

પધારજો આ વખત તો 'પાગલ' પાસ જરૂર,
લોચન હરખે, અંતરે પ્રકટે રસનું પૂર !

* * *

## ૬૬. આજ તો પૂનમ મહા મનાય

આજ તો પૂનમ મહા મનાય.

ઉત્સવ થાય અનેરો આજે,
પર્વ પવિત્ર ગણાય;
વરસમહીં એક જ છે આવી,
મંગલ ખૂબ મનાય ... આજ તો.

વ્રતનો મહિમા આજ અનેરો,
કીર્તનકથા કરાય;
તીરથ તેમજ ગ્રામનગરમાં
મેળા ખૂબ ભરાય ... આજ તો.

અલૌકિક અને આનંદભર્યો
આજે દિવસ મનાય;
શોક તેમ સંતાપ શમે ને
હરખ બધેય છવાય ... આજ તો.

મારા જીવનમાં પણ ક્યારે
ઉત્સવ મહા મનાય?
છવાય ક્યારે રંગ હૃદયમાં,
શાશ્વત શાંતિ વણાય? ..આજ તો.

'પાગલ' કહે તમારો પૂરણ
આજે પ્રેમ છવાય;
પર્વદિવસ તો થાયે મારે,
દર્શનરસે ન્હવાય ! ... આજ તો.

* * *

## ૬૭. પ્રેમની પૂનમ બની આજે તમે પ્રકટો

પ્રેમની પૂનમ બની આજે તમે પ્રકટો,
પ્રકાશ લઈ પૂર્ણ રસને રેલતાં પ્રકટો;
ચંદ્ર શોભે ગગનમાં તેથીય વધુ સોહી,
સ્મિત કરી સાકાર હો, છો રહે મન મોહી.

બને આશીર્વાદ જેવો ચંદ્ર જગને આ,
શાંતિ આપે, તાપ ટાળે, પ્રેરણા દે હા !
બનો આશીર્વાદ મારે કાજ તેમ તમે,
શાંતિ વરસો, ચિત્ત મારું રૂપમાં જ રમે.

પ્રકાશી પૂનમ ઉઠે અમૃતભરી ગગને,
પ્રકાશો ત્યારે તમે દર્શન દઈ મુજને;
અમીસીંચનથી કરી દેજો કૃતાર્થ મને,
એ જ અભિલાષા હૃદયની, મળો મુક્તમને !

આજની પૂનમ પવિત્ર મનાય છે મોટી,
એક ક્ષણ પણ તો તમે જોજો થશો ખોટી;
થાય જીવનની પુનિત પૂનમ મહા આજે,
વરસજો એવી કૃપા સ્નેહાળ શિશુકાજે.

પર્વ આજે થાય મારું, મિલન મિષ્ટ મનાય,
પ્રેમસાથ પળાય તેમજ સદાકાજ ગવાય;
કહે 'પાગલ' પૂર્ણતા દેવા તમે પ્રકટો,
પ્રેમની પૂનમ બની આજે ખરે પ્રકટો !

* * *

## ૬૮. અતિ નથી અભિમાન સારું

અતિ નથી અભિમાન સારું તેમ અતિ શક્તિ,
રૂપ અતિ, અતિ તેમ આળસ, વળી અનુરક્તિ;
રાખવી સીમા સકળની એમ કહેવાયે,
અતિ નથી સારી કશાની એમ કહેવાયે.

જ્ઞાન અતિ વિજ્ઞાન તેમજ આશ અતિ ધરવી,
ઊંઘ તેમ ઉજાગરાની વળી અતિ કરવી;
શુભ મનાયે તે નહીં સંસારમાં સાચે,
થાય અપમાનિત સદા જે અતિ કરી જાયે.

આ જગતલીલા બધી સીમામહીં સોહે,
મળે મર્યાદા નિરખવા ત્યાં જ મન મોહે;
સૂર્ય, તારા, ચંદ્ર, સાગર તેમ પૃથ્વી આ,
ચક્ર ચાલે કાળનું સીમામહીં શું ના?

મર્યાદ મૂકી તે કરે અતિ કોપ તો થાયે,
નાશ પામે જગત ને આનંદરસ જાયે;
એટલે મર્યાદનો છે મંત્ર મોટો એ,
મહાજન છે તે જ જે સીમામહીં સોહે.

આ બધું જાણો તમે તો પણ ન કાં પાળો?
અતિવિરહ મારો થયો તેને ન કાં મારો?
પુકારે 'પાગલ' સુણી જલદી હવે આવો,
વિરહની પણ અતિ ન સારી, મિલન મધુ લાવો !

* * *

## ૬૯. મારે તમારો જ આધાર

મારે તમારો જ આધાર.
અન્ય નથી કોઈ યે મારું
જગમાં જગદાધાર ! ... મારે.

માતપિતા છો તમે જ મારાં,
સ્વજન સખા ને સાર;
પ્રાણ હૃદય ને જીવનધન છો,
તમે જ મારાં તાર ... મારે.

આજ સુધી છે તમે જ કરિયો
મને કષ્ટથી પાર;
પૂરી આશા, ધરી સફળતા
તેમજ વારંવાર ... મારે.

લાડકોડ પૂર્યા છે મારા,
કર્યો વળી નિસ્તાર;
આ વખતે પણ પ્રકટ બની લો
કરવાને ઉદ્ધાર ... મારે.

તમારા વિના બેચેન બન્યો
'પાગલ' આજ અપાર;
તમારા વિના શાંતિ ધરે કો' ?
તૃપ્ત કરો તત્કાળ ! ... મારે.

* * *

## ૭૦. પૂનમની શોભાનું વર્ણન શેં કરું ?

પૂનમની શોભાનું વર્ણન શે કરું ?
પર્વત પાછળ પ્રકટે પૂરો ચંદ્ર જો; ... પૂનમની.

અમૃતનું છે પાત્ર સુરોએ શું ભર્યું !
આપે એવો અંતરને આનંદ જો ... પૂનમની.

વૃક્ષોની હાર છવાઈ વચમાં રહી,
તેથી લાગે અધિક મનોહર રંગ જો... પૂનમની.

રૂપ નથી આવું ક્યાંયે સંસારમાં;
રસની આવી ક્યાંય ન દીઠી ગંગ જો... પૂનમની.

ભંગ થાય છે રસનો ક્ષણવારે નહીં;
એની આગળ દીસે ક્ષુદ્ર અનંગ જો ... પૂનમની.

અંતરમાં અર્ણવ ઉછળે આનંદનો;
સુખ તો પ્રકટ્યું જોતાંવેંત અનંત જો ... પૂનમની.

વાણીથી વર્ણન કેમ કરીને કરું?
મનની ભાષા સમજાવે શેં અંગ જો ! .. પૂનમની.

ખીલી ઊઠો શોભા તેમ તમે લઈ,
'પાગલ' કે' દીસે તો ઝાંખો ચંદ્ર જો ! ... પૂનમની.

* * *

## ૭૧. આજની આ પૂર્ણિમા

આજની આ પૂર્ણિમા,
હો અનેરી પૂર્ણિમા,
પૂર્ણ જીવનના પ્રતીક સમી પિયૂષી પૂર્ણિમા !

પ્રેમ 'પાગલ'ને ધરો,
કૃપાની વર્ષા કરો,
સિદ્ધ જીવનજ્યોત જેવી આજની હો પૂર્ણિમા !

આજની આ પૂર્ણિમા,
હો અનેરી પૂર્ણિમા,
પૂર્ણ જીવનના પ્રતીક સમી પિયૂષી પૂર્ણિમા !

* * *

## ૭૨. દર્શન દુર્લભ કેમ થયું ?

દર્શન દુર્લભ કેમ થયું?

આટઆટલા પ્રેમીજનને
છેક જ સુલભ થયું;
થયું દોહ્યલું મુજ ખાતર તે,
કપરું કેમ કર્યું ? ... દર્શન.

ખુલ્લે હાથે કૃપામૃત તમે
કૈં જન કાજ ધર્યું;
બિંદુ ધરો ના મુજને શાને,
અંતર કૃપણ કર્યું ? ... દર્શન.

અનેક તપ્ત શ્રમિતને ઉરમાં
આસન તમે ધર્યું;
મારે કાજ જગા શું ખૂટી ?
કેમ ન સ્થાન મળ્યું ? ... દર્શન.

ભાગ્યોદય ના હજી થયો કાં,
કષ્ટ તમે ન હર્યું ?
મિલન મહોત્સવના રસથી ના
કેમ પ્રભાત ભર્યું ? ... દર્શન.

નેન નિહાળી તમને હસશે,
બનશે ઉર રસિયું;
જડતા મટશે ક્યારે, ક્યારે
દેખું સ્વપ્ન ફળ્યું ? ... દર્શન.

દર્શન વિના દર્દ મટશે ના,
ચેન હશે ન મળ્યું;
'પાગલ' દર્શન સુલભ કરી દો
આશીર્વાદભર્યું ! ... દર્શન.

* * *

## ૭૩. બાલ તમારો તપતો બેઠો

બાલ તમારો તપતો બેઠો, કેમ નિહાળો ના,
ભાવ ભરીને રટતો બેઠો, કેમ નિહાળો ના,
મને દર્શન આપો, મા ! ... બાલ.

આશ લઈને મોટી આવ્યો, કાં સંતોષો ના ?
પ્રેમપ્રવાહે ભરપુર ઉરને પાછું ઠેલો કાં ?
મને દર્શન આપો, મા ! ... બાલ.

તમારા વિના ચાહે કોને, જરી વિચારો હા !
તમારા વિના આશ્રય એને આ સંસારે ના.
મને દર્શન આપો, મા ! ... બાલ.

આંખ ઉઘાડી જગમાં ત્યારે પ્રથમ વદેલો 'મા' ;
પ્રીત થયેલી ઘણી પુરાણી એની એ પહેલાં.
મને દર્શન આપો, મા ! ... બાલ.

તમારું જ પય પીને ઉછર્યો, જાય હવે તે ક્યાં ?
સ્વાદ ચખાડ્યો તમે જ એને, છુટકારો છે ક્યાં ?
મને દર્શન આપો, મા ! ... બાલ.

તમારી મધુરતામાં મળિયું મનડુ એનું મહા;
મોહાશે બીજે ના કેમે, ક્યાંયે રમશે ના.
મને દર્શન આપો, મા ! ... બાલ.

રડે, તપે ને મૂક પુકારે, બલ બીજું છે ક્યાં ?
ક્યાં લગ જોઈ તમે રહેશો મા માયાળુ છતાં.
મને દર્શન આપો, મા ! ... બાલ.

અંક ઊઠાવો જલદી એને, પાઓ પયધારા;
'પાગલ'ને પુલકિત કરતાં ધરો કાચે કરમાળા.
મને દર્શન આપો, મા ! ... બાલ.

* * *

## ૭૪. મુજ સમ કોઈ ના બડભાગી

મુજ સમ કોઈ ના બડભાગી.
તમારાં ચરણોનો અનુરાગી.

તરસ તમારો રસ પીવાની
મારે અંતર જાગી;
તમને મળવા માટે લગની
કૈંક દિનોથી લાગી ... મુજ સમ.

અશાંતિ એક તમારે માટે
અંતરપટ પર જાગી;
એક તમારા અનુરાગતણી
મંગલ વીણા વાગી ... મુજ સમ.

તમારા વિના કામના બધી
આશા તેમજ ત્યાગી;
સ્વપ્ન તમારાં સેવ્યાં કેવલ,
ગાળી રાત સુહાગી ... મુજ સમ.

સંપત્તિ મેં ધરી તમારાં
ચરણોમાં વણમાગી;
રસની લ્હાણ મળી છે મુજને,
ભીતિ બધીયે ભાગી ... મુજ સમ.

ભાગ્ય વધારો મારું હજુયે,
બની તમે અનુરાગી;
'પાગલ' કે' દર્શન આપીને
કરો ખરે સદ્‌ભાગી ... મુજ સમ.

* * *

## ૭૫. શાંત ચિત્ત કરી જરીક કરી જુઓ તો યાદ

શાંતચિત્ત કરી જરીક કરી જુઓ તો યાદ,
આપણો સંબંધ કેવો હતો પહેલાં ગાઢ !
પૂર્વજન્મમહીં હતી શી પ્રીતની ધારા,
હૃદય કેવાં હતાં મળિયાં આપણાં પ્યારા !

રહેતાં સાથે સદા, વાતો વળી કરતાં,
પ્રેરણા જીવન નિરંતર અન્યને ધરતાં;
જિંદગી ઉત્સવ સમાન બની હતી પ્રેમે,
જરી યાદ કરી જુઓ; વિસરાય તે કેમે?

અન્યને દર્શન તમારાં કરાવેલા મેં,
આજ દર્શનકાજ મારે દર્દ ખૂબ જ છે;
તલસતો તમને સદા સહવાસને માટે,
સંકટોને સહું સ્મિતથી શીશને સાટે !

ચક્ર કાળતણું તમે આ ફેરવ્યું શાને ?
પ્રીત ભુલ્યાં પૂર્વની ? ત્યાગ્યો મને શાને ?
આંસુ ને આક્રંદમાં ડૂબી રહ્યો છું હું,
છતાં ના હાલો તમે, ઝૂરી રહ્યો છું હું !

અંત લાવો હવે તો તલસાટનો આજે,
સ્વજનને સંકટથકી ઉદ્ધારવો છાજે;
નિહાળો નેહે, હૃદયવીણા પછી વાગે,
રસમય બને પ્રાણ મારો અવનવા રાગે.

કૃપા કરતાં આજ મારી પાસ પ્રકટી લો,
કૃપાપાત્ર મને તમારો પૂરણ કરી દો;
દળદર કરી દૂર વૈભવ શાંતિ સુખ વર દો,
ખૂબખૂબ સહ્યું, હવે આરામ આપી દો.

યશસ્વી કરવા મને યશતિલક આજ કરો,
ભક્ત સાચા સંત સાથે અગ્રસ્થાન ધરો;

મોકલ્યો જે હેતુથી જગમાં તમે મુજને,
સિદ્ધ થાયે હેતુ તે, હો શરૂઆત હવે !

હવે આશીર્વાદ દો પ્રકટી તમે પ્રેમે,
આજનો અવસર ન જોજો વ્યર્થ હો કેમે;
કહે 'પાગલ' કરીએ લીલા અહિં એવી,
પૂર્વજન્મથકી ચઢે, પૃથ્વી ફરે તેવી.

* * *

## ૭૬. આજ તો પ્રભાતથી હું આશ કરી આવ્યો

આજ તો પ્રભાતથી હું આશ કરી આવ્યો,
મંગલ મંદિરમહીં આશ કરી આવ્યો ! ... આજ તો.

શ્રદ્ધાની જ્યોતને જગાવીને આંખમાં,
પ્રેમપ્રેરણા ભરીને પ્રાણતણી પાંખમાં,
વહેલી સવારથી જ આશ કરી આવ્યો ! ... આજ તો.

ફોરમ આ ફૂલડાંની ફોરી રહી છે,
વેદના છતાંય મને કોરી રહી છે;
ફોરમ તમારી મધુ પામવાને આવ્યો ! ... આજ તો.

દર્શનનું દાન મને આપી દો આજે,
કરુણાની ધાર કરો મુક્ત મારે કાજે;
તનમનને પ્રેમમાં પખાળવાને આવ્યો ! ... આજ તો.

જોજો બૂઝાય જ્યોત મારી જરી ના,
સુખની આ સૃષ્ટિને લેશો હરી ના;
તાજી કુસુમકળી જેવો છું આવ્યો ! ... આજ તો.

વખણાયે ઉરની ઉદારતા તમારી,
ટાળી દેજો જરૂર દીનતા તો મારી;
નિર્ધન ધની થવાની આશાથી આવ્યો ! ... આજ તો.

રસથી ભરેલું રૂપ જોવું તમારું,
સુંદર સ્વરૂપ સારી સૃષ્ટિથી ન્યારું;
યુગયુગની પ્યાસ એ શમાવવાને આવ્યો ! ... આજ તો.

'પાગલ' કે' દર્શન દો, હૈયે લગાવો;
શણગારે મારા શરીરને સજાવો;
અંતરનો અગ્નિ બુઝાવવાને આવ્યો ! ... આજ તો.

* * *

## ૭૭. શાંત રાતે રાતરાણી મઘમઘે જ્યારે

શાંત રાતે રાતરાણી મઘમઘે જ્યારે,
બધું યે નિસ્તબ્ધ થાયે ને સુએ ત્યારે,
તારલા ને ચંદ્રની એકાંત સાક્ષીમાં,
મિલન મંગલ આપણું હો આજ રાત્રીમાં !

મધુર ને શીતળ પવન પ્રસરી રહે સઘળે,
દેવદૂત સમો; થઈ યોગી સમાધિ ધરે;
અન્ય કો' દેખાય ના જાગ્રત વનેપુરમાં,
મિલન મધુરું આપણું હો આજ રાત્રીમાં.

વસ્યું ગંગા તેમ જમના મધ્યમાં સ્થળ આ,
પર્વતો સોહી રહ્યા, વનની અનન્ય છટા;
કરી સંગમ આપણાં ઉરનો પવિત્ર મહા,
મિલન મંગલ આપણું હો આજ રાત્રીમાં.

મૂક લીલા થાય ને છો ગુપ્ત થાય કથા,
શાંતિ વરસે ને ભલે શમતી બધીય વ્યથા;
દેવ વરસે પુષ્પ, મંગલ પ્રકૃતિ સાક્ષીમાં,
મિલન મધુરું આપણું હો આજ રાત્રીમાં.

છે અશાંત સમગ્ર જગ ભુલ્યું તમોને આ,
બની શાંતિ પ્રકાશ ત્યારે પ્રકટ થાઓ, મા !
થાય મંગલ વિશ્વનું, 'પાગલ' હરે જડતા,
મિલન મંગલ આપણું હો, દૂર હો પડદા !

* * *

## ૭૮. અંગ છે ઉપવાસથી આ ખૂબ કૃશ થયું

અંગ છે ઉપવાસથી આ ખૂબ કૃશ થયું,
નિર્બળ બન્યું, વિરહ વેઠી વ્યથિત છેક થયું;
તોય ચિંતા ના ટળી, ના મિલન મધુર થયું,
હૃદય નીરસ, રુદનથી ભર, આ અનાથ રહ્યું !

હિમાલયના દિવ્ય દેશે આજ તપતો હું,
દૂર ગુર્જર દેશની ક્ષણવાર યાદ કરું;
ગામમાં ત્યાં શાંત માતાજી હશે બેઠાં,
પ્રેમની પ્રતિમાસમાં મંગલ બની બેઠાં.

ખૂબ તે ઉપવાસની ચિંતા હતાં કરતાં,
નિરખતાં મારી વ્યથા ને વેદના ધરતાં;
પ્રેમ એવો હતો મારે કાજ અંતરમાં,
જતાં મૂક જલી મને દેખી કદી દુઃખમાં.

યાદ કરતાં વાત એ હૈયું દ્રવે મારું,
કદી ભાવવિભોર બનતાં આંસુ બે સારું;
તમે જગદંબા કહેવાઓ જગતજનની,
છતાં ચિંતા લાગણી કાં નથી નિજ જનની ?

કહે 'પાગલ' નામ છે મોટું તમે ધાર્યું,
કરો સત્વર સાર્થ તે દળદર હરી મારું.

* * *

## ૭૯. આજ તો સંગમ થાય ખરો !

આજ તો સંગમ થાય ખરો !
ઉભય ઉર મળે આજ આપણાં,
ભેદ બધાય ટળો ! ... આજ તો.

જેમ ઉછળતી સરિતા આવે
તેમ રસે ઉછળો;
મળો મને સાર્થક કરવાને,
અંગ ઉમંગ ભરો ... આજ તો.

મઘમઘ થાયે મંદિર મારું,
સ્મિત પ્રસન્ન કરો;
રૂપસુધા પ્રસરાવી સઘળે
લજ્જિત ચંદ્ર કરો ... આજ તો.

વિહ્વલતા ને શમે વેદના,
નૂતન પ્રાણ ધરો;
કરો અલ્પથી વિરાટ મુજને,
ઉર અભિષેક કરો ... આજ તો.

પ્રેમ પ્રવાહ વહે છે એકલ,
તેને હૃદય ભરો;
રસની વર્ષા વરસો આજે,
જીવનહેતુ સરો ... આજ તો.

આંખ મળે આંખે, ઉર ઉરને,
તન પર હાથ ફરો;
સંવાદભર્યા સ્વરમાં મારી
મનની વૃત્તિ મળો ... આજ તો.

જીવ બનો શિવ, માનવ પ્રભુ હો,
સાધક સિદ્ધ કરો;
'પાગલ' પ્રેમોત્સવ હો, આપ્યો
કોલ ન આજ ફરો ... આજ તો.

* * *

## ૮૦. દિલને લાગી લગન ગઈ !

દિલને લાગી લગન ગઈ !
રૂપ રસછલ્યું જોવા માટે જાગી પ્યાસ ગઈ ! ... દિલને.

અખંડ માળા જપે તમારી, માયા ખૂબ થઈ;
મુગ્ધ બનીને ચાહે તમને, નિજ સર્વસ્વ લઈ ... દિલને.

ચાતક જેમ જુએ વાદળને આતુર આર્ત થઈ;
ઝંખે જેમ પ્રિયા પ્રિયને ત્યમ ઝંખે તરસ ભરી ... દિલને.

ગૂંથીને ભાવોની માળા, શ્રદ્ધાદીપ કરી;
પૂજાકાજે કરે પ્રતીક્ષા, ક્યારે જાવ મળી ! ... દિલને.

અપાર અનુરાગે આલાપે તમને ધ્યાન ધરી;
ધન્ય ગણે પોતાને, કરશો દ્રષ્ટિપાત જરી ? ... દિલને.

પુર ને વનમાં તેમ તીર્થમાં, તલસે ખૂબ ફરી;
તપે, રડે, ને સ્તવન કરે છે, પીડ સહી સઘળી ... દિલને.

આંખ મળે આંખે ના જ્યાં લગ ત્યાં લગ ચેન નહીં;
કેમે કરી શાંતિ ના મળશે, જાયે ભલે કહીં ! ... દિલને.

માટે પ્રાર્થું પ્રકટો પ્રેમે, 'પાગલ' જાય તરી;
દર્શનસુખનું દાન દઈ દો, જાય અશાંતિ મરી ... દિલને.

* * *

## ૮૧. કોલ તમારો સત્ય કરી દો !

કોલ તમારો સત્ય કરી દો !
આજ ખરેખર સિદ્ધિ ધરી દો.

શક્તિ પ્રસિદ્ધ બધે ય તમારી,
પરચા યે વખણાયે ભારી;
ખૂબ સમર્થ તમે છો સાંઈ !
યશ એ આજે અધિક કરી દો.

મિથ્યા થાયે કોલ તમારો,
કોણ હરે તો ભાર મહારો ?
ભક્તજનોને નિશદિન તારો,
કીર્તિકથા એ સત્ય કરી દો.

સત્ય ન થાય તમારી વાણી,
ઉત્તમતા માનું તો શાની ?
શ્રદ્ધાની પણ થાયે હાનિ;
શ્રદ્ધા આજે સફળ કરી દો.

કોલ પ્રમાણે દર્શન થાયે,
આજ હરખ તો મન ના માયે;
શોભે સિદ્ધિનું સુખ કાયે;
માનું મિલન મહાન કરી દો.

મદદ અણીને વખતે આપી,
કષ્ટ બધાં મારાં દો કાપી;
શ્રેય શકાયે કેમ જ માપી;
'પાગલ'ને નિજ બાલ ગણી લો.

* * *

## ૮૨. ચલાવો છો જેમ

ચલાવો છો જેમ, તેમ હમેશ હું ચાલું !
તમારા આધારથી આનંદમાં મ્હાલું !
.. ચલાવો છો.

પ્રેરણા પામી તમારી ફૂલું ને ફાલું,
તમારું જીવન લભીને જિંદગી પામું;
ફેરવો છો તમે અંગુલિ, બીન છે મારું,
ગીત મારું તે તમારું ગીત છે ન્યારું !
.. ચલાવો છો.

તાપ છાંયે, વિરહ-મિલને રસ સદા માણું,
તમારી લીલા નિરંતર સૃષ્ટિમાં ભાળું;
તમારું જે કહેવાયે રૂપ અતિન્યારું,
ધ્યાન લાગ્યું ખરે મારું ત્યાં જ છે સારું !
.. ચલાવો છો.

બનો તારક જિંદગીને આજ તો તારું,
તમે છો શાને પછી મનને અધિક મારું?
કહે 'પાગલ' મુખ તમારું મધુભર્યું ચારુ,
મળી જાય મને પછી શાની તમા વારુ ?
... ચલાવો છો.

* * *

## ૮૩. હૃદય છે રાગ થકી ભરપૂર

હૃદય છે રાગથકી ભરપૂર.
તમારા અનુરાગે ભરપૂર.

ભાવ ભર્યા છે એમાં તેમજ
આવ્યું રસનું પૂર;
ઊર્મિતરંગ ઉછળતાં કેવાં,
સંવાદી છે સૂર ... હૃદય છે.

તમારામહીં રત છે, કેવલ
ભર્યું તમારે નૂર;
તમારી જ પૂજામાં ડૂબ્યું,
બીજું ગણતાં ધૂળ ... હૃદય છે.

તમને મળવા માટે ઝંખે,
છેક બન્યું આતુર;
તમારા જ રસમાં સ્નાન કરે,
યાદમહીં ચકચૂર ... હૃદય છે.

સોડમહીં એ ચહે સમાવા,
બન્યું ભાવભરપૂર;
'પાગલ' કહે સવેળા આવો
બજવી મંજુ નુપૂર ... હૃદય છે.

* * *

## ૮૪. દિન છે અમુલખ આ એકેક

દિન છે અમુલખ આ એકેક.

મુલ્યવાન પળપળ જીવનની,
શ્વાસોશ્વાસ હરેક;
જીવન આ તો અમોઘ આખું,
એમાં ના અતિરેક ... દિન છે.

ઉત્તમ નિધિ છે સાચે આ તો,
ભાગ્યોદય છે છેક;
વ્યર્થ ન ખોજે જોજે તેને,
લેજે લાભ અનેક ... દિન છે.

પ્રમાદ છોડી યત્ન કરે જે
આદર્શ લઈ નેક;
તે પામે મુક્તાફલ મોટું,
નિત્ય નિભાવી ટેક ... દિન છે.

પ્રવાહ જેમ વહે કાલનદી,
તરંગ આ એકેક;
વહી જાય તે ફરી ન આવે,
નિયમ સનાતન છેક ... દિન છે.

પ્રેમધન કમાઈ લે ભાઈ,
રાખ સદાય વિવેક;
'પાગલ' પુરુષારથ કર તો તો
ધન્ય બની જા છેક ... દિન છે.

* * *

## ૮૫. સુંદર સ્વરૂપ જોઈ

સુંદર સ્વરૂપ જોઈ મનડું ગયું વારી.
રૂપને નિહાળી મારું મનડું ગયું વારી ... સુંદર સ્વરૂપ.

મુલાકાત એકવાર આપણી થયેલી,
વાતચીત આપણી તો સ્વલ્પશી થયેલી;
મૂર્તિ તોય ધારી છે હૈયે તમારી ... સુંદર સ્વરૂપ.

ક્યારે કહોને મળો મુજને ફરીથી,
અમૃતના અંજનને આંજો ફરીથી?
ધૂન એક લાગી છે દિલને તમારી ... સુંદર સ્વરૂપ.

એવો કઠોર કોણ જાય નહીં વારી,
દિલનું ના દાન દે જે તમને નિહાળી;
અચરજ ના કૈંય, ગયો હૈયું મારું હારી ! ... સુંદર સ્વરૂપ.

જોડી જડે ના જગમાં તમારી,
છાયા સઘળીયે, મૂર્તિ તમારી તો ન્યારી;
તમારી કૃપાથી ભેદ ભાગે છે ભારી ... સુંદર સ્વરૂપ.

મધુરી એ મૂર્તિ વિસરાય નહીં કેમે,
મળવાની લગની છૂપાય નહીં કેમે;
રાતદિન ગાઊં છું ધ્યાન એક ધારી ... સુંદર સ્વરૂપ.

મુલાકાત સદા કાજ આપણી કરી દો,
સુંદરતાની સુગંધે જીવન ભરી દો;
'પાગલ' યાચે છે એ જ હાથ બે પસારી ... સુંદર સ્વરૂપ.

* * *

## ૮૬. જે તમારો જ બાલક છે તેને શાંતિ આપો આજ

જે તમારો જ બાલક છે તેને શાંતિ આપો આજ.
જે તમારો જ છે તેની આજે રાખી લેજો લાજ.
... જે તમારો જ.

તે કષ્ટ સહે છે, ચિંતા કરતો, કરે પ્રાર્થના આજ;
તમે કેમ કરીને સુણી શકો છો તેનો આર્ત અવાજ ?
... જે તમારો જ.

તમે પ્રેમ કરો છો શિશુને, એ તો ખ્યાત તમારું કાજ;
આ બાલક પર તો પણ કેમ નથી આજે કરતાં રાજ ?
... જે તમારો જ.

ટાળી દો પીડા, દોડી આવો, હે મારા શિરતાજ !
'પાગલ' કે' મુજને શાંતિ ધરો તો રહે તમારી લાજ
... જે તમારો જ.

* * *

## ૮૭. સાચો સંત કહાઉં કેમ ?

સાચો સંત કહાઉં કેમ?

સંત નામને યોગ્ય બનું શેં,
ભક્તન થાઉં કેમ ? ... સાચો.

વરસી ચૂકી હજી તમારી
મારા પર ના રે'મ;
મધુર કરી ના દૃષ્ટિ મુજ પર,
પ્રકટ કર્યો ના પ્રેમ ! ... સાચો.

ફોરમ વિના ફૂલ ને દીપક
જ્યોત વિનાનો જેમ;
નીર વિના નીરસ છે સરિતા,
અંગ આંખ વિણ તેમ. ... સાચો.

તમારા વિના જીવન નીરસ
લાગે મુજને એમ;
કેમ ફરું સાનંદ નિભાવ્યો
જ્યાં લગ ના છે નેમ ! ... સાચો.

તમે મળી જાઓ તો મારો
કરું સમર્પિત પ્રેમ;
ગૌરવથી મસ્તક મંડિત હો,
હરખું, માનું ક્ષેમ. ... સાચો.

'પાગલ' કહે ફરું છું આજે
અનાથ બાલક જેમ;
ઓથ દઈ દો મને તમારી,
સુગંધમય હો હેમ. ... સાચો.

* * *

## ૮૮. આવી પાસે છેક તમારી

આવી પાસે છેક તમારી,
ફરવું પડશે ખાલી હાથે, શાંતિ થશે ના મારી ?
... આવી.

આશ અધૂરી રહી જશે શું ? શોક ન શમશે ભારી ?
વ્યથા તેમ ચિંતા ના ટળશે, આતુરતા ય અકારી ?
... આવી.

પ્રીતિ, પ્રાર્થના તેમ પ્રતીક્ષા વ્યર્થ જશે શું મારી ?
તૃપ્તિ નહિ ધરો મુજને, ફળશે ના શું મહેનત મારી ?
... આવી.

કષ્ટ સહન મિથ્યા ઠરશે આ, તેમ હૃદયની યારી ?
કૃતકામ નહિ કરો મને શું, હરી અલ્પતા સારી ?
... આવી.

વિરહ વ્યથામય અંતર તેમજ અલ્પતા લઈ ભારી,
ફરવા મુજને હજી કહેશો જગમાં જીવન ધારી ?
... આવી.

એથી વધુ કમભાગ્યકથા ના કોઈ હશે નઠારી;
એ જીવનમાં રસ શું જેને દીધું ન તમે તારી ?
... આવી.

તેથી પ્રાર્થે 'પાગલ' તમને હજી ય આશા ધારી;
હિમપ્રદેશમાં છું ત્યાં લગ હો પ્રકટ, શાંતિ દો ન્યારી.
... આવી.

* * *

## ૮૯. અણીને વખતે તમે આજે પધારો નાથ !

અણીને વખતે તમે આજે પધારો નાથ !
રંક આ શિશુને દઈ દો સ્નેહભીનો સાથ;
વાત પ્રેમ કરી કરો ને લો મને નિજ બાથ,
ડૂબતાને ઉગારી લો આજ આપી હાથ !

તમારા વિણ કોણ મારું મદદકારક, તાત ?
તમારા વિના કહું કોને વેદનાની વાત ?
રાહ જોઈ ગઈ વીતી વ્યથામાં મધરાત,
હજી કેમ પ્રકટ થયા ના, કર્યો દૃષ્ટિપાત ?

દીન બાળક છેક છું અધિકારહીન ખરે;
મહાજન કિન્તુ અપરને મુક્ત મદદ કરે;
દીનબંધુ બિરદ ધરે તે કષ્ટ કેમ ધરે ?
પ્રકટ થાઓ તો કરી દેવા પ્રસન્ન વરે.

વિષમ વેળાએ તમે આવો તરત વ્હારે,
તપ્ત અંતરને દઈ દો શાંતિ રસધારે;
રાહ જોઈ હૈયું જોજો આજ ના હારે,
મૃદુલ એને નિરાશા જોજો કદી મારે.

પણ તમારું રક્ષવાનું ભૂલશો ન જરી,
કષ્ટ લેજો કઠિન સાંઈનાથ, સદ્ય હરી;
હે મહાયોગીન્દ્ર, દિલમાં દયા ખૂબ ભરી,
મળો મુજને લઈ શક્તિ તમારી સઘળી.

સમજજો થોડામહીં, શું વધારેમાં સાર,
બરાબર કેમ જ પમાયે ભાવનાનો પાર;
આજ પાવન હિમ પ્રદેશે પ્રેમસરિતા પાર,
મિલન માતનું કરો મંગલ, નાથ જગદાધાર !

દિવ્ય દર્શનની લગન દિલને ગઈ લાગી,
કરી છે મમતા મને સાચે જ વણમાગી;

કહે 'પાગલ' ભક્તના અત્યંત અનુરાગી !
મધુરવી ગત રહો મારી વીણા પર વાગી !

* * *

## ૯૦. મુજને શાંતિ કેમે થાય !

મુજને શાંતિ ન કેમે થાય !
બેચેન બન્યો તમારા વિના,
બેચેની ના જાય ... મુજને.

મન મુંઝાયે, લાખ ઉપાયે
આતુરતા ના જાય;
માને ના કોઈ રીતે એ,
નીરસ સર્વ જણાય. ... મુજને.

ભારે હૈયે જીવન જીવું,
છેક સુકાઈ કાય;
વિરહવ્યથામાં નિશદિન ન્હાઉં,
શોધું કોની સહાય ? ... મુજને.

પ્યાસ મટે ના કેમે મારી,
સ્નેહસુધા ન સુકાય,
આશારસમાં અડગ બનીને
મનડું તોયે ન્હાય ... મુજને.

તમે પધારો પ્રેમ કરી તો
હરખ ન મારો માય;
કરમાયેલું અંતર ખીલે,
ભાવ ભરીને ગાય ... મુજને.

પ્રાણ તમોને સર્વસ્વ લઈ
પૂજે તેમજ ન્હાય;
ધ્યાન તમે ના શાને ધરતાં,
ના મુજને સમજાય ... મુજને.

'પાગલ'ને શાંતિ મળી જાયે,
મિલન મધુર જો થાય;
જાણો તો પણ મૂક બનો ના
સત્વર કરો ઉપાય ... મુજને.

## ૯૧. અંતરે આનંદ નહીં માય

અંતરે આનંદ નહીં માય.
દર્શન દેશો દૈવી મુજને,
પાવન બનશે કાય ... અંતરે.

જીવન બનશે ઉજ્જવલ મારું,
મટશે મળ સઘળાય;
ક્લેશ, કષ્ટ ને પીડા શમશે,
શોક પછી નહિ થાય ... અંતરે.

જન્મ સફળ મારો થાયે ને
રોમ રસમહીં ન્હાય;
કૃતાર્થતણી બરાબરી ના
એની જગમાં થાય ... અંતરે.

મનોરથ બધા પૂરા થાશે,
શાંતિ નહીં જ સમાય;
'પાગલ' પદ મંગલ મેળવશે,
મટશે સઘળી હાય ... અંતરે.

* * *

## ૯૨. આ વખતે તો

આ વખતે તો કૃપા તમારી મારા ઉપર થશે,
મેળાપ થશે ખરે આપણો, જૂનો વિરહ જશે;
અંતર મારું એમ કહે છે, સફળ પ્રયાસ થશે.
આ વખતે તો કૃપા તમારી મારા ઉપર થશે,

આંસુ મટી આનંદ વહેશે, આહ બધી મરશે,
આક્રંદતણો અંત આવશે, ઉજાગરા ફળશે.
અંતર મારું એમ કહે છે, જીવન ધન્ય થશે.
આ વખતે તો કૃપા તમારી મારા ઉપર થશે,

કષ્ટ સહનનું શ્રેય થશે, ને પીડા પણ મટશે,
અલ્પતા ટળી જશે બધીયે, દરિદ્રતા હટશે;
અંતર મારું એમ કહે છે, શાંતિ મને મળશે.
આ વખતે તો કૃપા તમારી મારા ઉપર થશે,

પ્રેરણા કરી આજ તપાવો, તપ તે પૂર્ણ થશે,
દૈવી દર્શન થશે તમારું, પ્રાણ ન ક્યાંય જશે.
અંતર મારું એમ કહે છે, વાર્તાલાપ થશે.
આ વખતે તો કૃપા તમારી મારા ઉપર થશે,

ચંદનશીતલ સ્પર્શ મધુથી મધુર મને મળશે,
તનમનને પલટાવીને તે પાવનતા ધરશે;
અંતર મારું એમ કહે છે, મળ સઘળા ટળશે;
આ વખતે તો કૃપા તમારી મારા ઉપર થશે,

મધુવનમાં તપતા ધ્રુવજીને ધન્ય કરેલ તમે,
બીજા કૈં ભક્તોના મનમાં રૂપ તમારું રમે.
અંતર મારું એમ કહે છે, ભાવ બધા ફળશે.
આ વખતે તો કૃપા તમારી મારા ઉપર થશે,

આજ લગ જીવન ભલેને ગમે તેમ ગયું,
હવે પણ આશાભર્યું છે મન પ્રફુલ્લ થયું;

સૂર્ય ઉગશે ખરે સોનાનો નભે મારે,
હૈયુ સાક્ષી એમ પૂરે, સુખ થશે મારે !

થશે જય જયકાર ને ઉલ્લાસ ઊભરશે,
પ્રકટશે મંગલ ઘડી, ઉજ્જવલ મને કરશે;
એજ આશાથી તપી આજે રહ્યો છું હું,
પ્રેમ પીડા સહ્ન કરતાં આજ પ્રાર્થું છું.

તપતા તે પામતા એ નિયમ શાશ્વત છે,
માંગ મારી થશે પૂરી આજ કાલે કે;
પ્રેમ'પાગલ' કહે અંતર વેદના મરશે,
સર્વ બિમારી જશે ને ઉષા મધુ મળશે.

* * *

## ૯૩. દર્શન કેમ મને ના થાય ?

દર્શન કેમ મને ના થાય ?
ગમે તેમ પણ કરવું મારે,
અભિલાષા ના જાય ... દર્શન.

અનેકને છે થઈ ગયું તો
કેમ મને ના થાય?
હસે રડે તે, તપે આજ તે
જરૂર પામે છાંય ... દર્શન.

લિખિત થયેલા લેખ મટે ના,
કરતાં કોટિ ઉપાય;
મિલન આપણું નિશ્ચિત સાચે,
કેમ પછી ના થાય ? ... દર્શન.

આજ આંસુ આક્રંદ ભલે હો
છેક સુકાયે કાય;
કાલ પ્રભાત પ્રકટશે ન્યારું;
આશા કેમ જ જાય ? ... દર્શન.

સૂર્યપ્રકાશે તિમિર ટળે ને
શરદી સઘળી જાય;
રૂપ તમારું તેમ પ્રકટતાં
શોક ન કેમ વિલાય ? ... દર્શન.

કૃપા વરસતાં દુર્લભ જેવું
દર્શન સહજ કરાય;
કૃપા થશે 'પાગલ' પર પૂરી,
સંશય નથી જરાય ! ... દર્શન.

* * *

## ૯૪. તમારે જ હાથે ખવડાવો પ્રેમપ્રસાદ મને

તમારે જ હાથે ખવડાવો પ્રેમપ્રસાદ મને.

આ છેક સુકાયું, વળી સુકાઈ નિશદિન જાય તને.
હવે તો તમારે જ હાથે ખવડાવો પ્રેમપ્રસાદ મને.

ઉપવાસી છું અનેક દિનનો,
ક્ષુધા ન કેમ શમે;
કૃપા કરી અમૃત આપો તો
તનમન આજ જમે ... હવે તો.

ભાવ ભરી પ્રત્યેક પ્રભાતે,
તલસું આર્ત સ્વરે;
પ્રતીક્ષા કરું રસમય રાતે,
દર્શન મધુર મળે ! ... હવે તો.

અન્ન અલૌકિક આજ જમાડો,
તૃપ્તિ મધુર મળે;
ઉપવાસ બને સાર્થક મારા,
અંતર હરખ ભરે ... હવે તો.

નવા વિચારો ભાવો પ્રકટે,
રાગ નવો જનમે;
નવું રક્ત ને શ્વાસ નવો હો,
પ્રકટો આજ તમે ! ... હવે તો.

હવે તો તમારે જ હાથે ખવડાવો પ્રેમપ્રસાદ મને,
આ 'પાગલ' બાલકનાં પલટાવો તન-મન-અંતરને.

* * *

## ૯૫. તમારી સાથે જ જગમાં જે કરી લે પ્રીત

તમારી સાથે જ જગમાં જે કરી લે પ્રીત,
સફળતા તે પામશે ને થશે તેની જીત.
હૃદયના રાગે તમોને રોજ જે રટશે,
ભાવથી ભજશે વળી, તેનાં તિમિર મટશે.

તમારું જે શરણ લેશે, ચરણ ઉર ધરશે,
નિજ રથતણા એક સારથિ તમોને કરશે;
તે સલામત જગતમાં નિર્ભય બની ફરશે,
કઠિન યાત્રા સરળ કરશે, વિજય ને વરશે.

નાવના નાવિક તમોને કરી લેશે જે,
પ્રલોભન ભયસ્થાનમાં પણ ટકી રે'શે તે;
વિષમ ઝંઝાવાત તેને ચલિત ના કરશે,
કાળને મારી કિનારા તરફ તે તરશે.

પુકાર કરે પામનાર અવશ્ય ઉત્તર તે,
પ્રેમ પામી ધન્ય બનશે પ્રેમ ઝંખે જે;
તમારે માટે રડે તેને હરખ મળશે,
જે વ્યથા વેઠે આજ તેની વેદના ટળશે.

જે પૂજશે તે પ્રસાદીને પામશે મધુરી,
સેવા કરી મેવા લભે જે રાખતા સબૂરી;
ઉજ્જડ વને જે સહે સંકટ બાગ કરવાને,
તે એક દિન તો પામશે ફોરમ મધુ હવાને.

જે સર્વત્યાગ કરે, ધરે નિજ ધન બધું તમને,
સર્વસ્વથી સંપન્ન થાયે તે પ્રસન્ન મને;
પૂજે તમોને પત્ર કે પુષ્પે, કણે પણ જે,
તે પરમ વૈભવ પામતા, વિખ્યાત વાર્તા તે.

'પાગલ' કહે વાણી મહાપુરૂષોતણી છે આ,
જોજો ન થાય અસત્ય તે, ટાળી ટળે ના હા !

વિશ્વાસથી તમને ચાહે, સત્વર મળો એને,
નિજ જન તરફ દૃષ્ટિ કરો, દો ધન્યતા તેને.

* * *

## ૯૬. પ્રાણે પ્રકટેલો પ્રેમ, કેમે ટળે નહીં !

પ્રાણે પ્રકટેલો પ્રેમ, કેમે ટળે નહીં !
જાગ્યો પુષ્કળ છે પ્રેમ, કેમે ટળે નહીં !

રોમરોમ આજ એના રસથી ભરાયાં,
વાસનાનાં બીજ બીજાં એથી મરાયાં;
ખૂબખૂબ નિર્મળ છે હેમ, કેમે ટળે નહીં !
પ્રાણે પ્રકટેલો પ્રેમ, કેમે ટળે નહીં !

અંતરને આનંદ આપે અપાર એ,
જીવનને જાન મળે એના વિના શેં ?
એ તો તમારી છે રે'મ; કેમે ટળે નહીં !
પ્રાણે પ્રકટેલો પ્રેમ, કેમે ટળે નહીં !

કોટી ઉપાયે ટળશો ના પ્રેમ એ,
મમતા ને ભાવભર્યો મટશો ના પ્રેમ તે;
જીવે જીવનની જેમ; કેમે ટળે નહીં !
પ્રાણે પ્રકટેલો પ્રેમ, કેમે ટળે નહીં !

'પાગલ'નું રોમરોમ પલટાવો પ્રેમ એ,
પૂર્ણતા પ્રકાશ સદા પ્રકટાવો તેમ તે;
પામે તમારામાં ક્ષેમ, કેમે ટળે નહીં !
પ્રાણે પ્રકટેલો પ્રેમ, કેમે ટળે નહીં !

* * *

## ૯૭. મારી અરજ લક્ષમાં લો

મારી અરજ લક્ષમાં લો.
મને દૈવી દર્શન દો ... મારી.

તમે જ મારાં આશ્રય તેમજ
શાંતિ પરમ સુખ છો;
જગતતણી જનની પણ મારાં
જીવનમંગલ છો. ... મારી.

ઉદાસીનતા તજી નયનમાં
નેહ ભરી નિરખો;
અમૃતનો આસ્વાદ દઈ દો,
પીડાને પરખો ! ... મારી.

બાજી સઘળી હાથ તમારે,
પાર ઉતારી દો;
તમારું જ છે શરણ મહારે,
શ્રદ્ધા સત્ય ઠરો. ... મારી.

ચિંતા ટાળી, તાપ શમાવી,
સર્વ અશાંતિ હરો;
પૂર્ણપ્રકાશે જીવન વિકસે,
આશીર્વાદ ધરો. ... મારી.

ક્ષણનો ખેલ તમારે માટે,
તો ન વિલંબ કરો;
'પાગલ'ને ધ્રુવપદ ધરવાને
આજ જરૂર મળો ... મારી.

* * *

## ૯૮. કૃપાકટાક્ષ કરો

કૃપાકટાક્ષ કરો, એક બસ કૃપાકટાક્ષ કરો.
અરજી ધ્યાન ધરો, એક બસ કૃપાકટાક્ષ કરો.

કરમાયે આ અંતર મારું,
મટી રહ્યું તેનું અજવાળું;
ખીલી ઊઠે સ્મિતથી સારું,
મરી જાય અંતિમ અંધારું.
પ્રકટ બનીને, પ્રેમ લઈને, સ્હેજ પ્રકાશ કરો ... કૃપાકટાક્ષ કરો.

વિષમય જીવન નીરસ જેવું
થઈ ગયું છે એકલ કેવું !
સુવાસ તેની શમી રહી છે,
ગીત ગાય છે કરૂણ એવું !
અમૃતધારા રેલાવીને મધુર સુવાસ ભરો ... કૃપાકટાક્ષ કરો.

આતુર આંખ સદાય ચહે છે,
અંતર પીડા મૂક સહે છે;
વાણી એક જ વાત કહે છે,
પ્રાણ તમારી પાસ રહે છે.
દર્શન સ્પર્શન તેમ વચનથી જીવનદાન કરો ... કૃપાકટાક્ષ કરો.

કટાક્ષ એક છતાંયે ભારે,
મનની વ્યાકુળતાને મારે;
તરસ મટાડી સત્વર તારે,
યુગયુગનાં બંધનને ટાળે.
બંધન ટાળો, તરસ મટાડો, અંતરભાર હરો ... કૃપાકટાક્ષ કરો.

'પાગલ' પ્રાર્થે જ્યાં લગ
ન મળો કૃપાકટાક્ષ કરો,
તરે ન કોઈ ભવસાગરને,
ભેદ લભે ન ખરો.
ભિક્ષા માગી સાધારણ મેં, તો ન નિરાશ કરો ... કૃપાકટાક્ષ કરો.

* * *

## ૯૯. મારા દિવસો થાય પસાર

મારા દિવસો થાય પસાર.
અમુલખ મિલ્કત જેવા દિવસો
વિરહે થાય પસાર ... મારા.

દિવસે દિવસે જીવન જાયે,
ચિંતા થાય અપાર;
તપ ના થાયે પૂર્ણ હજીયે,
ખાય વિરહના માર ! ... મારા.

હિમપ્રદેશમાં પૂજું તમને
બની પ્રેમઅવતાર,
તન્મય છેક થઈ બોલાવું,
હે જીવનના સાર ! ... મારા.

પ્રવાહ પેઠે જાય વહી આ
ખૂબ વેગથી કાળ;
અમુલ્ય ક્ષણ જીવનની જાયે,
થાયે સાંજ સવાર ! ... મારા.

દીર્ઘ સમયની દર્દકથાનો
ક્યારે આવે પાર;
ક્યારે લોચન મળે આપણાં,
રણકે અંતરતાર ? ... મારા.

‘પાગલ’ તમે સમર્થ છતાંયે
કેમ કરો ના વ્હાર ?
મળો આજ મધરાતે, સોહે
સ્મિતમય કાલ સવાર ! ... મારા.

* * *

## ૧૦૦. અરજને ધ્યાન ધરી જો ધારો

અરજને ધ્યાન જરી જો ધારો;
હમદર્દી જો લેશ બતાવો, તાપ ટળે તો મારો.
... અરજને.

વિરહવ્યથા તો શાંત બને આ, આનંદ મળે ન્યારો;
કરમાયાં કુસુમો ખીલે ને બાગ સુહાયે સારો !
... અરજને.

મધથી મીઠો બની રહે આ સંસાર થયો ખારો;
અમૃતની વર્ષા વરસે, જો પોતાનાને પાળો.
... અરજને.

કઠિન તમારે કાજ ન કૈંયે, કરી શકો જે ધારો;
સર્વસમર્થ તમે છો સાચે, ચાહો તેને તારો.
... અરજને.

તૃણનો મેરુ કરી દો, પળમાં પાપી તેમ સુધારો;
જલને સ્થળમાં પલટાવી દો, તેજે તિમિર ઉજાળો.
... અરજને.

જન્મબધિરને શ્રવણ કરાવો, સુમન દેવશિર ધારો;
કૃપાપ્રભાવ કહ્યો છે એવો, તેથી આજ ઉગારો.
... અરજને.

તમારા થકી વધ્યો વિરહ શું? બલમાં થયો વધારો ?
'પાગલ' થાય પ્રસન્ન પ્રકાશિત પ્રકાશપુંજ, પધારો !
... અરજને.

* * *

## ૧૦૧. ગીતોની ગંગાજમનાને

(રાગ ભીમપલાસ, તાલ કહરવા)

ગીતોની ગંગાજમનાને વિશ્વમાં વહાવું !
આશા છે ઉરમાં એવી કે તમારો કહાવું !

અંતરની ગંગોત્રી ને જમનોત્રી જે કહો તે,
પાવન છે તેને સ્પર્શે આ ગીતો બધાંયે;
નિર્મલ ને નેહભરેલા આ સરોદો વહાવું,
સંવાદી છેક ન્યારા; ને તમારો કહાવું ! .. ગીતોની.

પાવન હો પ્રાણ એથી, પૃથ્વી હો શાંત તેથી;
સંતાપ શાંત હો એથી ને પીડા પણ હો હેઠી;
નવરચનામય ઉર-લહરીને બધે યે વહાવું,
ને તનમનના મેલ બધાયે સદાયે બહાવું ! ... ગીતોની.

છો સ્નાન કરે કૈં એમાં, પલટાવે જીવન તેમાં;
છો કાગ હંસમય થાયે ને પાપી પુણ્યે ન્હાયે;
નવ પ્રાણ પ્રકાશભરેલી આ કવિતા વહાવું,
કર્કશતા ક્લેશ શમાવીને સૃજનને સુહાવું ! ... ગીતોની.

દર્શન આચમને સ્પર્શે ઉર ઉભરાજો નિત હર્ષે;
'પાગલ' આતુર જે તરસે, તે ઉત્સવ છોને કરશે.
યુગયુગ સંદેશ ધરે એવી સરિતા વહાવું,
દિગદિગમાં એક તમારો હું મહિમા વહાવું ! ... ગીતોની.

ગીતોની ગંગાજમનાને વિશ્વમાં વહાવું !
આશા છે ઉરમાં એવી કે તમારો કહાવું !

* * *

## ૧૦૨. આજ તો વાર્તાલાપ કર્યો !

આજ તો વાર્તાલાપ કર્યો !
કૃપા કરીને મારી સાથે વાર્તાલાપ કર્યો ... આજ તો.

બ્રાહ્મમુહૂર્ત સમયમાં આવી રેલ્યો સ્વર મધુરો,
અમૃતવર્ષા કરી પ્રેમથી, મનનો ભાર હર્યો ... આજ તો.

સિતારસ્વરથી મીઠા સ્વરનો દૈવી સ્વાદ ધર્યો;
નીરસ પ્રાણ પ્રસન્ન કરીને રસથી છેક ભર્યો ... આજ તો.

પરોક્ષ કિન્તુ રહીને શાને વાર્તાલાપ કર્યો ?
પ્રકટ થઈને કેમ ન બોલ્યાં, વિરહ ન કેમ હર્યો ? ... આજ તો.

રૂપ છુપાવી કેવલ બોલ્યાં, તેથી ન હેતુ સર્યો;
રૂપ બતાવ્યું હોત ચારુ તો હોત ત્રિતાપ તર્યો ... આજ તો.

પ્રતીક્ષા કરું એ પળની હું, વાર હવે ન કરો;
પ્રકટ બનો તો રૂપ નિહાળું, 'પાગલ' પ્રાણ વર્યો ... આજ તો.

* * *

## ૧૦૩. આ વખતે તો ભલે પધારો

આ વખતે તો ભલે પધારો કરવા કૃપા તમારી.
આ વખતે તો જરૂર આવો કરવા કૃપા તમારી.

આજ સુધી તો ઘણી કરી છે તમે કસોટી મારી,
સંકટ વરસાવ્યાં અગણિત છે, તોય ન બેઠો હારી;
આશા રાખી અડગ રહ્યો હું, નિત્ય નિભાવી યારી
... આ વખતે.

એક ધન્ય દિવસે તો ફળશે શ્રદ્ધા સેજ મારી,
કૃપા કરીને મુજને લેશો સૌ સંકટથી તારી;
એ વિશ્વાસે સહી સ્મિતથકી કૈંક વિપત્તિ ભારી;
... આ વખતે.

હિમાલયસમો શાંત રહીને ધ્યેયને રહ્યો ધારી;
આ પૃથ્વીની ક્ષુદ્ર વાસના તેમ કામના મારી;
ગંગા જેમ અનંત રાગથી કરી જિંદગી ન્યારી;
... આ વખતે.

તીર્થ તપ્યો ને વસ્યો વનમહીં પ્રેમ તમારો ધારી;
ગાયાં ગૌરવભર્યાં ગીત મેં, જઈ ખરેખર વારી;
હવે હદ થઈ, પ્રકટ થઈને લો નિજ પણને પાળી.
... આ વખતે.

રૂપ નિરખવા ઝંખે નયનો, આતુર અંતર ભારી;
દિવસે પ્રાર્થું, રજની વીતે વ્યાકુળતામાં સારી;
જોજો આઘાત કરો કોઈ, ઘાયલને દો મારી !
... આ વખતે.

આ વખતે ના નિરાશ કરશો, સફળ સાધ હો મારી;
સુસ્વાગત છે, ભલે પધારો, લેવા મને ઉગારી;
'પાગલ'નો ભાગ્યોદય થાયે, રહો હૃદયમાં ધારી.
... આ વખતે.

* * *

## ૧૦૪. કૃપાનો થાયે જયજયકાર

કૃપાનો થાયે જયજયકાર !
મળો મને તો મંગલ થાયે, થાયે જયજયકાર ! ... કૃપાનો.

વિખ્યાત બને નામ તમારું, ઘોર ભલે કળિકાળ;
માનવ પામે ફરી પ્રેરણા, રહે ન સુખનો પાર ... કૃપાનો.

ધર્મચક્ર ચાલે સંસારે, પરાસ્ત થાયે કાળ;
શાંતિ પ્રેમ ને પ્રકાશ વ્યાપે, થાય અસુરની હાર ... કૃપાનો.

માનવતાની વાડી મ્હેંકે, મટે દ્વેષ ને ખાર;
સ્વર્ગીય વહે સંગીત બધે, જીવન થાય રસાળ ... કૃપાનો.

નવો પ્રકાશ મળે માનવને, શક્ય બને ઉદ્ધાર;
ભેદભાવના શમી જાય ને ટળી જાય અંધાર ... કૃપાનો.

કૃપાકિરણથી તન પલટાયે, થાય નવો અવતાર;
યશની કવિતા બનું તમારી, થઉં સ્નેહનો સાર ... કૃપાનો.

અજરામર હો કૃપા તમારી, પામો ન કદી હાર;
'પાગલ' પ્રેમીને તારી લો કરવા જયજયકાર ! ... કૃપાનો.

* * *

## ૧૦૫. મારી સંભાળ તમે લો

મારી સંભાળ તમે લો.
રક્ષો મુજને રાતદિન તમે, પ્રેમ બહુ કરો છો ... મારી.

કેમ ન લો, માતા કહેવાઓ, અર્થ રહે તો શો ?
બાલકની ચિંતા માતાનો સહજ સ્વભાવ કહ્યો ! ... મારી.

અંગુલિ પકડી ચાલું, ભય તો મારો છેક ગયો;
છાંય તમારી લભું નિરંતર, દૃઢ વિશ્વાસ થયો ! ... મારી.

જ્યાં ચાલું ત્યાં સાથે ચાલો, એવો યોગ થયો;
પ્રાણ બન્યાં છો તમે જ જાણે, સાથ રહો, વિચરો ... મારી.

જીવન જેમ મને સંભાળો, સ્વપ્ને ના વિસરો;
'પાગલ' પ્યાસ શમાવો મારી, અખંડ દર્શન દો ! ... મારી.

* * *

## ૧૦૬. આજ તો આનંદ નહીં માય !

આજ તો આનંદ નહીં માય !
દર્શન દેશો પ્રેમ કરીને, સુખ સાચે નહીં માય ! ... આજ તો.

લોચન મારાં ધન્ય થશે, ને મટશે દિલની લ્હાય;
કૃતાર્થ બનશે નવજીવનથી કરમાયેલી કાય ... આજ તો.

ઉત્સવ કેવો થશે અનેરો, વર્ણન કેમ કરાય;
સમાધિ નીરસ બનશે ત્યારે, શંકા છે ન જરાય ... આજ તો.

દેવોને પણ દુર્લભ, જેને જ્ઞાની યોગી ચ્હાય;
રૂપ નિરખવા મળશે મુજને, વેદો જેને ગાય ... આજ તો.

પ્રકાશપુંજ પુનિત રસસાગર પરિમલવાળી કાય;
લઈ આવશો મારી પાસે કરવા કાજ સહાય ... આજ તો.

કલ્પના કરી મનડું મારું દિવ્ય રસમહીં ન્હાય;
ના જાણું તો આંખ મળ્યે શી દશા અલૌકિક થાય ! .. આજ તો.

સહસ્ત્ર ધારે પ્રેમ વહેશે, રંક થશે ને રાય;
બાળકને માતાની મળશે શાંતિપ્રદાયક છાંય. ... આજ તો.

આજ વહેલી સવારથી આ મન મારું મલકાય;
ભલે પધારો, રસને રેલો, સ્નેહ ભલે છલકાય ! ... આજ તો.

ધન્ય ઘડી જીવનની ઉગશે, હૈયું આ હરખાય;
'પાગલ'ને અમૃતપદ જડશે, કાળ પછી નહિ ખાય. .. આજ તો.

* * *

## ૧૦૭. આજની હો રઢિયાળી રાત

આજની હો રઢિયાળી રાત !

દર્શન થાયે દિવ્ય તમારું,
તેમ કરાયે વાત;
મધુથી મઢેલી થાવ ભલેને
મંગલ આ મધરાત ! ... આજની.

અંધારી તો પણ અજવાળી
દેજો મારી જાત;
તેજોમય હો તમારા થકી
તે, જગજનની માત ! ... આજની.

મળો મને એકાંતે આજે
સ્નેહ બની સાક્ષાત;
તનમન ને અંતરમાં મારા
ભવ્ય પાડવા ભાત ! ... આજની.

હરખાયે છો હૈયું મારું,
ગૌરવ ધારે ગાત;
ચંદ્રથકી પણ ચારુ બનીને
રમણીય કરો રાત ! ... આજની.

વ્યથા શમો ને મટો વિરહની
આજ ખરે મધરાત;
પ્રકટો એને અનુસરનારું
'પાગલ' પુનિત પ્રભાત!..આજની.

* * *

## ૧૦૮. ગણીગાંઠી પળ હવે તો રહી છે બાકી

ગણીગાંઠી પળ હવે તો રહી છે બાકી,
મિલન વચ્ચેની રહી છે અલ્પ પળ બાકી;
ચંચલ બધી પળ ખરે તે જશે ચાલી ક્યાંય,
મિલન આપણું થશે નક્કી, મધુર મળશે છાંય !

જળપ્રવાહ વહે અહીં આ, વહે તેવો કાળ;
ઝડપથી જાયે સમય તો રહી જાયે સાર;
ઘણો વીત્યો તેમ વીતી જશે વચલો કાળ,
મિલન મધુરું થશે, સુખનો ના રહેશે પાર !

અલ્પ પળનો પ્રશ્ન છે, દિન-માસનો છે ના;
જશે ઉકલી તે હવે, યુગ પણ મરે છે હા;
એ વિચારે હૈયું થાયે છેક હલકું આ,
શમે પીડા જરી; જાગે કેમ ચેતન ના?

મિલનના સુખની કરીને કલ્પના આજે,
ઊછળે ઉર શોભિત થઈ અવનવા સાજે;
'પાગલ' કરે છે પ્રતીક્ષા તે પુનિત પળની,
ક્ષુધાતુરને ઝંખના હો જેમ મધુ ફળની.

* * *

## ૧૦૯. પ્રેમથી બંધાઉં, કેવલ પ્રેમથી બંધાઉં !

પ્રેમથી બંધાઉં, કેવલ પ્રેમથી બંધાઉં !

ગૂઢ જ્ઞાન કહ્યું ખરે આ,
પ્રેમમાં રંગાઉં ! ... પ્રેમથી.

જ્ઞાનને ગમ ના પડે,
ના યોગમાં પકડાઉં;
તીવ્ર હોયે તપ ભલેને,
ના કદી સપડાઉં ! ... પ્રેમથી.

નેમ, વ્રત ને અનુષ્ઠાને
ના કદી હરખાઉં;
બુદ્ધિ, બલ ને પ્રવચનોમાં
લેશ ના પકડાઉં ! ... પ્રેમથી.

ભક્ત ગાયે સ્મરે નાચે,
નૃત્ય કરતાં ગાઉં !
તેમની વચ્ચે વસું હું,
હર્ષથી ન સમાઉં ! ... પ્રેમથી.

બની જા તેથી જ પ્રેમી,
અન્ય ઘર ના જાઉં;
કહે 'પાગલ' પ્રેમદોરે
મુક્ત પણ બંધાઉં ! ... પ્રેમથી.

* * *

## ૧૧૦. મુજને મુખ મધુર મળે ક્યારે !

મુજને મુખ મધુર મળે ક્યારે !
જોવા મુખ મધુર મળે ક્યારે !

એજ લગન છે નિશદિન લાગી, મોહિની મનમાં મારે;
ગીત ગુંજતું એજ નિરંતર મારા અંતરતારે ... મુજને.

ખૂબ ધરાઈ જોઉં એને, ન્હાઉં રસની ધારે;
સમાધિ થાય સહજ નેનનને, નેન મળે જે કાળે ... મુજને.

અનેક દિનની આજ ચાહ છે, પૂર્ણ થાય તે ક્યારે ?
અમૃતના ઘટ જેવું મુખડું તપ્ત હૃદયને ઠારે ! ... મુજને.

આજ જલું છું લગન લઈ અનુરાગતણા અંગારે;
ઔષધ એક જ, રૂપ તમારું, દર્દ પુરાતન મારે ... મુજને.

મિલનસુખ ચહે મન આ મારું, અંગ ઝંખતું ભારે;
તીખા તોફાને સપડાયું નાવ કરી દો પારે ... મુજને.

જીવન જીવનમય થાયે ને મધુરતમ બને ત્યારે,
શાંતિસ્વર્ગ ધ્રુવપદ મોક્ષ મળે, કૈં ન કમી હો મારે .. મુજને.

'પાગલ'ને સિદ્ધિ સાંપડશે, વૈભવ મળશે ત્યારે,
સુંદર મંગલ શાંતિનિકેતન રૂપ પ્રકટશે જ્યારે ... મુજને.

* * *

## ૧૧૧. તમારું શરણ લીધું તોય

તમારું શરણ લીધું તોય ચિંતા ના મરી મારી;
મટી ના વેદના ભારી, કરી જો કે સતત યારી.

મટી ના દીનતા સાચે, હૃદય ના રસમહીં રાચે;
કરી કવિતા છતાં પૂરી થઈ ના કામના મારી.

પુજારી પ્રેમમંદિરનો બન્યો હું જિંદગી આખી;
ફળી પૂજા નહીં તોયે, ન મિલ્કત કૈંય મેં રાખી.

નથી પોકાર શાંત થયા, ઉનાં અશ્રુ નથી જ શમ્યાં;
સળગતી ઘોર આ હોળી મટી ના, અંગ ખૂબ દમ્યાં.

જગતમાં જે ચહે છે તેમને ઈપ્સિત ફળ મળે છે;
પ્રસન્ન થઈ જગતજન કૈં ધન ધરા સાંત્વન ધરે છે !

તમારી વ્યર્થ તો સેવા ? મળ્યા છે કૈંકને મેવા;
સફળ હો યજ્ઞ આ મારો, રહે તો કૈં નહીં કે'વા !

કહેશે જગતનાં જન શું તમારા પ્રેમને માટે ?
નિભાવું નેમને આજે યુગોથી શીશને સાટે.

છતાં સંતોષ ના આપો, હજી શું છે રહ્યું બાકી ?
કરી દો સદ્ય કરૂણા તો બને ચિંતાતણી ફાકી !

દિવસ વીતે અમૂલ્ય બધા, તમારે શોચવું છાજે;
ખરેખર થાય મોડું તે પહેલાં હો પ્રકટ આજે.

થશે નહિ તો તમારી તેમ મારી લોકમાં હાંસી,
થશે 'પાગલ' વ્યથિત તેથી, દઈ દે જેમ કો' ફાંસી !

* * *

## ૧૧૨. મન ના સમજાવ્યું સમજે

મન ના સમજાવ્યું સમજે !
કોટિ ઉપાય કર્યે ના માને, શીખ ધર્યે સમજે !

ગંગા જેમ અખંડ રાગમાં રંગી હૃદય વહે,
તમને તલસે, સેવે, પૂજે, ગીત તમારું કહે.
બ્રહ્મા જેમ ક્ષણેક્ષણ નૂતન સર્જનને સરજે ... મન ના.

કષ્ટ પડે પણ લેશ ડગે ના, પીડાથી ન મરે;
ચિંતાથી ચંચલ ના થાયે, ધ્યાન તમારું ધરે.
હર્ષરુદનમાં આશનિરાશે તમને માત્ર ભજે ... મન ના.

પંડિત તેમ પુરાણી આવે, યોગી કૈંક મળે;
જ્ઞાની જ્ઞાન સુણાવે તોપણ પાછું તે ન વળે.
પ્રેમપંથનું થયું પ્રવાસી, ચારુ ચરણ ન તજે ... મન ના.

ભોગવિલાસે ના ભરમાયે, દર્દથકી ન ડરે;
હરેક સ્થળ ને કાળ તમારા સ્મરણે મસ્ત ફરે.
મંદિર જગ આ બન્યું તમારું તેને તો સહજે ... મન ના.

તમારા વિના બેચેન બન્યું, છોડે તોય ન પ્રીત;
મનોરથ કરી મળવા માટે આનંદ કરે નીત.
પ્રીત છોડવા પણ ચાહે ના, શ્રમિત ન થાય રજે .. મન ના.

અનંત વરસોથી રસ રેલે, તમને પ્રેમ કરે;
સ્વભાવ સાચો કેમ તજે તે, એકલ શેં વિહરે?
'પાગલ' સમજાવો આવીને તો જ ખરે સમજે ... મન ના.

* * *

## ૧૧૩. મનોરથ પૂર્ણ નહીં શું કરો ?

મનોરથ પૂર્ણ નહીં શું કરો ?
દયા કરી ના મુજ મનનો શું ચિંતાભાર હરો ? ... મનોરથ.

વેઠી મેં તો ખૂબ વિપત્તિ, ધ્યાન નહીં જ ધરો ?
સંતપ્ત થયું અંતર તેને શાંત નહીં શું કરો ? ... મનોરથ.

માખણમૃદુ માતાનું મન તો, કેમ તમે વિસરો ?
જગતતણાં જનની છો તોયે કેમ કૃપા ન કરો ? ... મનોરથ.

કૈંક જનોને તાર્યા તે ઈતિહાસ ખ્યાત સઘળો;
ઉદાસીનતા મારે માટે કેવલ કેમ ધરો ? ... મનોરથ.

આટઆટલું કષ્ટ સહ્યું મેં, સફળ નહીં શું કરો ?
ઘાયલ ઉર આરામ ચહે છે, દિવ્યૌષધ ન ભરો ? ... મનોરથ.

તરસ્યાને અમૃત પાશો ના ? અમૃત સાથ ફરો;
ક્ષુધા ક્ષુધિતની નહીં શમાવો? સ્મિતની સાથ વરો ! .. મનોરથ.

વજ્રપાતથી યે વધુ ભારે એ આઘાત ખરો;
કોમલ શિશુ પર કેમ જ કરશો, નિર્દય નીચ નરો? ... મનોરથ.

છે વિશ્વાસ અટલ મુજને, તો મિથ્યા તે ન કરો;
'પાગલ' થાય ગમે તે તોયે આજ જરૂર મળો ! ... મનોરથ.

* * *

## ૧૧૪. ભલે ગમે તે થાય

ભલે ગમે તે થાય, મારે દર્શન કરવું છે !

મેળવવાં છે મારે તમને, મંગલ કરવું છે;
જીવનની જડતા ટાળીને અમૃત ભરવું છે ... ભલે.

રૂપ તમારું ભરી નયનમાં બધે વિચરવું છે;
મસ્ત રહીને નિશદિન રાગે જીવન ધરવું છે ! ... ભલે.

ભોગ આપવો પડે ગમે તે, ધ્યાન ન ધરવું છે;
પ્રેમપંથનો પાંથ થયો, ના પાછું ફરવું છે ! ... ભલે.

વરસે વેદન ભલે વિપત્તિ, લેશ ન ડરવું છે;
તપ તલસાટ તાપથી અંતે પાર ઉતરવું છે ... ભલે.

ધન્ય થવું છે દર્શન પામી, મૃત્યુ તરવું છે;
સફળ જિંદગી કરવી સારી, તમને વરવું છે ... ભલે.

મિલન થશે મુજને ના શાને, જ્યારે મળવું છે;
ઝંખું છું નિશદિન, આખર તો હરખે ફરવું છે ... ભલે.

હિમાલય હલે, પૃથ્વી ડોલે, તોય ન ચળવું છે;
ધીરજ સાથે આગળ ધપતાં તમને મળવું છે ... ભલે.

કઠોર બનતાં કષ્ટ ધરો, ના તેને ગણવું છે;
'પાગલ' કહે ગમે તેમ કરી બાળક બનવું છે ! ... ભલે.

* * *

## ૧૧૫. તમારી કૃપા જરૂર થશે

તમારી કૃપા જરૂર થશે.

અમૃતવર્ષા વરસી રે'શે, તીખા તાપ જશે,
નીરસ ઉર રસમય બનશે, ને નવજીવન ધરશે ... તમારી.

વાદળ ઉમટ્યાં આજ વ્યોમમાં, મંગલ તે બનશે;
શુભ સંકેત કરે છે સઘળાં, વૃષ્ટિ કાલ થશે ... તમારી.

શીતલતા શમશે અંતરની, તેજ નવું મળશે;
વિખરાશે વાદળ કાલ બધાં, સાફ ગગન કરશે ... તમારી.

નાચે મોર પ્રસન્ન તેમ આ ઉર નર્તન કરશે;
પ્રાણ પ્રેમરસપાન કરીને મસ્ત બની ફરશે ... તમારી.

વિધિના લેખ લખાયા છે આ, સ્વપ્ને ના મટશે;
મિલનઘડી નિર્મિત છે તે ના પલટાશે ઘટશે ... તમારી.

'પાગલ' એ આશાથી તપતો, તપ સાચે ફળશે;
કુસુમથકી કોમળ કર મારી કાયા પર ફરશે ... તમારી.

* * *

## ૧૧૯. રસ પણ નીરસ છેક જણાય

રસ પણ નીરસ છેક જણાય:
ભોજન ભાવે નહીં લેશ પણ,
તરસ જરી ન તરાય ... રસ.

ભાતભાતનાં પકવાન મળે,
ના સમજાય ગણાય;
મન પણ કેમે કરી ન માને,
ખામી કૈંક જણાય ... રસ.

જીભ ન પામે સ્વાદ કશામાં,
જમતાં શાંતિ હરાય;
ફળફૂલ મળે અપાર તોયે
તૃપ્ત કરે ન જરાય ... રસ.

લોચન એનાં એ, મન એ,
પણ ભાવ નવીન ભરાય;
'પાગલ' બાળકનું મન 'મા' માં,
મળતાં દૂધ ધરાય ! ... રસ.

* * *

## ૧૧૭. હે વિરહના દિવસ સારા

હે વિરહના દિવસ સારા, હો પસાર હવે તમે,
જેમ વાદળ વ્યોમનાં આ; વિરહ વધુ ન હવે ગમે.
... હે વિરહના દિવસ સારા.

જેમ પાણીના પ્રવાહો ત્વરિત ગતિથી આ વહે,
ત્વરિત તેથીયે વહેજો; પ્રાણ મારો સુખ લહે.
... હે વિરહના દિવસ સારા.

દુઃખનો અનુભવ ન થાયે, લેશ ચિંતા હો નહીં;
થાવ ઉપકારક તમે તો, અંતરાય ધરો નહીં.
નાવ પાર કરે નદીથી, કાળનીર થકી તમે,
પાર કરજો તેમ મુજને, મન મરે ના કે ભમે.
... હે વિરહના દિવસ સારા.

જ્યોતિ જેમ જલી જઈને તેજની રેખા ધરો;
બીજ બનતાં શુષ્ક રણને કાલ અંકુરથી ભરો !
અંધની દૃષ્ટિ બનો ને બધિરનું સંગીત હો;
ચેતના જડની; કરી દો યોગ તેમ વિયોગનો !
ત્રુટિત તારોને મિલાવો, હૃદયનો સંગમ કરો;
સમર્પણ સઘળું કરીને મિલનની મ્હેફિલ ધરો.
... હે વિરહના દિવસ સારા.

તૃપ્તિ આપો તપ્તને, સેવા અનોખી એ કરો;
છોડી પ્રમાદ પસાર થાઓ, જિંદગી સાર્થક કરો.
મિલનની મધુરી પળે જલદી પહોંચાડો મને,
આજે તો થાઓ સફળ, પાછા ફરો ના મુજ કને.
... હે વિરહના દિવસ સારા.

* * *

## ૧૧૮. કૃપા કરીને દર્શન આપો

કૃપા કરીને દર્શન આપો, જીવન ઉજ્જવલ થાય,
પ્રાણ પ્રસન્ન બની જાયે ને પાવન થાયે કાય.

ભ્રાંતિ લઈ ભમવાનું મારે પછી રહે ના ક્યાંય,
સંતપ્ત થઈ રહે શોધવી કોઈની ના છાંય !
ઘોર ઉછાળા મારે સાગર, પકડો મારી બાંય,
કૃપા કરીને દર્શન આપો, આશા અન્ય ન કાંય.

કૃપા કરી દો, કૃપાતણી તો રહે કામના ના,
કોઈનીયે આશા તેમજ રહે લાલસા ના;
સંત-મહંત-દેવનું શરણું પછી શોધવું કાં ?
અમૃતફલ આગળ ફળ બીજાં હિસાબમાં છે શાં ?

દીનતા ટળે, અલ્પતા મરે, જીવન મંગલ થાય,
છેક પ્રફુલ્લિત બની જાય આ સ્પર્શ લભીને કાય;
બંધન તૂટે, કર્મો છૂટે, પાશ પ્રબળ સૌ જાય,
કૃપા કરો તો નિરખી નિરખી નેન તમોને ન્હાય.

બાળક માતાવિના ફરે છે ગમગીન બની જેમ,
મટી જાય ફરવાનું મારું આ સંસારે તેમ;
મૂર્તિ મઢીને મનમાં તેમજ લભી સદાનો સાથ,
રહો તમે ત્યાં રહું નિરંતર, કરું પ્રેમની વાત !

કરું કહો તે કામ તમારું, નવસંદેશ ધરું,
દેશ તેમ દુનિયામાં વિહરી નવો પ્રકાશ ભરું;
શાંતિ પ્રેમની કરું સ્થાપના, દિવ્ય સુવાસ ધરું,
તમારો બની પછી કહો ત્યાં આનંદે વિચરું.

કૃપા કરો તો સફળ બની આ સ્વપ્ન સફળ થાયે,
મેળાપ થઈ શકે તમારો, હરખ નહીં માયે;
'પાગલ' કહે કૃપા વિણ મળશે શાંતિ ન કોટિ ઉપાય,
ધન્ય બને કોઈ જન ના જો કરો તમે ન સહાય.

## ૧૧૯. મારા અગણિત છે અપરાધ

મારા અગણિત છે અપરાધ; સઘળા માફ કરો.
મારા અનંત છે અપરાધ; સઘળા માફ કરો.

મનવાણીથી છે કૈંક થયા,
કર તેમ ચરણથી કોટિ કર્યા;
મારા અપાર છે અપરાધ; સઘળા માફ કરો.

છે આંખકાનથી કૈંક થયા,
કાયાથી તેમ અનેક કર્યા;
હજુ કૈંક થતા અપરાધ; સઘળા માફ કરો.

છું અવગુણનો સાગર હું તો;
ખારાશ મળે અચરજ શું તો ?
મારા ના ગણશો અપરાધ; સઘળા માફ કરો.

બાળક તો મલિન સદા હોયે,
માને ખોળે સોહે તોયે;
તો માફ કરી અપરાધ; દિલમાં સ્થાન ધરો !

જો માફ ઉદાર દિલે કરશો,
તો ભાર બધો મારો હરશો;
તમને ન જશે કૈં ખાધ; દળદર દૂર કરો !

છું અપરાધી દોષિત ભારે,
પણ અંતર પ્રેમ વહે મારે;
છે એક મિલનની સાધ, એનો ખ્યાલ કરો !
'પાગલ'ના સૌ અપરાધ, માતા, માફ કરો !

* * *

## ૧૨૦. મળવાનું મન થયું મને તો કેટલાય દિનથી

મળવાનું મન થયું મને તો કેટલાય દિનથી,
લગન ગઈ દિલડાને લાગી કેટલાય દિનથી.

કીર્તિ તમારી સુણી ત્યારથી ઉપજ્યો ઉરમાં પ્રેમ,
ઝંખના થઈ જોવા કાજે, કહી બતાવું કેમ ?

સ્મરણ તમારું વધ્યું નિરંતર દ્વિગુણિત કરતાં પ્રેમ;
પૂજન સ્તવન તમારું ચાલ્યું, વધી મોહિની એમ.

સ્વપ્ન ધ્યાનમાં દર્શન દીધાં, જાગૃતિમાંયે તેમ;
સંબંધ વધ્યો સદા આપણો ચંદ્રકલાની જેમ.

વ્યાકુળ હૃદય થયું મળવાને, રોમરોમ તલસે;
નેન તમોને ઝંખે જોવા, અંગ ચહે સ્પરશે.

ભેખ ધર્યો મેં કાજ તમારે, ભાવભભૂતિ ભરી;
મળવા માટે કરું મનોરથ, એવી પ્રીત કરી.

પ્રીત કરી ના દૂર રહીએ નિર્દય જેમ થઈ;
મૃત્યુલોકના માનવને દો આશીર્વાદ દઈ.

'પાગલ' પ્રાર્થે પ્રેમ કરીને જલદી દર્શન દો,
અમુલખ અવસર બને આજનો, ધન્ય ઘડી પળ હો !

* * *

## ૧૨૧. મંગલુ જુઓ મુહૂર્ત કયું ?

મંગલ જુઓ મુહૂર્ત કયું ?
આથી વધુ શુભ યોગ મળે ના; મધુર મુહૂર્ત કયું ? ... મંગલ.

પ્રદેશ પાવન હિમાલયતણો, તપ પણ ખૂબ થયું;
પવિત્ર છે પરમાણુ અહીંનાં, શાસ્ત્રે એમ કહ્યું ... મંગલ.

સ્થળ એકાંત અનેરું તેમજ તીરથ જેમ થયું;
આરાધના અખંડ થવાથી એનું ભાગ્ય ફર્યું ! ... મંગલ.

મધુર કાળ આ શીતળ સાચે, કષ્ટ અસહ્ય સહ્યું;
દિન આવ્યો છે શુભાગમનનો, હજુ હમણાં જ કહ્યું ! .. મંગલ.

નભ નિર્મળ ને ફૂલ હસે આ, વન સુંદર સઘળું;
પર્વતની માળાની પાસે બેસી ધ્યાન ધર્યું ! ... મંગલ.

પ્રકટો, સ્થળ તો થાય સુશોભિત, યશ હો વળી વર્યું;
વર સાથે આવો જીવનને કરવા પ્રેમ ભર્યું ! ... મંગલ.

તમારી જ ખામી છે કેવલ, જીવન જાય વહ્યું;
'પાગલ' હશે પરમ દિવસે તો મેં પ્રસ્થાન કર્યું ! ... મંગલ.

* * *

## ૧૨૨. મને દો પ્રસન્નવદન વિદાય !

મને દો પ્રસન્નવદન વિદાય !

સંકટ સમયે આજે આવો કરવા કાજ સહાય;
દર્શન આપી ચિંતા ટાળો, જય જયકાર કહાય.
... મને દો.

આજ અવશ્ય પકડજો મારી પ્રેમ કરીને બાંય;
તનમનઅંતર સંતપ્ત થયાં, ઢાળી દેજો છાંય.
... મને દો.

સમદર્શી ને દયાસિંધુ છો, શમવો દિલની લ્હાય;
દામ ન બેસે તમને તેમાં, શ્રમ પણ ન પડે કાંય.
... મને દો.

પાવન હિમગિરિ ધન્ય બને ને થાય પ્રસન્ન હવાય;
મુક્ત બને જીવન મારું ને ગૌરવગીત ગવાય.
... મને દો.

જીવ-બ્રહ્મના ભેદ મટે ને અભેદ ઓચ્છવ થાય;
કાયમ માટે એક થઈને નેન નેહમાં ન્હાય.
... મને દો.

'પાગલ' કહે મળે ના તમને કોઈ કોટિ ઉપાય;
કૃપા કરી દો તો જ મળાયે, છેક થયો નિરુપાય.
... મને દો.

* * *

## ૧૨૩. અરજ મારી આજે તો ધ્યાન ધરો !

અરજ મારી આજે તો ધ્યાન ધરો !
તારક મારક એક તમે છો,
તુર્ત જ પાર કરો ! ... અરજ.

કૃપાનિધાન, કૃપા વરસાવો,
દૈન્ય સમસ્ત હરો;
અનંતનામી, પૂરણકામી,
સાર્થક નામ કરો ! ... અરજ.

આશ્રયસ્થાન તમે છો એકલ,
આશ્રય આજ ધરો;
ભક્તોની રક્ષાના પણથી
જોજો લેશ ફરો ... અરજ.

કૈંક કર્યા જનને બડભાગી,
તેમ મને ય કરો;
હર્યાં કષ્ટ કૈંનાં કરુણાથી,
મારું આજ હરો ... અરજ.

નિંદિત નીચ અધમ શરણું લે,
અનુગ્રહ તોય કરો;
વચન કરી દો સત્ય તમારું,
વરસો પ્રેમ ખરો ... અરજ.

અસંતોષનો અગ્નિ ઠારો,
ભ્રમ ટાળો સઘળો;
'પાગલ' પ્રેમ જરીક કરો તો
ખેલ નથી અઘરો ! ... અરજ.

* * *

## ૧૨૪. હવે તો પ્રત્યક્ષ થાઓ

હવે તો પ્રત્યક્ષ થાઓ, કરું પૂજન તો,
પખાળીને પાય પ્રેમે કરું પૂજન તો !

ફૂલમાળ ધરું તમારા કંઠમાં ન્યારી,
ધ્યાનમગ્ન બનું ચરણમાં શીશને ઢાળી.

આંખને આંખે મિલાવી અમીપાન કરું,
અમર જીવનમાં પ્રવેશી દિવ્ય ભાવ ભરું !

ફેરવો કર કાય પર ત્યારે સમાધિ કરી,
હરખમાં ડૂબું રહો જ્યારે પ્રસાદ ધરી !

કરી પૂજા મૂક મનમાં આજ લગ મેં તો,
હવે તો સાક્ષાત થાઓ, નવું પૂજન હો !

ગીત મધુરું સંભળાવું, સાંભળું તેવું,
ગીત ગાયક ઉભયનું સૌભાગ્ય એ કેવું !

નિહાળું તમને તમારામય બનું સાચે,
ઉભય ઉર સંગમસ્થળમહીં નેહમાં નાચે !

પ્રકટની પૂજા કરાયે જો પધારો તો,
પૂજ્ય પૂજા ને પૂજારી એક જેમાં હો !

કહે 'પાગલ' આજ લગ તો કરી પૂજા છો,
હવે એ પૂજાતણું સૌભાગ્ય મુજને દો;

* * *

## ૧૨૫. મિલન વિના લેશ પડે ના ચેન

મિલન વિના લેશ પડે ના ચેન.
આઠે પહોર ઉદાસીન અંતર, લાલ બનેલાં નેન.
... મિલન વિના.

શય્યા સુંદર સુમન સજેલી, સંગીત છુટે તેમ;
અત્તર તેમ અગરબત્તી છે, ખંડ ન મ્હેંકે કેમ ?
કેમ મળે ના લોચન મારાં, જાય જરી ના ઘેન.
... મિલન વિના.

મધુર ચાંદની, પવન સુવાસિત, મળી યુવાની તેમ;
મદ પણ તેમાં અલ્પ મળે ના, મન છે ટાઢું હેમ.
ઝંખીઝંખી ઉજાગરામાં વીતે સારી રેન.
... મિલન વિના.

ધ્યાનમહીં ના મન લાગે ને સમાધિ નીરસ છેક;
ખૂબ ધરાઈ જોવાં તમને, જાણું એજ વિવેક.
સાધન સઘળાં શુષ્ક જણાયે, ચિત્ત બને બેચેન.
... મિલન વિના.

વિરહ ઉછાળા મારે ઉરમાં, ગરજે સાગર જેમ;
'પાગલ' પ્રાણ તમારે માટે, શીતળ થાયે કેમ?
ચંદ્રથકી પણ ચારુ મુખ મળે તો જ મટે વિષ વ્હેણ.
... મિલન વિના.

* * *

## ૧૨૬. મારી સંભાળ સદા લો

મારી સંભાળ સદા લો.

હરેક કાળે ને હરસ્થળમાં સાથ મહારી હો!
વિયોગ થાઓ વિપળ પણ નહીં, વીતે વરસો છો !
.. મારી સંભાળ સદા લો.

પ્રાણ બની પાસે જ રહો ને જીવનને ગતિ દો;
તનમન ને અંતરમાં બજવો બીન નિરંતર છો !
.. મારી સંભાળ સદા લો.

રક્ષો મુજને પ્રાણ જેમ, હો ભય મારે તો શો ?
પ્રલોભનો કે ભયસ્થાનોમાં રહું નિરંતર છો !
.. મારી સંભાળ સદા લો.

નીરસ રણના પ્રવાસમાં આ છાયાછત્ર હજો;
વનસ્થલી થાજો મુજ કાજે, શાંતિ સનાતન તો !
.. મારી સંભાળ સદા લો.

વિષમાં અમૃતને વરસાવો, જડમાં પ્રાણ ભરો;
પ્રેમ તમારો પાઈ પાઈ શોક ત્રિતાપ હરો !
.. મારી સંભાળ સદા લો.

'પાગલ' કહે કદી ના છોડો, છોડે સઘળાં છો;
બાલક જનની વિના ન જીવે, હૂંફ હમેશાં દો !
.. મારી સંભાળ સદા લો.

* * *

## ૧૨૭. ચૈતન્ય કૉલેજ

વિરહ ના કરમાયે કદિકાળ !
કુસુમસમ વિકસે દિલની ડાળ !

ફોરમ એની ફેલાય બધે,
કરતાં મધુર ત્રિકાળ;
તરંગ તેનાં તાલ સદા દે
અંતર સરવર પાર ... વિરહ.

અસારમાં પણ સાર ભરી દે,
ખાય કદી ના માર;
પૂજા એની કાયમ ચાલે,
થાય ભલે ને વાર ... વિરહ.

મિલનતણા આ જટિલ જંગમાં
પામે ના કદિ હાર;
સહજ સ્પર્શથી સુખ આપે એ,
નરને જેવી નાર ... વિરહ.

પ્રતિપળ પ્રબલ બને ને સેવે
તમને બનતાં જાર;
'પાગલ' મિલન કરાવે અંતે
એમ કરે ઉપકાર ! ... વિરહ.

* * *

## ૧૨૮. મારી વેગે વ્હારે આવો !

મારી વ્હારે વેગે આવો !

વિલંબ ન કરો એકે ક્ષણનો,
વ્યાકુળ બનતાં આવો;
એકલદોકલ આલાપું છું,
ગીત તમે પણ ગાઓ. ... મારી.

ડગમગ થાયે જીવન મારું,
ધ્રુવપદ તેનું લાવો;
પ્યાસી થાય ફરી ન કદીયે
એવું અમૃત પાઓ. ... મારી.

નેહ નીતરે રોમરોમમાં,
રૂપ નયનમાં લાવો;
તનમનમાં અનુરાગ ભરીને
ન્હવરાવો ને ન્હાવો. ... મારી.

એકે ક્ષણ ના દૂર હઠો કે
મૂકતાં મુજને જાઓ;
પોકાર કરું તેની પ્હેલાં
સુણી સ્નેહથી ધાઓ. ... મારી.

લાજ મહારી હાથ તમારે,
લેશ ન આજ ગુમાવો;
'પાગલ'ને અપનાવો પ્રેમે,
જીવન બનતાં આવો ! ... મારી.

* * *

## ૧૨૯. કોઈ શરણ મહારું લે

કોઈ શરણ મહારું લે.
મૃત્યુલોકની મુસાફરીમાં મુજને જીવન દે,
શોધે સાથ સદાયે મારો, તેની થાયે જે ... કોઈ.

ડગલેપગલે દુઃખ યાતના પારાવાર પડે,
પરંતુ ગભરાયે ના તેથી, મારું નામ વદે,
સુખમાં પણ જે મને ન વિસરે, સદા સલામત તે ... કોઈ.

ચિંતા શ્રમથી ડરે જરી ના, કટુ આઘાત સહે;
વિષ ઘોળીને અમૃત આપે, વાણી મધુર કહે.
મારામાં મન લાગ્યું જેનું જીવન અર્પણ છે ... કોઈ.

પ્રાણથકી જે પૂજે મુજને, મારું ધ્યાન ધરે;
અંતે તો તે સફળ થાય, ને ઉત્તમ સ્થાન મળે;
ત્રિકાળમાં ના થાય પરાજિત પ્રેમી મારો તે ... કોઈ.

વાદળ બધાં હઠી જાયે ને સૂરજ ચમકે છે,
તેમ હઠાવું વાદળ તેનાં ઉરમાં ઉમટ્યાં તે;
જે ચાહે તે પામી જાયે નિયમ સનાતન એ ... કોઈ.

'પાગલ' કહે કહી આ વાણી વરસો પહેલાં છે;
કરો વિલંબ છતાં પણ શાને, દૂર રહો છો શેં ?
સત્ય કરી દો વચન આજ તો, થાય ઉભયની જે ... કોઈ.

* * *

## ૧૩૦. ગાયક તમે કર્યો છે મુજને

ગાયક તમે કર્યો છે મુજને, ગીત સદા ગાઉં,
પિયૂષ આ પૃથ્વીમાં ફરતાં પીઉં ને પાઉં !
... ગાયક.

કદી હિમાલયના શૃંગો પર ને જંગલ જાઉં,
સમુદ્ર તટ પર, કદીક રણમાં, રસગંગા લાવું !
... ગાયક.

પ્રેમશાંતિના સરોદ છોડું, બીજ મધુર વાવું,
ફાલેફૂલે ફોરમ આપે, ગીત નવાં ગાઉં !
... ગાયક.

કટુતા તેમ વિષાદ વિશ્વનાં ખરેખર વહાવું,
બ્રહ્મા બની રચું, સંગીતે સર્જેલ સુહાવું !
... ગાયક.

મધુર રાગથી ભર્યો છે મને, તમારું જ ગાવું,
ગીત તમારાં કહો પછીથી કવિ કેમ કહાવું ?
... ગાયક.

આ માટે છે મને મોકલ્યો, ન્હવરાવું ન્હાવું;
તમે પરબ પ્રેમતણી માંડી, તેમાંથી પાઉં !
... ગાયક.

* * *

## ૧૩૧. કહ્યો છે આ સંસાર અસાર

કહ્યો છે આ સંસાર અસાર.
નીરસ તેમજ મિથ્યા માન્યો
કૈંએ કરી વિચાર ... કહ્યો છે.

સમશ્યાભર્યો રહસ્યમય છે
પીડા પારાવાર;
જ્ઞાનીજન પણ ઉપદેશે છે
કૈં ન બતાવે સાર ... કહ્યો છે.

હર્ષશોક ને તાપછાંયનાં
તેમાં દ્વંદ્વ અપાર;
ચંચળ છે અતિ, પળપળ તેને
ભક્ષી જાયે કાળ ... કહ્યો છે.

યોગીજન પણ રડ્યા ઘણાયે
કબૂલ કરતાં હાર;
જટિલ જંગ છે એવો આ તો,
કેમ પમાયે પાર ? ... કહ્યો છે.

'પાગલ' પ્રેમ ન પ્રકટે ત્યાં લગ
ભલે ગણાય અસાર;
તમે મળો તો સ્વર્ગ સાંપડે,
ટળે બધા અવિચાર ... કહ્યો છે.

* * *

## ૧૩૨. પંથ વચગાળે જ જોજે ના પૂરો કરતો

પંથ વચગાળે જ જોજે ના પુરો કરતો,
પરિશ્રમ ને થાકથી જોજે નહીં ડરતો;
હતાશ થઈ બેસતો ના, આહ ના ભરતો,
પંથ વચગાળે જ જોજે ના પુરો કરતો.

દૃઢ કર્યે નિરધાર કૈંય કઠિન રહેશે ના,
પીગળી પર્વત જશે, સંકટ રહેશે ના;
નદીનાળાં માર્ગ કરશે, ભેખડો પડશે,
વિઘ્ન બાધા વળી ગ્રહ ના પછીથી નડશે.

આશશ્રદ્ધા ધરી હિંમત પ્રગતિ તું કરજે,
પરિશ્રમ પ્રસ્વેદથી તો લેશ ના ડરજે;
મોતના મુખમાં સદાયે સ્મિત કર્યા કરજે,
શીશ હાથમહીં લઈને સૃષ્ટિમાં ફરજે.

કહે 'પાગલ' ધ્યેયમાર્ગે નિરંતર ધપજે,
મળી તો ધ્રુવપદ જશે, શ્રદ્ધાથકી ધપજે;
પરિશ્રમ સાર્થક થશે, આનંદનિધિ મળશે,
આજનું વિષ કાલ પલટાઈ સુધા ધરશે.

* * *

## ૧૩૩. ઊંઘે માનવ સર્વ ભલે !

ઊંઘે માનવ સર્વ ભલે !

જાગ્યો તું તો ઊંઘ ફરી ના,
આળસ જાય ભલે ! ... ઊંઘે.

જે જાગે તે પદાર્થ પામે,
છે બડભાગી તે;
ઊંઘે તે અમુલખ ધન ખોવે,
વ્યર્થ રડે અંતે.
માટે ના કર પ્રમાદ ભાઈ,
વ્યર્થ ન ગાળ પળે ! ... ઊંઘે.

જીવન છે આ ખરે કીમતી,
વેગે ખૂબ વહે;
કરી શકે માનવ ચાહે તે
સંતો એમ કહે.
'પાગલ' કે' પુરુષારથ કરતાં
વસ્તુ શી ન મળે ? ... ઊંઘે.

* * *

## ૧૩૪. નયનમાં નેહલ નેન મળે

નયનમાં નેહલ નેન મળે.
હૃદય આ ભાવસમાધિ કરે.

પરમશાંતિમાં સ્નાન કરે ને
પ્રાણ સુવાસ ધરે;
વિસરી જાયે સુધબુધ સઘળી,
પીડા પૂર્ણ ટળે ... નયનમાં.

અમૃતસ્વાદે ધન્ય બને ને
ભેદ બધા વિસરે;
અગણિત વરસોની સાધ શમે,
કાલ કરાળ મરે ... નયનમાં.

તપવ્રત તીરથ યોગયજ્ઞનું
અંતિમ લક્ષ મળે;
સફળ સાધના થાયે સારી.
ઉત્સવ પ્રાણ કરે ... નયનમાં.

નયન મધુર એ મળે જેહને
તેનું ભાગ્ય ફરે;
'પાગલ' કહે ઉભય ઉરનો
એ સંગમ ભલે કરે ! ... નયનમાં.

* * *

## ૧૩૫. થાયે આશ નિરાશ ન મારી !

થાયે આશ નિરાશ ન મારી !
કોમળ છે અત્યંત ખરે એ,
કરમાયે ના ન્યારી ... થાયે.

ટકે તમારા આધારે એ,
શરણ લઈને ભારી;
પોષણ પામે વધે નિરંતર
ધ્યાન તમારું ધારી ... થાયે.

ભાવકુસુમથી ભરચક છે એ,
સુવાસ છોડે સારી;
તનમનઅંતરમાં રસ રેલે,
પ્રીત તમારી પાળી ... થાયે.

મહિમાનાં મધુ ગીતો ગાયે,
જાય કદી ના હારી;
જન્મી ત્યાંથી ગઈ ખરેખર
તમારા ઉપર વારી ... થાયે.

પોતાની જાણીને તેને
લેજો આખર તારી;
'પાગલ' કહે થઈ છે શોકિત,
લેજો આજ ઉગારી ... થાયે.

* * *

## ૧૩૯. રોજ પ્રભાતે પ્રતીક્ષા કરું

રોજ પ્રભાતે પ્રતીક્ષા કરું,
ધ્યાન તમારું ધારી.
ક્યારે કરશો કૃપા તમારી,
આશા ફળશે મારી ?
... રોજ પ્રભાતે.

વ્યથા તેમ ચિંતાને ટાળી,
તેમ નિરાશા વિચાર મારી,
દુર્બળતા છેક જ સંહારી;
નિત્ય નવું બલ ધારી.
... રોજ પ્રભાતે.

શ્રદ્ધાની રસજ્યોત જગાવી,
ચંચલતાને દૂર ફગાવી,
લગન તમારી એક લગાવી,
મારગ રહું નિહાળી.
... રોજ પ્રભાતે.

કરો પ્રતીક્ષા પૂરી ક્યારે ?
એ જ ઝંખના હૈયે મારે;
'પાગલ' પાવન બનશે ત્યારે,
રૂપ તમારું ભાળી.
... રોજ પ્રભાતે.

* * *

## ૧૩૭. અંતર ધીરજ કેમ ધરે ?

અંતર ધીરજ કેમ ધરે ?

તમારા વિના બેચેન બન્યું,
નિત્ય વિલાપ કરે;
અંગારામાં જલી રહ્યું છે,
કેમ ત્રિતાપ ટળે ? ... અંતર.

શાંત બનીને ક્યાંથી બેસે,
કેમ નિરાંત વળે ?
સુખનો શ્વાસ લભે શી રીતે,
શેં આનંદ મળે ? ... અંતર.

અંગ સુશોભિત મોહભરેલું
માનવ કો'ક કરે,
પરંતુ આરોગ્ય વિના એને
શેં સૌન્દર્ય મળે ? ... અંતર.

અથવા પ્રાણ વિના કાયાથી
હેતુ ન લેશ સરે;
તમારા વિના અંતર એવું
રડતાં મૂક મરે ! ... અંતર.

વિહ્વલ બનતાં આલાપે છે
નિશદિન સ્નેહસ્વરે;
'પાગલ' પ્રાણ મળે જો એને
તો વિશ્રાંતિ વળે ... અંતર.

* * *

## ૧૩૮. ખરેખર કર્મની ગતિ ન્યારી

ખરેખર કર્મની ગતિ ન્યારી.
મટી શકે ના કેમે કરતાં,
ટળી શકે ના ટાળી ... ખરેખર.

લેખ લખ્યા મિથ્યા ના થાયે,
યત્ન ભલે હો ભારી;
કર્મ કરેલ પ્રબળતા ધારે,
માનવ જાયે હારી ... ખરેખર.

જ્યારે જ્યાં જે મળવાની કે
વસ્તુ થવાની સારી,
થઈને રહે તે તો સાચે,
અશુભ તેમ શુભકારી ... ખરેખર.

આકાશે ઊડે પાતાળે
જાય ભલે કો' હારી;
ત્યાંપણ કર્મ ન છોડે તેને,
રહસ્ય એવું ભારી ... ખરેખર.

'પાગલ' કર્મ પ્રબળ છે એવું,
કેમ શકું ઉર વારી ?
મિલન આપણું નક્કી થાશે,
એ શ્રદ્ધા છે મારી ... ખરેખર.

* * *

## ૧૩૯. મારો સુણતાં પોકાર, પ્રેમે પધારજો !

મારો સુણતાં પોકાર, પ્રેમે પધારજો !
આજે સુણતાં પોકાર, પ્રેમે પધારજો !

દિલડાને દર્શનની લગની છે લાગી,
મમતા ને પ્રીત ગઈ ભારે છે જાગી;
રાગે રોવે ચોધાર, પ્રેમે પધારજો !
... મારો સુણતાં પોકાર.

આતુર આ આંખલડી તમને તાકી રહી,
પ્રીતિની પીડા શી હજુયે બાકી રહી?
પીડા થાયે પોબાર; પ્રેમે પધારજો !
... મારો સુણતાં પોકાર.

અંતરને આરામ મળતો ના ક્યાંયે,
તાપે અકળાય, ના દેખાતી છાંયે;
ના કરો ઘડીનીયે વાર; પ્રેમે પધારજો !
... મારો સુણતાં પોકાર.

સાચું કહું છું નથી કોઈ સંસારમાં,
માતાપિતા ને મિત્ર સ્નેહી સંસારમાં;
એક છે તમારો આધાર; પ્રેમે પધારજો !
... મારો સુણતાં પોકાર.

અમૃતનું દાન દઈ દર્શન દો આજ તો,
શોક છે છવાયો, મળે આનંદ આજ છો;
'પાગલ' પ્રેમનદી પાર, પ્રેમે પધારજો !
... મારો સુણતાં પોકાર.

* * *

## ૧૪૦. કેમ ના મારી તરફ જુઓ ?

કેમ ના મારી તરફ જુઓ ?
અરજ ના મારી કેમ સુણો ?

બંધ કર્યાં છે દિલનાં દ્વારો;
ખુલ્લાં કાં ન કરો ?
સ્થાન ધરીને મુજને તેમાં
કેમ ન શાંતિ ધરો ?
આંખ ના મારી કેમ લુવો ? ... કેમ ના.

મૂક બનીને બેઠાં શાને ?
ના છેડો સંગીત ?
પ્રાણ ટળવળે મારો તોયે
થાવ ન તેનાં મીત !
થઈને છેક જ શાંત સુઓ ! ... કેમ ના.

બાલકનું બલ કહો કેટલું ?
પ્રેમપુકાર કરે;
રડે, ટળવળે, તલસે તમને,
નીરસ જેમ ફરે;
પુરી દો આવી આંખકુવો ! ... કેમ ના.

'પાગલ' કહે વિરહના દિનને
કેમ ન પૂર્ણ કરો ?
નવપ્રભાતને પ્રકટ કરીને
શોક ન કેમ હરો ?
પ્રેમ વિણ સાચે પ્રાણ મુઓ ! ... કેમ ના.

* * *

## ૧૪૧. ચિત્ત ના ચરણોને ત્યાગે !

ચિત્ત ના ચરણોને ત્યાગે !
વૈભવ મળ્યો પરમ ત્યાં, બીજો
વૈભવ ના માગે ... ચિત્ત ના.

ચારુ ચરણનો નેહ મૂકીને
બીજે ના લાગે;
ધ્યાન ધરે છે, હરખ ભરે છે,
રત છે અનુરાગે ... ચિત્ત ના.

તમારી જ દૈવી દુનિયામાં
કેવલ એ જાગે;
ભર્યું તમારા મધુર ભાવથી,
સુશોભિત સુહાગે ... ચિત્ત ના.

સ્વર્ગ તેમ મુક્તિ એની ત્યાં,
સુખ એમાં લાગે;
જીવનના ઉત્સવની મંગલ
વીણા ત્યાં વાગે ... ચિત્ત ના.

મધમાખીની જેમ વિહરતું
મસ્ત બની બાગે;
'પાગલ'ને પ્રેમ કરો પૂરણ,
એ ભિક્ષા માગે ... ચિત્ત ના.

* * *

## ૧૪૨. છેક સાધારણ કહી છે વાત મેં તમને

છેક સાધારણ કહી છે વાત મેં તમને,
દિવ્ય દર્શન દો તમારું, થાય શાંતિ મને;
વિરહની હોળી સળગતી અંતરે મારા,
શમાવો તેને વરસતાં પ્રેમની ધારા !

દિવાળી પ્રકટે પછી જીવનમહીં મારે,
ધન્યતાસંગીત પ્રકટે હૃદયને તારે;
પાનખરનો અંત આવે, હસે તેમ વસંત,
માગણી છે એ જ મારી, ક્લેશનો હો અંત !

હજી સાંભળતાં નથી પણ તમે મારી વાત,
સંભળાવું ખંતપૂર્વક રોજ દિન ને રાત;
થાય છે આશ્ચર્ય મુજને, ગયો ખૂટી પ્રેમ,
રંક માટે હૃદયમાંથી તમે મૂકી રે'મ ?

ભક્તને તો તારશે કો' , કોણ કરશે પાર ?
શાંતિ દેશે કોણ, કરશે કોણ રસની ધાર ?
તમારા વિણ જિંદગીમાં શો રહેશે સાર ?
તમારા વિણ કોણ કરશે વિરહથી ઉદ્ધાર ?

કહે 'પાગલ' એટલે સમજી હજી જાઓ,
વખત વીતે તે પહેલાં પ્રેમથી આવો;
વાત સાધારણ છતાંયે તુચ્છકારો ના,
અલ્પ મારો પ્રેમ, છે પણ પ્રબળ ખૂબ જ હા !

* * *

## ૧૪૩. વિસર્યો ના વિસરાયે પ્રેમ

વિસર્યો ના વિસરાયે પ્રેમ !

પ્રતિપળ પ્રબળ બને અંતરમાં,
જાય સમૂળો કેમ ?
જડ ઘાલી છે મુજ જીવનમાં,
વરસે નિશદિન રે’મ ! ... વિસર્યો.

તન મન અંતરને આવરતાં
પ્રસર્યો પવનની જેમ;
પ્રાણમહીં છે મળી ગયો એ,
અલગ કરાયે કેમ ? ... વિસર્યો.

શ્વાસોશ્વાસે સાકાર બને,
વહે રક્તમાં તેમ;
ધબકારામાં ધબકે છે એ,
તાણાવાણા જેમ ... વિસર્યો.

થયો વચન તેમજ દૃષ્ટિમાં
ઓતપ્રોત એ પ્રેમ;
અહંભાવને આસન બેઠો
સત્તાધારી જેમ ... વિસર્યો.

વિસરાશો ના લેશ કદીયે,
વધો નિરંતર તેમ;
‘પાગલ’ને નિજ રૂપ કરી દો,
સંપૂર્ણ કરો નેમ ... વિસર્યો.

* * *

## ૧૪૪. પ્રેમપંથનો અંત ન આવે

પ્રેમપંથનો અંત ન આવે,
જો ન કૃપા વરસાવો,
ધ્રુવપદ પણ કોઈ ના પાવે,
જો ન કૃપા વરસાવો.
પ્રેમપંથનો અંત ન આવે.

તમારા વિના સાધન સૂકાં,
રસ તેમાં ના લાગે;
અંગુલિ મૂકો પ્રેમ કરીને
ત્યારે વીણા વાગે.
પ્રેમપંથનો અંત ન આવે.

જીવનનો આનંદ ન માયે,
કરુણા જો વરસાવો;
શાંતિ તેમ ના સુધા સમાયે,
કરૂણા જો વરસાવો !
પ્રેમપંથનો અંત ન આવે.

તેથી 'પાગલ' તલસે તમને,
આજ સવેળા આવો,
મનમંદિરમાં ભલે વિરાજો,
ક્યાંય પછી ના જાઓ !
પ્રેમપંથનો અંત ન આવે.

* * *

## ૧૪૫. વહી વેગથી જાય, જીવન

વહી વેગથી જાય, જીવન
વહી વેગથી જાય !

પળપળ ચાલે પ્રવાહ પેઠે,
દિવસ રાત તો ધાય;
દિવસો, મહિના, વરસો વીતે,
ઓછું આયુષ થાય ... જીવન.

વર્ષા શરદ વસંત આવતી,
પડે તાપ ને છાંય;
કાળચક્ર વિશ્રાંતિ વિનાનું
અતૂટ ચાલ્યું જાય ... જીવન.

બાલકપણ ને યૌવન આવે,
ટકે ન કોટિ ઉપાય;
જરા મરણ ને ફરી જન્મની
માળા ચાલી જાય ... જીવન.

વર્તમાન જે આજ જણાયે
ભૂત કાલ તે થાય;
ભાવિ થાય છે વર્તમાન એ
શાશ્વત ખેલ મનાય ... જીવન.

કરવાનું તે કરાય તો તો
ઉત્સવ ખરે મનાય;
પ્રમાદ આળસ ને અજ્ઞાને
જીવન જોમ હણાય ... જીવન.

ધ્યેય સિદ્ધ હો સત્વર ત્યારે
જીવન સફળ ગણાય;
'પાગલ' કરો કૃપાની વૃષ્ટિ,
તેમાં સાર જણાય ... જીવન.

* * *

## ૧૪૬. મારું મનડું તમારામાં રમે !

મારું મનડું તમારામાં રમે !
એને બીજું કાંઈ યે ના ગમે.
... મારું મનડું.

રાતદિન તમને જોઈને એ જપે,
ચરણોને છોડીને ક્યાંયે ના ભમે;
... મારું મનડું.

જોગી જંગલ જઈ દેહને દમે,
મારું તનમન તો પ્રેમરસમાં રમે;
... મારું મનડું.

મારું જીવન એકાકી ખરે તમે,
સંગ મને બીજા કોઈનો ના ગમે;
... મારું મનડું.

યાદ કરે તમને ગાયે ને સ્તવ્યા કરે,
ધ્યાન ધરી પૂજીને રૂપમાંહે રમે.
... મારું મનડું.

છોડી તમને કદી ક્યાંય જાય ના;
ક્લેશ બધા 'પાગલ'ના દર્શન કરી શમે.
... મારું મનડું.

* * *

## ૧૪૭. આપણો ક્યારે યોગ થશે ?

આપણો ક્યારે યોગ થશે?
લગ્ન કહો લેવાશે ક્યારે,
વિયોગ દૂર થશે ? ... આપણો.

લગ્નસરા ચાલે છે હમણાં,
મંગળકાળ હશે;
કંકોત્રી કૈં કૈં આવે છે,
ઉર ઉભરાય રસે ... આપણો.

એકલવાયું અંતર આજે
છેક મરે તરસે;
ઉભરાશે એ ઉમંગથી ને
સુખ શાશ્વત ધરશે ! ... આપણો.

શરણાઈ ને મુરલી બજશે,
તાપ બધા ટળશે;
આનંદ છવાશે આંગણિયે,
વિરહવ્યથા મરશે ... આપણો.

આજ લગી તો રહ્યો એકલો,
હૂંફ હવે મળશે ?
નયનોમાં નયનો મળવાથી
ક્યારે મન ઠરશે ? ... આપણો.

ધૂન એ જ 'પાગલ' પ્રાણતણી
ત્યાં લગ ના મટશે;
જીવ તેમ શિવના સંયોગે
જડથી રોગ જશે ! ... આપણો.

* * *

## ૧૪૮. જે તમને પ્રેમ કરે

જે તમને પ્રેમ કરે,
તેને શાશ્વત ધામ મળે.

શરણ તમારે આવીને જે
તમને યાદ કરે;
જપે, ભજે ને ગાય તમોને,
તે તો તાપ તરે ... જે તમને.

સેવે તમને, નિશદિન ચાહે,
તમને પ્રાણ ધરે;
મીન જેમ જે જલે તમારા
જીવે તેમ મરે ... જે તમને.

ચાતક જેમ જ ઝંખે તમને,
અમૃત આશ કરે;
સઘળા સ્વાદ અસાર જણાયે,
ધ્યાન તમારું ધરે ... જે તમને.

તપે, રડે ને સહે સંકટો,
વ્યાકુળ થઈ ફરે;
તલસે તમને, મળવા માગે,
જન તે ધન્ય ખરે ... જે તમને.

પારસ પ્રાપ્ત થવાથી દળદર
કૈં જન્મોનું ટળે;
તમે મળો તો માનવમનના
હેતુ બધાય સરે ... જે તમને.

શરણ તમારે આવી કોઈ
રિક્ત હાથ ના ફરે;
'પાગલ' કે' મહિમા એ મોટો,
વ્યર્થ કદી ન ઠરે ! ... જે તમને.

* * *

## ૧૪૯. પ્રવાસી ધપજે ધીરજ ધારી !

પ્રવાસી, ધપજે ધીરજ ધારી !

ચિંતા તેમજ વ્યથા મનતણી
છેક જ દેજે મારી ... પ્રવાસી.

પર્વત પર પણ પગલી પાડી
કેડી કરજે તારી;
વન સમદર ને રણમાં ધપજે,
કરી ધ્યેયની યારી ... પ્રવાસી.

કંટક પત્થરથી ના ડરજે,
જજે કુસુમ પર વારી;
અંગારા વરસે, પ્હાડ પડે,
તોય જતો ના હારી ... પ્રવાસી.

તાપછાંયની કરી ન પરવા,
કરી કલ્પના સારી,
દિવસરાત આગે બસ બઢજે,
નિરધાર કરી ભારી ... પ્રવાસી.

નદી ઝરણ નાળાં આવે ને
કરે કસોટી તારી;
તો પણ લેશ ન ડગજે ભાઈ,
તેને દેજે તારી ... પ્રવાસી.

શ્રદ્ધા સાથે સફર કરે તે
લભે સફળતા ન્યારી;
'પાગલ' પામી પરમપદ જશે
પામરતાને મારી ... પ્રવાસી.

* * *

## ૧૫૦. પંખી ઊડવા યત્ન કરે

પંખી ઉડવા યત્ન કરે.
પડ્યું પીંજરે ઘાટ ઘડે છે, ઊની આહ ભરે ... પંખી.

ફફડાવીને પાંખ ઘડીમાં છેક હતાશ ઢળે;
મારગ ના દેખાયે કોઈ, યુક્તિ કૈંક કરે ... પંખી.

પીંજર બંધ ઊઘડે ક્યાંથી ? કરૂણા કોણ કરે ?
નિર્દય મનના માનવ એને મુક્તિ કેમ ધરે ? ... પંખી.

યાદ આવતા વિહાર વનના, મનમાં શોક કરે;
વન પર્વતમાં કેમ કરીને ફરીવાર વિહરે ? ... પંખી.

બંધન તૂટે કેમ કરીને કપરો ક્લેશ ટળે ?
મરી ગયેલું ગીત પ્રાણને પાછું કેમ મળે ? ... પંખી.

વિહંગ વનનાં ઉડી આવતાં ચારે તરફ ફરે;
બોલાવે તે સાથે રમવા, કેમ કરી વિચરે ? ... પંખી.

કેદ કર્યું શોખીન જને તે મુક્તિ કેમ ધરે ?
મરણ ભલું છે ગુલામીથકી, પણ તે કેમ મળે ? ... પંખી.

નિરાશ ખિન્ન થઈને બેઠું, મૂક પુકાર કરે;
દયા કરે માલિક તો તેનો મંગલ હેતુ સરે ... પંખી.

'પાગલ' કહે ચહે તે પામે, વચનો સત્ય ઠરે;
લોહપીંજરું પણ છૂટે ને અંતે માર્ગ મળે ! ... પંખી.

* * *

## ૧૫૧. અરજ સુણો અવિનાશી મારી

અરજ સુણો અવિનાશી,
મારી અરજ સુણો, અવિનાશી !
બહુ બહુ દિનની વાસી,
મારી અરજ સુણો, અવિનાશી !

તમારા વિના ઉર અકળાયે
જાણે દીધી ફાંસી;
અનુરાગે અહોનિશ આરાધે
તમને હે સુખરાશિ ! ... મારી.

રસિક બની ઈન્દ્રિયો સઘળી
થઈ તમારી દાસી;
પૂજે સેવે તમને બનતાં
વિષયોથકી ઉદાસી ... મારી.

ધ્યાન ધરે છે પ્રાણ નિરંતર,
અખંડ વિશ્વવિલાસી !
યજ્ઞયાગ શું સાધન તેને,
શું મથુરા કે કાશી ? ... મારી.

કૃપા કરો તો જાય યુગોનું
તિમિર ખરેખર નાસી;
પરમ પ્રકાશિત રૂપ પમાયે,
પ્રકટ બની લો હાસી ! ... મારી.

અરજ છેક સાધારણ મારી
ધ્યાન ધરો અવિનાશી !
'પાગલ' પ્રેમીની પૃથ્વીમાં
જોજો થાય ન હાંસી ! ... મારી.

* * *

## ૧૫૨. આજે મંગલ દિવસ કહ્યો

આજે મંગલ દિવસ કહ્યો !
ઊગ્યો ભલે આનંદ લઈ તે, ઉત્સવ દિવસ કહ્યો ... આજે.

પવિત્ર માસે, પવિત્ર દિવસે, યોગ પવિત્ર થયો;
ગીતાજયંતિ પર્વ આજ તો, દિવસ અનન્ય કહ્યો ... આજે.

કુરૂક્ષેત્રમાં કૌરવપાંડવ મેળો મહા મળ્યો;
અર્જુનની આગળ ભગવાને અમૃતસ્રાવ કર્યો ... આજે.

ગંગાથી પણ ગૌરવવાળો જ્ઞાનપ્રવાહ ધર્યો;
પ્રેમ યોગ ને કર્મ મંત્રથી છે ભરપૂર ભર્યો ! ... આજે.

મટ્યો શોક અર્જુનનો તેમજ સંશય છેક ટળ્યો;
યુગયુગથી સંદેશ સનાતન આ સંસાર ફર્યો ! ... આજે.

કુરૂક્ષેત્ર જીવનનું તેમાં મેળો વળી મળ્યો,
કૌરવપાંડવ લડવા ઊભા, તેમ વિષાદ થયો.
શોક તમે તે સત્વર ટાળો, પ્રેમપ્રકાશ કરો ! ... આજે.

સારથિ બનતાં રથ સંભાળો, અમૃત મધુર ધરો !
ઉત્સવ થાય ફરીથી આજે, ઉત્સવ દિવસ કહ્યો; ... આજે.

પૂર્ણ મહાભારત તો થાયે, પાવન યોગ થયો !
'પાગલ' પ્રેમવૃષ્ટિ વરસાવો, તાપ અસહ્ય સહ્યો ! ... આજે.

* * *

## ૧૫૩. જોજો લાજ તમારી જાય !

જોજો લાજ તમારી જાય !

મળે નિરાશા મુજને તેમજ
હાંસી તમારી થાય,
બિરદ ઠરે મિથ્યા ન તમારું,
અપજશ કવિજન ગાય ... જોજો.

કલંક લાગે ના કરૂણાને,
ગૌરવ લેશ ઘવાય;
મહિમાનું મોં કાળું થાયે,
નાસીપાસ થવાય ... જોજો.

ચંદ્રકલાની મટે ચારુતા,
લીલા ને લજવાય;
વિશ્વાસ મરે નહીં મનુજનો,
ભાવ પુરો ભજવાય ... જોજો.

મરવા જેવો મુજ કાજે તે
કાળ ખરેખર થાય;
અપજશ લેશ નહીં મારાથી
સંભળાય સહેવાય ! ... જોજો.

વ્યથા અપાર થશે મુજને તો
શોક નહીં કહેવાય;
લાજ તમારી જરી જતાં ના
મારાથી રહેવાય ! ... જોજો.

મહિમા વધે સદાય ત્રિલોકે,
કીર્તિ ઘટે ન જરાય;
સ્તવન થાય સંસારમહીં જો
'પાગલ' પાર કરાય ... જોજો.

* * *

## ૧૫૪. ચાતક શાને ધ્યાન ધરે ?

ચાતક શાને ધ્યાન ધરે?
સમજી કોણ શકે ઉર એનું,
તપ કાં તીવ્ર કરે? ... ચાતક.

નદી તેમ ઝરણાંનું જળ છે,
તોય ન ચંચુ ભરે;
ઉદધિ ઉછાળા મારે મોટો,
ચિત્ત ન તોય ચળે ... ચાતક.

કમી નથી કૈં જળની જગમાં,
પય પણ ખૂબ મળે;
રસ છે બીજા ખરે અનેરા,
તોય તૃષા ન ટળે ... ચાતક.

ઘાયલ મન ના માને ક્યાંયે,
સ્વાદ ન લેશ મળે;
આતુર આંખ તલસતી વ્યોમે
વારંવાર ફરે ... ચાતક.

પ્રીત પુરાણી ભરી પ્રાણમાં,
'પાગલ' કેમ મરે;
સુધા શુષ્ક છે, જીવન જડિયું
તેનું જલદ જલે ! ... ચાતક.

* * *

## ૧૫૫. ઉછળે ચારેપાસ તરંગ

ઉછળે ચારેપાસ તરંગ !
તોયે ધ્યાન થાય ના ભંગ !

શાંત બને અંતર ઊઠેલો કેમે નહીં અનંગ,
સ્વાદ શમે કેમે ના મનનો, મળે ન આખર રંગ ... ઉછળે.

વ્યોમ વિહાર કરે વૃત્તિનાં રોજે વિવિધ વિહંગ;
અંતર ઉછળે સાગર જેવું કરવા પૂર્ણ ઉમંગ ... ઉછળે.

સંગ સનાતન જેવો તો પણ મન છે છેક અસંગ;
પ્રાણ ન બંધાયે કોઈથી, કરે ન કોઈ રંગ ... ઉછળે.

રહસ્યમય ને જટિલ બન્યો છે સાચે જીવનજંગ;
અંતર અનુરાગેભર ગાયે દિન તે રાત અભંગ ... ઉછળે.

સ્વાતિબિંદુ વરસે એવામાં, મળે મીનને રંગ;
ઝીલી લે ને જાય જળમહીં, થાય પ્રફુલ્લિત અંગ !.. ઉછળે.

'પાગલ' કવિ એ જાણી કે' છે, હો ન ધ્યાનનો ભંગ,
જે ઝંખે તે જરૂર પામે, અંતે રસની ગંગ ! ... ઉછળે.

* * *

## ૧૫૯. જોજે ધીરજનો ભંગ કદી થાય ના !

જોજે ધીરજનો ભંગ કદી થાય ના !
આશા ન તૂટે ને શ્રદ્ધા ન ખૂટે,
હિંમતનો રંગ કદી જાય ના !
જોજે ધીરજનો ભંગ કદી થાય ના !

જંગ જોઈ ડરી જાય, દર્દથી ડગે જે,
પીડાથી પ્રજળે ને ઘા ના સહે જે,
તેનાં બંધન શેં જાય, જીત કદી થાય ના !
જોજે ધીરજનો ભંગ કદી થાય ના !

સંકટથી જે ડરે તે જવાંમર્દ શાનો ?
આહ ભરીને મરે તે નામર્દ માનો;
જોજે ઓછો ઉમંગ કદી થાય ના.
જોજે ધીરજનો ભંગ કદી થાય ના !

હર્ષ તેમ રોદન તો જીવનનાં સાથી,
આશા નિરાશા છે તેવાં સંગાથી;
જુસ્સો તેને જોઈને કદી જાય ના.
જોજે ધીરજનો ભંગ કદી થાય ના !

કર્મ જે અખંડ કરે પામે ના શું તે ?
તેને અશક્ય એવું અવનીમાં શું છે ?
ભાગ્યની રેખાથી તે ડરી જાય ના.
જોજે ધીરજનો ભંગ કદી થાય ના !

'પાગલ' કે' ધીરજથી ધપતા જે આગે,
નિદ્રા છોડીને સવેળા તે જાગે;
કીધાં કર્મો મિથ્યા કદી થાય ના.
જોજે ધીરજનો ભંગ કદી થાય ના !

* * *

## ૧૫૭. જીવન છેક જ દુઃખભર્યું

જીવન છેક જ દુઃખભર્યું !
અશાંતિનું ઘર, કટુતાથી ભર, કાયમ ક્લેશભર્યું ! ... જીવન.

ક્યાંક વેદના, તાપ તપે છે, બીજે પર્વ થયું;
હર્ષશોક ને વિરહમિલનને ઝૂલે ઝૂલી રહ્યું ! ... જીવન.

છતાં માનવી મદમાં ડૂબે, સહન કરે સઘળું;
શરણ તમારું ના સ્વીકારે શાશ્વત શાંતિભર્યું ! ... જીવન.

ચારુ તમારા ચરણોમાં છે જેણે સ્વર્ગ ગણ્યું;
કૃપા તમારી પ્રાપ્ત કરી છે તેનું ભાગ્ય ફર્યું ... જીવન.

રંક રાય છે થયા, પતિતને પાવન ધામ મળ્યું;
સર્વ પ્રકારે સુખ પામ્યા તે, દળદર દૈન્ય ટળ્યું ! ... જીવન.

પ્રેમ તમારો જીવનરણમાં અમૃતપાત્ર ભર્યું;
ચાખી લીધું જેણે તેનું કારજ સકળ સર્યું ! ... જીવન.

'પાગલ' કહે અચંબો ભારી, તમને સહુ વિસર્યું;
જગત બનત નહિ તો સુખમય આ, સાચેસાચ કહ્યું ! .. જીવન.

* * *

## ૧૫૮. કૃપા વિના ના તરે, માનવી

કૃપા વિના ના તરે, માનવી કૃપા વિના ના તરે !
કોટિ ઉપાયો કરે, માનવી કૃપા વિના ના તરે !

સાધનસાગર ભીષણ ઉછળે, ઘોર ગર્જના કરે;
એકલ હાથે, એને નાથે, કોઈ કેમ તરે ? ... માનવી.

અહંકારમાં મત્ત બને તે અથડાઈને મરે;
મમતા મદમાં મગન બન્યાને કેમ કિનારો મળે ? ... માનવી.

નાવ ગમે તેવું હો તોયે હેતુ ન તેથી સરે;
નાવિક હાથે સલામત બને બહાર ને નીકળે ... માનવી.

જ્ઞાન યોગના સાધનથી ના પ્રાણપિપાસા ટળે;
કૃપા કરો તો નિસ્સાધનને ઉત્તમ પદવી મળે ... માનવી.

જ્ઞાની યોગી ભક્ત થયો ના તેથી તો હું ખરે;
શરણાગત બાલક છું બનિયો, પ્રાણ પુકાર કરે ... માનવી.

માત બની પ્રેમે તારો તો 'પાગલ' બાલક તરે;
મારો તો જ મહાન મહારો વિરહાસુર મરે ... માનવી.

* * *

## ૧૫૯. જાય ના મનડું તમોને મૂકીને ક્યાંયે

જાય ના મનડું તમોને મૂકીને ક્યાંયે,
સુએ ના સંસારના કો' વિષયની છાંયે;
તમારા દિનરાત પ્રેમપિયૂષમાં ન્હાયે,
જાય ના મનડું તમોને મૂકીને ક્યાંયે !

તમારી લીલા નિહાળે, સાંભળે, ગાયે,
તમારાં ચરણો તજીને પ્રાણ ના જાયે;
પ્રીત એવી થઈ, પ્રતિદિન પ્રબળ તે થાયે;
જાય ના મનડું તમોને મૂકીને ક્યાંયે !

તમારી આરાધના ઉરમાં અખંડ થતી;
થઈ ખૂબ વિશાળ જે અંકુર સમાન હતી;
તમારા રસમાં રમીને જિંદગી જાયે;
જાય ના મનડું તમોને મૂકીને ક્યાંયે !

મળીએ ક્યારે ઉભય, ઉત્સવ વળી થાયે,
પ્રાણ 'પાગલ' પ્રેમપ્યાલી પી વળી પાયે !
યોગ્ય લાગે તે કરો, આવો તરત સહાયે;
જાય ના મનડું તમોને મૂકીને ક્યાંયે !

* * *

## ૧૬૦. એવરેસ્ટથકી ઊંચા એકાકી શિખરે તમે

એવરેસ્ટથકી ઊંચા એકાકી શિખરે તમે,
સમાધિમગ્ન બેઠાં છો; વાયુ જ્યાં મધુરો રમે.
હિમપર્વતમાં વ્યાપી શાંતિ સર્વત્ર શીત જ્યાં,
પદ્મશાં લોચનો બીડી બેઠાં છો આત્મલીન ત્યાં.

ત્યાં આવતી આતુર એક કન્યા,
વિષાદમાં મગ્ન છતાંય ધન્યા;
ભેટી પડે તે તમને ત્વરાથી,
સંતાનની સ્નેહભરી અદાથી !

ઉઘડે આંખ ને ઢાળે અમીધારા અનંત ત્યાં;
ઉચ્ચારો વચનો મીઠાં તમે ભાવભરેલ શાં !
શબ્દસંગીતગંગાના રૂપમાં પ્રકટી તમે,
કન્યાની સાથ ચાલો છો પીગળી પ્રેમથી તમે.

પ્રસન્નતા પ્રકૃતિ આજ ધારે,
પૃથ્વી વળી આરતિ શી ઉતારે !
દિશા બધી હર્ષથકી ભરાયે,
ને પ્રેમથી 'પાગલ'શી જણાયે !

શબ્દસંગીતગંગા હું તમારું જ સ્વરૂપ છું;
કન્યા પ્રીતિ-કરૂણા તે; ગૂઢ આમાં નથી કશું !
આકર્ષણથકી એના સ્વેચ્છાએ જન્મતાં જગે,
શ્વાસ સ્નેહભર્યો લો છો મારા રૂપે યુગેયુગે !

* * *

## ૧૬૧. પૂજે પ્રાણ મારો પ્રેમ

પૂજે પ્રાણ મારો પ્રેમ, કામના ધનની મને ના.
પામે પ્રાણ મારો પ્રેમ, કામના બીજી મને ના.

ભોગ તેમ વૈભવની ઝંખના મને ના,
સ્વર્ગનાં સુખોની વળી કલ્પના મને ના;
ઝંખું છું તમારી રે'મ, કામના બીજી મને ના.

ધર્મકર્મનાં રહસ્ય ના જરીય જાણું,
સાધન ને સાધ્યની વાત ના પિછાનું;
વાંચું વેદોને કેમ ? કામના બીજી મને ના.

જનમોજનમ ચહું ચરણોના રાગને,
બીજાને કાજ ક્યાં મનડામાં માગ છે ?
એક હો મારી નેમ, કામના બીજી મને ના.

'પાગલ' કે' પ્રેમનું ધન એક ન્યારું,
વરસો કૃપા, તમોને અંતરમાં ધારું;
જીવું જીવાડો તેમ, કામના બીજી મને ના.

* * *

## ૧૬૨. ચઢાવું બીલીપત્ર ના હું !

ચઢાવું બિલીપત્ર ના હું !

કોમળ પર્ણ કુસુમ કાં તોડું,
સાજ સજાવું શું !
જ્યાં પ્રકટ્યાં ત્યાં પૂજા કરતાં,
બધે વિરાજે તું ! ... ચઢાવું.

કોટિ કમળ શણગારું શાને,
સલિલમહીં છે તું;
ભંગ કરીને શોભા તારી
સુશોભિત કરું શું ? ... ચઢાવું.

જ્યાં ઊગ્યાં ત્યાં ચઢી ચુક્યાં છે,
ફરી ચઢાવું શું ?
વિમૂઢ મન ના કેમે માને,
વ્યર્થ મનાવું શું ? ... ચઢાવું.

તન મન અંતર ત્રણ પત્રોનો
અર્પણ પ્રાણ કરું;
'પાગલ' કહે પ્રેમ પ્રકટાવો
તે નૈવેદ્ય ધરું ! ... ચઢાવું.

* * *

## ૧૬૩. મળવા માટે મનોરથ કર્યો

મળવા માટે મનોરથ કર્યો હિંમત ખૂબ કરી,
સુધાછલેલું સ્વરૂપ જોવા હિંમત ખૂબ કરી !

સાહસ મહા કહો આ મારું, સ્વપ્ન વિરાટ વળી,
પંગુ ચહે પર્વત પર ચઢવા, વિશાળ સિંધુ તરી !

સ્વરૂપનું દર્શન કરવાની આવ્યો લગન લઈ,
ભાવોની શુભ સામગ્રીથી અંતરથાળ ભરી !

મને ખબર છે : દુર્ગુણનો ભંડાર ખરેખર હું,
અજ્ઞાની, ક્ષતિનો સાગર ને અલ્પશિરોમણી છું;

તમને મળવાની પણ આશાં ઉરમાં સહજ ભરી,
કેમે કરી ન રોકાયે તે, માનો વાત ખરી.

મિલન વિના બેચેન બન્યું મન, શાંતિ સમસ્ત ટળી,
મળો તમે તો મિલ્કત મોટી એને જાય મળી !

પ્રેમસ્વરૂપ પતિતપાવન છો, ખબર મળી મુજને,
ધીરજ ધારી મળવા તેથી આવ્યો મુક્ત મને.

'પાગલ' પૂજે પ્રાણ તમોને નિશદિન ભાવ ભરી,
અર્પણ કરતાં ગીત ચરણમાં માયા ગાઢ કરી !

* * *

## ૧૬૪. તાજું ફૂલ સુવાસિત એક

તાજું ફૂલ સુવાસિત એક.
ખીલ્યું મારે ઉપવન આજે
સૌન્દર્યભર્યું છેક : ... તાજું.

અમૃત રેલે પ્રતિદલમાંથી,
એમાં ના અતિરેક;
જીવન ફેલાવી દીધું છે
ઉપવન એણે છેક ... તાજું.

સૂર્યકિરણની સાથ રમે છે
ધરતાં રંગ અનેક;
પ્રસન્ન ઊભું પૂજા માટે
નેહભરેલું નેક ... તાજું.

માલિકનું મોંઘેરું મોતી,
પ્રાણ બરાબર છેક;
જોઈ જોઈ હરખે હૈયું
કરતાં કૈંક વિવેક ... તાજું.

એકલવાયું ધ્યાન ધરે છે
સતત નિભાવી ટેક;
'પાગલ' અપનાવી લો એને,
કરો તમારું એક ... તાજું.

* * *

## ૧૬૫. આજે મારી પૂરણ આશ કરો !

આજે મારી પૂરણ આશ કરો !
આજે મને અમૃતપાન ધરો !

રૂપ અલૌકિક પ્રકટ કરીને
મારો વિરહ હરો;
મંગલ મિલનમાધુરી મારે
રોમેરોમ ભરો ... આજે.

સૂર્યકિરણથી કમલદલોને
કેવો રંગ મળ્યો !
સ્પર્શ સુધામય પામી તેમજ
મારો શોક ટળો ! ... આજે.

નીતરતો અંતરમાં મારા
અભિનવ નેહ નરો;
સ્નાન કરીને આચમન લઈ
તેને ધન્ય કરો ... આજે.


જીવ મળે શિવને એ સાચો
જીવનહેતુ સરો;
'પાગલ' પૂનમ પ્રકટે તેમજ
પૂર્ણ પ્રકાશ કરો ! ... આજે.

* * *

**સમાપ્ત**

* * *

## શ્રી યોગેશ્વરજી - એક પરિચય



**(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)**

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયનને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી

સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, દસ ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્‌ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

* * * * *

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas)

**ગદ્યકાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite

**ગીતો** હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ ▪ પ્રેમસંગીત

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ)

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ અંતરનો અનુરાગ ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત

**મહાકાવ્યો** રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪

**પદ્યાનુવાદ** ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન

**પ્રવચનો** અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ

**પ્રસંગો** ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**પ્રવાસ** તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ

**વાર્તાઓ** રોશની

**નાટક** રામનું હૃદય

* * * * *

**For more information**
**on Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**